# અલંકારાદર્શ

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાત વિદ્યાસભા-શતાબ્દી ગ્રંથમાળા, મણકો ૨જો

આચાર્યશ્રી. વિહારીલાલ—સંગ્રથિત

# અલંકારાદર્શ

આદ્ય સંપાદક

સ્વ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ


સંપાદક

અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી (આંબળિયા)

ક્યુરેટર અને ગુજરાતીના અધ્યાપક,

શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન,

ગુજરાત વિદ્યાસભા — અમદાવાદ


ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક :
જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી,
ગુજરાત વિદ્યાસભા,
ભદ્ર, અમદાવાદ

નવીન આવૃત્તિ
પ્રત ૨૦૦૦

ઈ. સ. ૧૯૪૯
વિ. સં. ૨૦૦૫

કી. એક રૂપિયો

મુદ્રક :
ચતુરભાઈ શનાભાઈ પટેલ
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
મામાની હવેલી,
શાકમાર્કેટ, અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન

ગુજરાત વિદ્યાસભાની શતાબ્દી ગ્રંથમાળાના ૧ લા મણુકા તરીકે, સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈનાં કાવ્યોમાંથી પસંદ કરેલાં કાવ્યોનો એક સંગ્રહ **દલપત-કાવ્ય-નવનીત** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે; એના પરિશિષ્ટ તરીકે આ **અલંકારાદર્શ** ગ્રંથ સળંગ પાનાંના આંકે છપાવેલો છે તે અભ્યાસકોને વધુ સરળતા થાય એ ઉદ્દેશથી સ્વતંત્ર પ્રસ્તાવના સાથે એ માળાના ૨ જા મણુકા તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ અપ્રાપ્ય ગ્રંથનું સંપાદન અર્વાચીન દષ્ટિએ તૈયાર કરી લેવામાં આવ્યું છે. આ ગ્રંથ નાગરી મુદ્રાક્ષરોમાં સુરતમાં ઈ. સ. ૧૮૯૪માં છપાયેલો હતો; પરંતુ ગ્રંથકાર તરીકે વડતાલના એ વખતના સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજનું નામ હોઈ જાણ્યે અજાણ્યે એને સાંપ્રદાયિક ગણી લેવામાં આવ્યો અને તેથી જ ગુજરાતમાં આવો, અલંકારશાસ્ત્રનો એક ઉપયોગી ગ્રંથ અધ્યયન અધ્યાપન-માંથી દૂર જ રહ્યો. મુખ્યત્વે અપ્પય દીક્ષિતના 'કુવલયાનંદ' એ નામના ખૂબ જાણીતા સંસ્કૃત ગ્રંથને આધારે સરળ ગુજરાતી છંદોમાં લક્ષણ અને લક્ષ્ય સાથે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આવો સર્વાંગપૂર્ણ પાઠ્યપુસ્તકની કોટિનો કોઈપણ બીજો ગ્રંથ ગુજરાતી ભાષામાં ખાસ જાણીતો નથી; તેથી આજ પંચાવન વર્ષ પછી આ અર્વાચીન ઢબે થતી એની પ્રસિદ્ધિ ગુજરાતી ભાષાના કાવ્યશાસ્ત્રના અભ્યાસમાં અવશ્ય ઉપકારક થશે એવી અમને શ્રદ્ધા છે.

કવીશ્વરનું **પિંગળ** જાણીતું છે. તેવો જ આ **અલંકારાદર્શ** ગ્રંથ પણ મહત્ત્વનો છે. એ વધુમાં વધુ પ્રચારમાં આવી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઉપકાર થાય, એવી ભાવનાએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ભદ્ર, અમદાવાદ — વિદ્યાબહેન ર. નીલકંઠ
તા. ૨૦-૭-'૪૯ — માનાર્હ મંત્રી, ગુજ. વિદ્યાસભા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

**કવીશ્વર દલપતરામનું** "દલપત પિંગળ" સુપ્રસિદ્ધ છે. અત્યાર સુધીમાં એની એક લાખ જેટલી મુદ્રિત નકલો ગુજરાતીમાં પ્રસરી ગઈ છે. એટલી તો સરળ રીતે છંદોનાં લક્ષણ અને લક્ષ્ય એ 'પિંગળ'માં આપવામાં આવ્યાં છે કે માત્ર થોડા જ માર્ગદર્શનથી છંદોનું આવશ્યક જ્ઞાન મેળવી શકાય છે. ગુજરાતીનો આ નવા યુગનો એવો ભાગ્યેજ કોઈ કાવ્યકાર હશે કે જેને છંદોના જ્ઞાન-સંપાદનમાં આ પિંગળનો લાભ લેવાનો સુયોગ ન મળ્યો હોય. 'પિંગળ'ના વિષયમાં સ્વ કવિ નર્મદાશંકરનો, હીરાચંદ કાનજીનો, અને સ્વ. રણછોડભાઈ ઉદયરામનો એમ ત્રણ પ્રયત્ન થયા છે. આ ત્રણેનો ઉપયોગ ગુજરાતનો વિદ્યાર્થી વ્યાપક રીતે કરી શક્યો જાણવામાં નથી. એ માન 'દલપત પિંગળ' જ લઈ જાય છે. એનું ગૌરવ જેમ સ્વ. કવીશ્વર દલપતરામને ફાળે જાય છે, તેટલું જ એમની ઉદારતાથી મળેલા હક્કે ગુજરાત વિદ્યાસભા (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી)-ને પણ જાય છે. આજે જ્યારે સભાને સો વર્ષ પૂરાં થયાં છે ત્યારે કવીશ્વરનું ઋણ ચૂકવવા સભાએ દલપતકાવ્યના બંને ભાગોમાંથી કાવ્યદૃષ્ટિએ વિશિષ્ટતા ધરાવતાં કાવ્યો પસંદ કરાવી 'દલપત-કાવ્ય–નવનીત' તરીકે પ્રસિદ્ધ કર્યાં છે. આ કાવ્યોની પસંદગીનું કાર્ય મારા તરફથી શરૂ હતું ત્યારે એમાં આવતા અલંકારોનાં ઉદાહરણ જોઈ ઘણાં વર્ષો પૂર્વે મારા વાંચવામાં આવેલો એક ગુજરાતી લક્ષ્ય–લક્ષણાન્વિત 'અલંકારાદર્શ' નામનો મુદ્રિત ગ્રંથ ફરી જોઇ જવાનું દિલ થયું. 'દલપત પિંગળ'ના અંત ભાગમાં કાવ્યશાસ્ત્રનાં થોડાં સૂચન સિવાય દલપતરામના નામથી કોઈ વિશિષ્ટ રચના અદ્યાપિ જાણવામાં આવેલી નહિ. આ ગ્રંથની પ્રસ્તાવના વાંચી તો એની નીચે "ક. દલપતરામ ડાહ્યાભાઈ"ની સહી જોઈ. "અલંકારાદર્શ"-ના આદ્ય સંપાદક તરીકે કવીશ્વરને જોતાં મને આનંદ થયો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"અલંકારાદર્શ" પૂર્વે વાંચેલો એના સંસ્કાર તાજા થયા અને એમ પણ થયું કે કવીશ્વરની અલંકારપદ્ધતિ જાણવી હોય તેણે "અલંકારાદર્શ"નું અધ્યયન અવશ્ય કરવું જોઈયે. બેશક લક્ષ્યો= ઉદાહરણો સર્વજ મોટે ભાગે સ્વામિનાયાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના વર્ણનમાં રચાયેલાં છે. કદાચ આ જ કારણે ગ્રંથ સાંપ્રદાયિક ગણાઈ ગયો છે અને તેથીજ અધ્યાપન-અધ્યયનમાં આવતો અટકી ગયો છે. કાવ્યશાસ્ત્રના અભ્યાસવિષયમાં ગુજરાતમાં સ્વતંત્ર દૃષ્ટિએ તો અલ્પાદર જ ગણાય. બી. એ. ના સંસ્કૃતના અભ્યાસમાં કાવ્યશાસ્ત્રનો જે કોઈ ગ્રંથ ભણવામાં આવે છે તેના જ આધારે મોટે ભાગે આપણે ત્યાં જે કાંઈ થોડું પણ કાવ્યશાસ્ત્રનું જ્ઞાન છે તે મળેલું છે. સ્વ. નર્મદાશંકરે છંદ રસ અને અલંકારો ઉપર પ્રકરણ લખેલાં; સ્વ. છોટાલાલ નરભેરામનો રસ ઉપર ગ્રંથ લખાયેલો; તો સ્વ. કવિ નથુરામ સુંદરજીના નાટ્યશાસ્ત્રના અને કાવ્યશાસ્ત્રના બેઉ ગ્રંથ પ્રસિદ્ધ થયેલા. સ્વ. કવિ સવિતાનારાયણે પણ કુવલયાનંદને આધારે ગુજરાતીમાં સ્વતંત્ર રીતે "અલંકાર-ચંદ્રિકા" આપેલી; પણ આ દિશામાં ખાસ કરી યુનિવર્સિટીના અભ્યાસક્રમ નક્કી કરનારા વિદ્વાનોની ઉપેક્ષાવૃત્તિ જ રહી છે; તેથી આ ગ્રંથો બધા લગભગ અંધારામાં જ રહ્યા. "અલંકારાદર્શ" તો વિશેષે કરી સાંપ્રદાયિકતાના હાઉએ પણ ઉપેક્ષિત થયો. આ છેલ્લો ગ્રંથ તો છંદોબદ્ધ હોઇ 'દલપત-પિંગળ'ની જેમ જ યાદ કરવો સરળ થઈ પડે તેવો નાજુક છે. એના વ્યવસ્થિત અભ્યાસથી "કુવલયાનંદ"માં રજૂ થયેલા અલંકારોનુ જ્ઞાન હસ્તામલકવત્ થઈ જાય એમ છે; માટે જ આ લુપ્ત થતા ગ્રંથને એ. ઈ. સ. ૧૮૯૪માં છપાયેલો હતો તે પછી આજ પંચાવન વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આજથી પચીસેક વર્ષો ઉપર માંગરોળમાં મારા સહાધ્યાયી અને મિત્ર સાધુ ગોમતીદાસજી મથુરાદાસજી પાસે મેં આ 'અલંકારાદર્શ'નાં દર્શન કરેલાં. એમણે મને પિંગળને રાહે તો ચડાવ્યો હતો, જેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફલસ્વરૂપે મારા તરફથી "વૃત્તમંજરી" તૈયાર થઈ અને પછીથી ટુકડે ટુકડે સને ૧૯૨૮માં એ "બુદ્ધિપ્રકાશ"માં છપાઈ પણ ગઈ. કાવ્યશાસ્ત્રના અભ્યાસનો શોખ પણ શ્રી. ગોમતીદાસજીને કારણે મને થયો. મારી ૧૮ વર્ષની વયે મારામાં કાવ્યશાસ્ત્રના અભ્યાસને ઝીલવાની શક્તિ કેટલી હોઈ શકે એ મારા ધ્યાનની બહાર નહોતું; છતાં સંસ્કૃત અને ગુજરાતી ગ્રંથો વાંચવાનો યોગ મળ્યો ને વસાવવા પણ મંડયો. મારા આ આરંભકાળમાં પણ "અલંકારાદર્શ" વાંચી મને થયેલું કે ગુજરાતી ભાષામાં આવો સરળ છતાં સમૃદ્ધ ગ્રંથ બીજો થયો નથી જ. એ સમયે મને કવીશ્વર દલપતરામનો 'અલંકારાદર્શ'ની રચનામાં હાથ હોવાની શંકા ખડી થયેલી; અને આ વર્ષે એનું સંપાદન કર્યા પછી શંકા દઢમૂળ થઈ છે. એ ગમે તેમ હો, પણ કવીશ્વર દલપતરામની અલંકારપદ્ધતિ સમઝવા માટે, એમનાં શાસ્ત્રશુદ્ધ અલંકારપૂર્ણ કાવ્યોનો આસ્વાદ લેવાને માટે "અલંકારાદર્શ" વાંચવો-ભણવો આવશ્યક લાગે છે; અને એ માટે પ્રચારમાંથી તદ્દન લુપ્ત અથવા ગુપ્ત રહેલા ગ્રંથને 'દલપત-કાવ્ય—નવનીત'ના પરિશિષ્ટ તરીકે આપવાનું મને યોગ્ય લાગ્યું છે. અક્ષરધામવાસી આચાર્યશ્રી વિહારીલાલજીએ કવીશ્વરને બોલાવી "શ્રીહરિલીલામૃત" જેવા વિશાળ ગ્રંથની રચના કરાવી, તે સાથેસાથ 'અલંકારાદર્શ'નો પણ પ્રાદુર્ભાવ થયો. આ પવિત્ર કાર્યમાં આચાર્યશ્રીનો જ હાથ હતો, અને બેશક, સ્વામિનારાયણ સંપ્રદાયનાં બાઈ ભાઈ સાધુ સંતો અલંકારશાસ્ત્રનો સરળતાથી અભ્યાસ કરી શકે એવા ઉચ્ચ ધ્યેયથી "અલંકારાદર્શ" રચાયો હતો, છતાં જે સેવા થઈ તે તો એટલી પ્રબળ થઇ કે આવો સુંદર અલંકારશાસ્ત્રનો ગ્રંથ મળ્યો. અને ગુજરાતી જનતા સમક્ષ ફરીવાર આટલા પંચાવન વર્ષોના મોટા ગાળા પછી પણ રજૂ કરવાનો યોગ મળે છે તે એ પૂજ્ય આચાર્યશ્રીના જ પ્રશસ્ય પ્રયત્નોનું જ શુભ ફળ છે. આનો ટૂંકો ઇતિહાસ સ્વ. કવીશ્વર નાનાલાલભાઇએ 'કવીશ્વર દલપતરામ'—ભાગ ૩ જા માં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યો છે તે અહીં જાણી લઈયે તો અયોગ્ય નહિ ગણાયઃ–

"ઈસ્વી ૧૮૯૩ના ભાદ્રપદની શ્રાદ્ધપંચમીએ દલપત-જીવનના "ધર્મયજ્ઞરૂપ હરિલીલામૃત ગ્રન્થની પૂર્ણાહુતિ ઉજવાઈ. × × ×, "ગ્રન્થ તો પૂરો થયો, પણ બિહારીલાલજી મહારાજને કવિતારસ "જેટલો જ કવિસત્સંગ ગમતો. × × તેથી આચાર્યશ્રીને કવિસત્સંગ "છોડવે ભારે મનદુઃખ થતું. એટલે મહાગ્રન્થની કાવ્યસમાપ્તિએ "અન્ય ન્હાના ગ્રન્થોની કાવ્યરચનાઓ પ્રગટી નીકળી. પ્રથમ રચ્યો "ફારબસવિલાસ–શૈલીનો વિહારીવિનોદ. પછી રચ્યો અલંકારાદર્શ. "ત્યાગી કાવ્ય–શિષ્યોએ આચાર્યશ્રીને વિનંતિ કીધી કે અલંકાર-"ગ્રન્થોમાં ઉદાહરણો બહુધા શૃંગાર રસનાં હોય છે એટલે ત્યાગી "ઓને રસ અલંકારનું અધ્યયન અધ્યાપન દુર્ગમ થાય છે. માટે "ત્યાગીસુલભ રસાલંકાર ગ્રન્થ હોય તો ત્યાગી ભેખધારીને સરળતા "થ.ય. અલંકારાદર્શનો ગ્રન્થ સુરતમાં છપાયો છે. પછી આરં-"ભાયો વડતાલગાદીપતિ ધર્મધુરન્ધરોની ધર્મપ્રવૃત્તિઓ વર્ણવતો "આચાર્ય-અભ્યુદય ગ્રન્થ. પણ કાળનાં નિર્માણ નિરાળાં હતાં. "આચાર્યશ્રી બિહારીલાલજી અકાળે અક્ષરવાસી થયે એ ગ્રન્થ "અધૂરો રહ્યો.

"એમ હરિલીલામૃતના વડલા ફરતી વડવાઈઓ ફૂટી હતી."*

આ રીતે ૭૪ મા વર્ષ સુધીમાં હરિલીલામૃત પૂર્ણ થયું અને પછી વિહારીલાલજીને હાથે રચનાઓ થઈ તેમાં "અલંકારાદર્શ" ગણાવાયો છે. મને મળેલી નકલનું અંદરનું મુખપૃષ્ઠ ફાટી ગયું છે; બીજેથી બીજી નકલ મેળવી શકાઈ નથી, એટલે મુખપૃષ્ઠ ઉપર શું છે એ જાણવું અત્યારે તો મુશ્કેલ છે; પણ સદ્‌ભાગ્યે 'પ્રસ્તાવના' સચવાઈ રહી છે. એ "અલંકારાદર્શ"ના કર્તૃત્વના વિષયમાં નિર્ણય લાવવામાં ઉપયોગી હોવાથી અહીં અક્ષરશઃ ઉતારું છુંઃ

*કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો, પૃ. ૨૦૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અલંકારાદર્શની પ્રસ્તાવના

(૧) " અલંકાર એટલે શણગાર. હરેક વસ્તુને શણગારવાથી
" તે મનોરંજન થાય છે. હાંડી, તખ્તા, ઝુમર આદિક ઘરનો શણ
" ગાર છે. વસ્ત્ર, આભૂષણ આદિક માણસના શરીરનો શણગાર છે.
" તેમ વાણીને શોભાવાના ઉપમા આદિક કેટલાએક અલંકાર છે.
" બાળક જેવાની વાતોમાં અલંકાર આવતા નથી, પણ વિદ્વાનોની
" વાણીમાં રૂપકાલંકાર, ઉપમાલંકાર, ઉત્પ્રેક્ષાલંકાર આદિક ઘણા
" અલંકારો આવે છે. પરમેશ્વરે કોઈ કોઈ માણસમાં તો ભાષણ
" કરવાની એવી શક્તિ મુકેલી હોય છે કે તે સાંભળીને સાંભળનારનાં
" મન બહુ રંજન થાય છે, અને તેને વધારે વધારે સાંભળવાની
" ઇચ્છા થાય છે. ધર્મનો ઉપદેશ કરવામાં પણ અલંકારિક વાણીથી
" માણસનાં મન પલળી જાય છે, અને સંસારનો ત્યાગ કરીને તે
" ચાલી નીકળે છે. ગમે તેવો ઉદાશી માણસ હોય તે પણ
" અલંકારિક વાત સાંભળીને પોતાનું દુઃખ વીસારી મુકે છે. પર
" મેશ્વરની ભક્તિ પણ અલંકારિક વાણીથી કરવાથી વધારે પ્રેમ
" ઉપજે છે.

(૨) " શ્રીજી મહારાજે બાઈભાઇ આદિક સૌના સાધારણ ધર્મ
" શિક્ષાપત્રીમાં લખ્યા છે તેમાં સૌને નિત્યકર્મનો પાંસઠમો શ્લોક
" લખ્યો છે. તેમાં કહ્યું છે કે

શ્લોક

" प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
" संस्कृतप्राकृतग्रंथाभ्यासश्चापि यथामति ॥ ६५

" અર્થ—આગળ કહ્યા પ્રમાણે અમારા આશ્રીત બાઈભાઈ
" નાનાંમોટાં સર્વેએ નિત્યકર્મ કરવું. અને પોતાની બુદ્ધિ પ્રમાણે
" સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ પણ રોજ કરવો. એવી
" શ્રીજી મહારાજની આજ્ઞા છે. માટે ભગવાનની ભક્તિ અલંકાર
" સહિત વાણી વડે કરવા સારૂ આ ગ્રંથ પણ સૌને અભ્યાસ કરવા
" યોગ્ય છે. તથા ઉદ્ધવ સંપ્રદાયના બીજા ગ્રંથો વાંચતાં પણ આ
" ઠેકાણે કયો અલંકાર છે તે આ ગ્રંથ ભણવાથી સમજાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) " માટે ભાઈ તથા બાઈ, ગૃહસ્થાશ્રમી તથા ત્યાગી, સૌને
" વાણીના અલંકાર જાણવાની ઘણી જરૂર છે. ગદ્ય કવિતા અને
" પદ્ય કવિતા એ બેય પ્રકારની કવિતા અલંકારથી વધારે શોભે છે.
" અલંકાર વગરની હોય તે નગ્ન કવિતા કહેવાય છે. કવિપ્રિયામાં
" કેશવદાસ કવિએ કહ્યું છે કે—

દોહા

" जदपी सुजाति सुलछनी, वहु विवेक वित चित्त ॥
"भूषन बिन न विराजहि, कविता वनिता मीत ॥ १ ॥

" અર્થ—હે મિત્ર કવિતા અને વનિતા જો સારી જાતની હોય,
" સારા લક્ષણવાળી હોય અને બહુ વિવેક જાણનારી ચિત્તમાં હોય
" પણ અલંકાર વિના શોભે નહીં.

(૪) " આપણા દેશમાં પ્રાચીન મત અને અર્વાચીન મત એવા
" બે પ્રકારના મતના અલંકારના ગ્રંથો છે. કાવ્યપ્રકાશ આદિક
" કેટલાએક ગ્રંથો પ્રાચીન મતના છે. તે ઉપરથી કેશવદાસ કવિએ
" વ્રજ ભાષામાં કવિપ્રિયા બનાવી છે; અને સંસ્કૃતમાં જયદેવ
" કવિએ ચંદ્રાલોક ગ્રંથ કર્યો તે અર્વાચીન મતનો ગણાય છે. તે
" ઉપરથી અપ્પયદિક્ષિતે કુવલાયનંદ ગ્રંથ કર્યો. તે ઉપરથી વ્રજ ભાષામાં
" ભાષાભૂષણ, અલંકારરત્નાકર આદીક કેટલાએક ગ્રંથો થયા છે.
" તે ગ્રંથોમાં ઘણું કરીને નિર્લજ ઉદાહરણો આપેલાં છે. માટે
" ત્યાગી પુરુષોને કે નીતિમાન પુરુષોને તે ઉદાહરણો સાંભળવાં
" ગમતાં નથી; કેમકે કેટલાંએક ઉદાહરણો તો દુરાચરણનાં છે.
" માટે આ સમયમાં ધર્મનું સ્થાપન કરવાને પ્રગટ થએલા શ્રી-
" સ્વામીનારાયણની શ્રીલક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્યવર્ય
" શ્રીવિહારીલાલજી મહારાજની કેટલાએક શિષ્યોએ પ્રાર્થના કર-
" વાથી તે વિદ્વાન મહારાજાએ ગુજરાતી ભાષામાં અલંકારદર્શ
" નામનો ગ્રંથ રચ્યો; કેમકે બાઈ ભાઇ આદિક સર્વેને ભણતાં
" સુગમ પડે.

(૫) " તે વિદ્વાન મહારાજાએ પોતાના સંપ્રદાયની પુષ્ટિના
" કેટલાએક સંસ્કૃત તથા ભાષાના ગ્રંથો રચેલા છે; અને કેટલાએક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" સંસ્કૃત ગ્રંથોની ટીકાઓ કરી છે; અને કવિતાનો શોખ ઘણો છે;
" હજારો રુપીયા ખરચીને પ્રતિષ્ઠામખ આદિક મોટા યજ્ઞ કરેલા છે;
" વરતાલમાં ગોમતીજીનો ઘાટ સારા પથ્થરથી બંધાવ્યો છે અને
" સ્વમત તથા પરમતના વિદ્વાનોનું સન્માન કરે છે.

(૬) " ઘણું કરીને આ ગ્રંથ રચવામાં કુવળયાનંદ ગ્રંથનો
" આધાર રાખ્યો છે; તથા વૃજભાષાનો અલંકારરત્નાકર જે મેવાડના
" ઉદેપુરમાં છપાએલો છે તે તથા કાશીમાં છપાએલો ટીકા સહીત
" કવિપ્રિયા ગ્રંથ તથા ચમત્કારચંદ્રિકા આદિક ગ્રંથો પાસે રાખ્યા
" હતા. અપ્પ્ય દિક્ષિતે લખ્યું છે કે પ્રાચીન પંડિતોના મત તથા
" અર્વાચીન પંડિતોના મત સારી પેઠે તપાસીને આ સો અલંકાર
" મેં નીરુપણ કર્યાં છે. મતલબ કે પ્રાચીન ને અર્વાચીન મતમાં
" જેટલા અલંકાર છે તેમાંનો એકે અલંકાર મેં પડયો મુકયો નથી.
" તેમ છતાં વૃજભાષાના કોઇ કોઇ કવિએ પ્રાચીન મતમાં એકવીસ
" પ્રકારના ઉપમાલંકાર કહ્યા છે, તેમાંથી માળોપમા સંશયોપમા,
" નિર્ણયોપમા, એવા ભેદ પોતાના ગ્રંથમાં દાખલ કરેલા છે, પણ
" વિચારી જોતાં તે અલંકાર નામાંતર કરીને કુવળયાનંદમાં દાખલ
" કરેલા જણાય છે. તે માટે અમે આ ગ્રંથમાં માળોપમા આદિક
" પ્રાચીન મતના અલંકાર દાખલ કર્યાં નથી. રસવદ્ આદિક બીજા
" પંદર અલંકાર બીજા ભાગમાં છે; તેમાં નવરસનું નીરુપણ કરેલું
" છે. ત્યારપછી સંકરાલંકાર એટલે મિશ્રીત અલંકારનું પ્રકરણ છે.
" તે પછી ત્રીજા ભાગમાં અનુપ્રાસાદિક શબ્દાલંકાર બતાવ્યા છે.
" તે પછી થોડાક ચિત્રાલંકાર પણ દાખલ કર્યાં છે.

(૭) " આદર્શ એટલે દર્પણ, જેમ કપાળમાં તિલક આદિક
" અલંકાર કરીને દર્પણમાં મેળવી જોવાય છે, તેમ વાણીનો અલંકાર
" હોય તે આ ગ્રંથમાં મેળવી જોવાય; માટે આ ગ્રંથનું નામ અલં-
" કારાદર્શ રાખ્યું છે.

(૮) " બાપ પોતાની દીકરીને ભણાવી શકે તથા ભાઈ પોતાની
" બેનને ભણાવી શકે એવો આ ગ્રંથ છે.

(૯) " આ ગ્રંથ રચવામાં શાસ્ત્રી કુંજવિહારીદાસજી તથા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" વરતાલની સંસ્કૃત શાળાના અધ્યક્ષ પુરાણી પિતાંબર પ્રેમજી
" રહીશ ગામ ગણુાના અને પુરાણી કેશવપ્રસાદજીએ સહાયતા કરી છે.
" ગ્રંથ તૈયાર થયા પછી કેટલાએક વિદ્વાન સંતોએ તપાશીને ગ્રંથ
" પ્રમાણ કર્યો છે. તેમજ શ્રીમંત ગાયકવાડ સરકારના નામાંહિત
" શાસ્ત્રી બદ્રીનાયજીએ તે ગ્રંથ અથથી ઇતી સુધી તપાશીને સારો
" અભિપ્રાય આપ્યો છે. તો પણ કોઈ ઠેકાણે ભૂલ રહી ગઇ હોય
" તો વિદ્વાનોએ ક્ષમા કરવી.

લી૦

'કવિ દલપતરામ ડાહ્યાભાઇ"

આ પ્રસ્તાવના નિર્વિવાદ કવીશ્વર દલપતરામે લખી છે, એની ખાતરી નીચે સહીથી સ્પષ્ટ છે. 'અલંકારાદર્શ'ની રચના શ્રીવિહારીલાલજી મહારાજે કરી હોવાનું કવીશ્વર પ્રસ્તાવનાના ૪ થા ખંડમાં લખે છે; પણ ૬ ઠ્ઠા ખંડમાં માલોપમા વગેરેને મૂકી દેવાની વિગતમાં "તે માટે અમે...દાખલ કર્યાં નથી" એમ કહે છે. અહીં 'અમે'થી શું સમઝવું? શ્રીવિહારીલાલજીએ છોડી દીધા હોય તો 'આચાર્યશ્રીએ' કે એવો કોઈ શબ્દ મૂકવો જોઇયે. આ વાક્ય વાંચતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે આ કૃતિમાં કવીશ્વરનો હાથ છે? "અમે"થી 'આચાર્યશ્રી' અને 'કવીશ્વર' એમ બેઉનું સાહચર્ય તો સ્પષ્ટ સમઝી શકાય એમ છે.

પ્રસ્તાવનામાં જેમ 'અમે'થી કવીશ્વરના કર્તૃત્વ તરફ દૃષ્ટિ ખેંચાય છે તેવી જ દૃષ્ટિ 'અલંકારાદર્શ' ગ્રંથમાં આવતા "ઊંટ કહે : આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં (પૃ. ૨૮૭)" એ કવિત મનહર તરફ જાય છે. દલપતકાવ્ય-ભાગ ૨ જામાં આવતા 'ફાર્બસ-વિલાસ'ના ૫ મા અંકમાં પાતાભાઇના મુખમાં 'અપ્રસ્તુતપ્રશંસા' અલંકારના ઉદાહરણ તરીકે એ કવિત મૂક્યું છે. બંને વચ્ચે જે કાંઈ અંતર છે તે છેલ્લા ચરણમાં "સુણી એક શુક કહે : સુણો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભલા ઊંટ ભાઈ" ને બદલે "સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ" આટલું જ. બેઉ સ્થળે એવો નિર્દેશ નથી કે આ ઉદાહરણ કયાંય અન્યથી લીધું છે; બંને સ્થળે સ્વકીય કૃતિ તરીકે જ એ મળે છે. અને પછીનામાં તો સર્વસામાન્ય પદ્ધતિની 'દાખે દલપતરામ' છાપ છે. શ્રીવિહારીલાલજીએ દલપતરામનું આ કવિત લઇ આ પાઠ ફેરવી પોતાના તરીકે ચલાવ્યું એમ માનવું વાજબી છે ખરું ?

છંદભેદથી એક બીજું ઉદાહરણ મળે છે :

"કહે જાનકી : કયાં હવે મળશે દશરથલાલ ?
રાતા રથ દશ શું કરીશ? એક અપાયું હાલ. ૪૮૮"

જ્યારે 'ફાર્બસવિલાસ'ના અંક ૧૨ મામાં નીચે પ્રમાણે છે :

"અરે દશરથલાલ મળશે ત્યાં મન હવે
તજ વિના મારૂં મુખ ઉદાસી અપાર છે:
એક લાલ રથ બસ દસ રથ શું કરીશ,
તજ સાટે મરી આપે તેમાં ગુણ સાર છે.××૧૧૭"

આવું જ એક કવિત કેટલાક પાઠભેદે મળે છે :

"ઘોડી કહે જે મને ઘણા ઘણા- જુગ થયા,
કૌરવને પાંડવ તો કાલે થઇ ગયા છે;
રામ ને રાવણ લડયા તે મારી નજરે તરે,
થંભમાંથી નરસિંહ હમણાં જ થયા છે;
સુર ને અસુર મળી સાગર વલોવ્યો તેના
ધમકારા ઘણા મારે કાને વાગી રહ્યા છે;
ભાગ્ય આકું જોડાવી તો આવું તારી સાથે આજ,
પાળજે મને જો તારા દિલમાંહી દયા છે. ૪૯૧"

જ્યારે એ જ રીતે ભાવિક અલંકારના ઉદાહરણ તરીકે 'ફાર્બસ-વિલાસ'ના અંક ૧૧ માને અંતે બીજા ચરણથી પાઠ જુદો—

"રાવણને રામના સંગ્રામમાં હું સાથે હતી,
રઘુ રાજા મારી આંખ આગળ જ થયા છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાગર વલોવ્યો તે તો સાંભરે છે સર્વ મને,
દેવ તથા દૈત તો નજરે તરી રહ્યા છે;
જોડાવીને લાવ ગાડી, બેશી બંને જણા જઈયે,
પ્રતિદિન પાળજે જો દિલમાંહી દયા છે. ૧૭૫"

ચિત્રોત્તરના બીજા ભેદ તરીકે વળી એક દોહરો આવે છે:

"કણબી ઘોડો ખાટલો નિશાળિયે સરદાર,
શોભે કેવા હોય તે? ઉત્તર: પાટીદાર. ૪૬૨"

હવે જુઓ 'વિજયવિનોદ'માં (દ. કા. ભાગ ૨ જો):

"બેડૂ, ઘોડો, ખાટલો, નિશાળિયો, સરદાર;
સારા શોભે હોય જો, પંડે પાટીદાર. ૧"

વિવૃતોક્તિના ઉદાહરણમાં "દીવા નથી આ દરબાર માંય, અંધારું તો ઘોર ઘણું જણાય. ૪૭૩"નું "વિજયવિનોદ"ના "દિવાનથી દરબારમાં છે અંધારું ઘોર. ૧૨" સાથે અભેદત્વ છંદભેદે છે.

"વિજયવિનોદ"માં રત્નાવલી અલંકારનાં ઉદાહરણ આપ્યાં છે, ત્યાં સાતે વાર, પછી ઘોળકું, વડોદરું વગેરે છંદમાં ગોઠવ્યા છે, તેને મળતી જ રીતે 'અલંકારાદર્શ'માં રત્નાવળી અલંકારનાં ઉદાહરણોની રચના છે.

૨૨. કવિવર નાનાલાલભાઈએ "શ્રીહરિલીલામૃત" અને "અલંકારાદર્શ"ની રચનાનો ખ્યાલ આપતી કંડિકાઓ લખેલી છે તે આ પૂર્વે "પ્રસ્તાવના"ના શરૂના ખંડોમાં આપવામાં આવી છે. એમાંનાં કેટલાંક વાક્ય અર્થ માગી લે છે: "ગ્રન્થ તો પૂરો થયો, પણ બિહારીલાલજી મહારાજને કવિતારસ જેટલો જ કવિસત્સંગ ગમતો. × × × તેથી આચાર્યશ્રીને કવિસત્સંગ છોડવે ભારે મનદુઃખ થતું હતું. એટલે **મહાગ્રન્થની કાવ્યસમાપ્તિએ અન્ય ન્હાના ગ્રન્થોની કાવ્યરચનાઓ પ્રગટી નીકળી. પ્રથમ રચ્યો ફારબસ-વિલાસ-શૈલીનો વિહારીવિનોદ. પછી રચ્યો અલંકારાદર્શ**. × × × પછી આરંભાયો વડતાલગાદીપતિ ધર્મ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધુરન્ધરોની ધર્મપ્રવૃત્તિઓ વર્ણવતો આચાર્ય–અભ્યુદય ગ્રન્થ પણ કાલનાં નિર્માણ નિરાળાં હતાં. આચાર્યશ્રી બિહારીલાલજી અકાળે અક્ષરવાસી થયે એ ગ્રન્થ અધૂરો રહ્યો. **એમ હરિલીલામૃતના વડલા ફરતી વડવાઇઓ ફૂટી હતી.** "

કવિશ્રી કહે છે કે શ્રીહરિલીલામૃતની સમાપ્તિએ નાના ગ્રંથોની રચના થઈ એ વડલા ફરતી વડવાઇઓ જેવી હતી. અહીં શંકા ઊભી થઇ શકે છે કે શ્રીહરિલીલામૃત-રૂપી વડની રચના કરનારને હાથે નાના ગ્રંથો રૂપી વડવાઇઓની રચના થઈ કે વડની રચના કરાવનારને હાથે? કવિશ્રીની વાકયરચનાની સંગતિ જોતાં તો આમાં કયાંય દ્વિધાકર્તૃત્વ સમઝાતું નથી. "આચાર્યશ્રી બિહારીલાલજી અકાળે અક્ષરવાસી થયે" જે ગ્રંથ અધૂરો રહે છે તે "આચાર્ય–અભ્યુદય ગ્રંથ." એ રચના આચાર્યશ્રીની જ હતી એ આ વાકયમાંથી સ્પષ્ટ થઇ શકતું નથી. આપણે એમ પણ કહી શકિયે કે એ ગ્રંથની રચના આચાર્યશ્રી વતી કવીશ્વર કરતા હતા, પણ આચાર્યશ્રી અક્ષરધામવાસી થયે કવીશ્વરે અધૂરો મૂકયો. વસ્તુસ્થિતિએ કવીશ્વરની પણ ઉમર આ સમયે ૭૪–૭૫ વર્ષની હતી; એટલે અને વડતાલવાસ છોડવો પડયો એટલે જ "આચાર્ય--અભ્યુદય" અધૂરો રહ્યો તે રહ્યો જ. મને તો લાગે છે કે કવિવર નાનાલાલભાઈ આ વાત જાણતા હતા, અને તેથી જ વાકયરચના જ સંદિગ્ધ રૂપમાં રહે તેવી કરી છે.

કવીશ્વરને 'કુવલયાનંદ' તરફ આસક્તિ હતી, તેથી જ કુવલયાનંદને આધારે 'અલંકારાદર્શ'ની રચના થઈ છે. અહીં કવીશ્વરને કાવ્યશાસ્ત્રમાં તેમજ ભાષાજ્ઞાનમાં કેવી રીતે પ્રવેશ થયો એ વિશેની થોડી માહિતી આપવી ઠીક થઈ પડશે.

આપણે સારી રીતે જાણિયે છિયે કે કવીશ્વરે ગુજરાતી ભાષામાં વ્યવસ્થિત રીતે, શાસ્ત્રીય વ્યાખ્યાઓને ખ્યાલમાં રાખી અલંકારવાળી રચનાનો પ્રઘાત પાડયો. દલપત-કાવ્યના બંને ભાગોમાં એવાં સંખ્યાબંધ સ્થળ જોવા મળે છે કે જ્યાં નામ પાડી અલંકારોનાં ઉદાહરણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપવામાં આવ્યાં છે. આ પૂર્વે ગુજરાતી કવિઓમાં આ પદ્ધતિ જોવામાં ખાસ આવતી નથી. દલપતરામનું આ દિશામાં ધ્યાન ખેંચાયું એની પાછળ એમનો વ્રજભાષાની કવિતાનો વ્યવસ્થિત અભ્યાસ પણ કારણભૂત હતો. એમણે સને ૧૮૫૮ના 'બુદ્ધિપ્રકાશ'માં "ભૂજની કવિતાની શાળા" એ નામનો એક લેખ પ્રસિદ્ધ કર્યો હતો (પૃ. ૧૦૫-૧૦૬), તેમાં પિંગળ ઉપરાંત અલંકાર વગેરેના ગ્રંથોની પણ યાદી મળે છે જેમાં ભાષાભૂષણ વંશીધર કવિપ્રિયા રસિકરહસ્ય કાવ્યકુતૂહલ સુંદરશણગાર વગેરે ગ્રંથોનાં પણ એમણે નામ નોંધ્યા છે. બેશક, એઓ પોતે ભૂજ જઈ શકયા નહોતા કે ભૂજની શાળામાં વ્રજભાષાનાં કવ્યશાસ્ત્રોનો અભ્યાસ કરી શકયા નહોતા. એમને કાવ્ય-દીક્ષા તો ૧૪ વર્ષની ઉમરે સને ૧૮૩૪માં મૂળીમાં અક્ષરધામવાસી સ્વામીશ્રી દેવાનંદજી પાસેથી મળી હતી; અને સને ૧૮૩૪ થી ૧૮૪૧ સુધીમાં 'સળંગ નહિ પણ કટકે કટકે, દલપતરામ દેવાનંદ-સ્વામી પાસે ભણ્યા. × × × છન્દશૃંગાર નામનું પિંગળશાસ્ત્ર અને ભાષાભૂષણ નામનો અલંકારગ્રન્થ દેવાનંદ સ્વામી પાસે પ્રથમ દલપતરામ શીખ્યા.' ('કવીશ્વર દલપતરામ' ભાગ ૧ લો, પૃ. ૧૪૦). આ પછી કવીશ્વર 'કવિપ્રિયા' અને 'રસિકપ્રિયા' એ બેઉ ગ્રંથ મેળવી શકયા હતા: પહેલો ગ્રંથ મૂળીમાંથી કચ્છ-ભૂજ ભણી આવેલા ખેંગાર ગઢવી પાસેથી અને બીજો ગ્રંથ વઢવાણમાંથી એક ગોરજી પાસેથી. બંનેની કવીશ્વરે નકલો ઉતારી લીધેલી. આમ કવિનો કાવ્યસંસ્કાર વ્રજભાષાની કવિતામાંથી પોષણ પામ્યો. એમણે વ્રજ-ભાષામાં પણ કેટલીક રચના કરેલી છે. પછી તો સને ૧૮૪૬ માં અમદાવાદના મંદિરમાં જ્ઞાનસ્વરૂપાનંદ સ્વામી પાસે દલપતરામે થોડે થોડે "કુવલયાનંદ" ગ્રંથ શીખી લીધો. આમ કવીશ્વરને અલંકાર અને રસશાસ્ત્રના સંસ્કાર પાછળ સંસ્કૃત ભાષાનો કુવલયાનંદ ગ્રંથ અને વ્રજભાષાના ભાષાભૂષણ કવિપ્રિયા રસિકપ્રિયા સુંદર-શણગાર વગેરે ગ્રંથોનો ફાળો હતો. અભ્યાસની દૃષ્ટિએ અપ્પય દીક્ષિતનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'કુવલયાનંદ' ગ્રંથ ખૂબ સરળ છે. જયદેવ–પીયૂષવર્ષના 'ચંદ્રાલોક' અલંકારોમાં જે વિશદતા સ્થાપી 'સો' અલંકાર નક્કી કરી આપ્યા તેનો આશય તેમજ આધાર અને વસ્તુ લઈ અપ્પયે વિદ્યાર્થીઓ માટે 'કુવલયાનંદ'ની રચના કરી હતી. કવીશ્વરને એ ગ્રંથના અધ્યયનનો લાભ મળ્યો, જેનો પરિપાક આપણને "અલંકારાદર્શ"માં પ્રત્યક્ષ થાય છે. આ ગ્રંથ વડોદરાના કૈ. વા. પંડિત બદરીનાથજીએ સુધારી આપ્યો હોઈ અભ્યાસકોને અલંકારસ્વરૂપનું જ્ઞાન એના શુદ્ધ સ્વરૂપમાં મળી શકવાની સુવિધા છે.

કાવ્યશાસ્ત્રનો વિષય ગુજરાતી ભાષામાં સ્વતંત્ર રીતે ચર્ચાયેલો મળતો નથી. સ્વ. કવિ નથુરામ સુંદરજીએ વિશ્વનાથના સં. "સાહિત્ય દર્પણ"નો મુખ્ય આધાર રાખી "કાવ્યશાસ્ત્ર" ગ્રંથ આપવાનો એક શિષ્ટ પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથ વ્યાપક થઇ શક્યો નથી. નવા યુગની જ્ઞાનપરિપાટીએ પશ્ચિમનાં કાવ્યોનો આપણે ત્યાં યુનિવર્સિટીનું શિક્ષણ પામેલાઓએ અભ્યાસ શરૂ કર્યો, અને પશ્ચિમની પદ્ધતિનો કાવ્યપ્રકાર આપણે ત્યાં વ્યાપક બનવા લાગ્યો; પરિણામે પ્રાચીન પદ્ધતિ નજર બહાર રહી; એ ત્યાંસુધી કે આપણે ત્યાંના અગ્રગણ્ય કવિઓને પણ આ પ્રાચીન પ્રણાલીનો — યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ભણવાનો લાભ મળ્યો પણ હોય છતાં—ખાસ ખ્યાલ જોવામાં આવતો નથી. અને સંસ્કૃત–પ્રાકૃત પદ્ધતિની કવિતા આપણે ત્યાં બેડાવી લગભગ બંધ જ થઇ ગઇ છે. માત્ર સંસ્કૃત પદ્ધતિના છંદો વૃત્તોનો પ્રચાર ઠીક ઠીક વધ્યો છે—એમાં નવા નવા પ્રયોગ પણ વધ્યા છે; પણ જૂની કાવ્યશાસ્ત્રીય પદ્ધતિનાં શુદ્ધ કાવ્યોનો ઉદ્ભવ નહિવત્ જ છે. કાંત બોટાદકર જેવાના પ્રયત્ન અવશ્ય છે; પણ એ પણ નવી છાયામાં આવી ગયેલા જેવા છે. ભીમરાવનો 'પૃથુરાજ રાસો' કે દોલતરામનું 'ઇંદ્રજિત-વધકાવ્ય' એ વગેરે જૂના પ્રયત્ન અવશ્ય છે; પણ એનો પ્રચાર લુપ્તવત્. બેશક, નવી કવિતામાં પણ કવિઓને હાથે જાણ્યે અજાણ્યે અલંકારો તેમજ ઉચ્ચ પ્રતિનાં ધ્વનિકાવ્યોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ રચના થાય છે; પણ વિવેચનપદ્ધતિમાં જૂની પ્રણાલી લગભગ વિલુપ્ત થઇ ગયેલી હોવાથી એ દિશા તરફ નજર પ્રમાણમાં સ્વલ્પ જ છે. જે પ્રમાણે નવીન પ્રણાલીના જ્ઞાનની વિવેચન માટે અનિવાર્યતા છે તે જ પ્રમાણે જૂની પ્રણાલીના જ્ઞાનની પણ અનિવાર્યતા છે. આ દિશામાં અલંકારોના સરળ બોધ માટે 'અલંકારાદર્શ' જેવા ગ્રંથ જરૂર ઉપયોગી થાય એમ છે. એ દૃષ્ટિએ આ ગ્રંથનું પ્રકાશન લાભદાયી નીવડશે, એવી આશા છે. વિદ્યાર્થીઓને તો અવશ્ય ઉપયોગી નીવડશે જ, એવી શ્રદ્ધા છે.

અહીં આ ગ્રંથની ગુજરાત સમક્ષ થયેલી પહેલી રજૂઆતમાં અક્ષરધામવાસી આચાર્યશ્રી વિહારીલાલજીને જ યશ છે. બન્યા હોય તો કવીશ્વર એમાં સાધનરૂપ હતા. આ બેઉ મહાનુભાવોનું તેથી ગુજરાત ઉપર ઋણ છે. ''અલંકારાદર્શ''ના પ્રકાશન વખતે એ ઋણ-સ્મરણ અવશ્ય કરવું જોઇયે; એટલે અહીં આ પ્રસ્તાવનાને અંતે બેઉ પૂજ્ય વિભૂતિઓનું ઋણ સ્વીકારી એમનાં જ ચરણકમળોમાં આ સંપાદન અર્પી કૃતકૃત્યતા અનુભવું છું.

તા. ૧૦-૭-'૪૯ — કેશવરામ કા. શાસ્ત્રી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


| અલંકાર | પૃષ્ઠ | અલંકાર | પૃષ્ઠ |
|---|---|---|---|
| મંગલાચરણ | ૨૪૯ | ૨૧ સહોક્તિ | ૨૮૦ |
| ગ્રંથ-પ્રયોજન | ૨૪૯ | ૨૨ વિનોક્તિ | ૨૮૧ |
| દેશીભાષા--પ્રયોજન | ૨૪૯ | ૨૩ સમાસોક્તિ | ૨૮૨ |
| અલંકાર વિશે | ૨૫૦ | ૨૪ પરિકર | ૨૮૩ |
| ૧ ઉપમા | ૨૫૧ | ૨૫ પરિકરાંકુર | ૨૮૪ |
| ૨ અનન્વય | ૨૫૫ | ૨૬ શ્લેષ | ૨૮૪ |
| ૩ ઉપમેયોપમા | ૨૫૬ | ૨૭ અપ્રસ્તુતપ્રશંસા | ૨૮૭ |
| ૪ પ્રતીપ | ૨૫૬ | ૨૮ પ્રસ્તુતાંકુર | ૨૯૦ |
| ૫ રૂપક | ૨૫૮ | ૨૯ પર્યાયોક્ત | ૨૯૧ |
| ૬ પરિણામ | ૨૬૦ | ૩૦ વ્યાજસ્તુતિ | ૨૯૩ |
| ૭ ઉલ્લેખ | ૨૬૧ | ૩૧ વ્યાજનિંદા | ૨૯૪ |
| ૮ સ્મૃતિ | ૨૬૧ | ૩૨ આક્ષેપ | ૨૯૫ |
| ૯ ભ્રાંતિમાન | ૨૬૨ | ૩૩ વિરોધાભાસ | ૨૯૬ |
| ૧૦ સંદેહ | ૨૬૨ | ૩૪ વિભાવના | ૨૯૭ |
| ૧૧ અપહ્નુતિ | ૨૬૩ | ૩૫ વિશેષોક્તિ | ૩૦૦ |
| ૧૨ ઉત્પ્રેક્ષા | ૨૬૫ | ૩૬ અસંભવ | ૩૦૦ |
| ૧૩ રૂપકાતિશયોક્તિ | ૨૬૯ | ૩૭ અસંગતિ | ૩૦૦ |
| ૧૪ તુલ્યયોગિતા | ૨૭૩ | ૩૮ વિષમ | ૩૦૨ |
| ૧૫ દીપક | ૨૭૫ | ૩૯ સમ | ૩૦૭ |
| ૧૬ આવૃત્તિ-દીપક | ૨૭૫ | ૪૦ વિચિત્ર | ૩૦૯ |
| ૧૭ પ્રતિવસ્તૂપમા | ૨૭૭ | ૪૧ અધિક | ૩૧૦ |
| ૧૮ દૃષ્ટાંત | ૨૭૮ | ૪૨ અલ્પ | ૩૧૧ |
| ૧૯ નિદર્શના | ૨૭૮ | ૪૩ અન્યોન્ય | ૩૧૧ |
| ૨૦ વ્યતિરેક | ૨૮૦ | ૪૪ વિશેષ | ૩૧૨ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| અલંકાર | પૃષ્ઠ | અલંકાર | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪૫ વ્યાઘાત | ૩૧૩ | ૭૧ અનુજ્ઞા | ૩૩૫ |
| ૪૬ કારણમાલા | ૩૧૫ | ૭૨ લેશ | ૩૩૫ |
| ૪૭ એકાવલી | ૩૧૬ | ૭૩ મુદ્રા | ૩૩૬ |
| ૪૮ માલાદીપક | ૩૧૭ | ૭૪ રત્નાવળી | ૩૩૭ |
| ૪૯ સાર | ૩૧૭ | ૭૫ તદ્‌ગુણ | ૩૩૮ |
| ૫૦ યથાસંખ્ય | ૩૧૮ | ૭૬ અનુરૂપ | ૩૩૮ |
| ૫૧ પર્યાય | ૩૧૯ | ૭૭ અતદ્‌ગુણ | ૩૩૯ |
| ૫૨ પરિવૃત્તિ | ૩૨૧ | ૭૮ અનુગુણ | ૩૪૦ |
| ૫૩ પરિસંખ્યા | ૩ .૧ | ૭૯ મીલિત | ૩૪૦ |
| ૫૪ વિકલ્પ | ૩૨૨ | ૮૦ સામાન્ય | ૩૪૧ |
| ૫૫ સમુચ્ચય | ૩૨૨ | ૮૧ ઉન્મીલિત | ૩૪૧ |
| ૫૬ કારકદીપક | ૩૨૩ | ૮૨ વિશેષક | ૩૪૨ |
| ૫૭ સમાધિ | ૩૨૩ | ૮૩ ઉત્તર | ૩૪૨ |
| ૫૮ પ્રત્યનીક | ૩૨૩ | ૮૪ સૂક્ષ્મ | ૩૪૫ |
| ૫૯ કાવ્યાર્થાપત્તિ | ૩૨૪ | ૮૫ પિહિત | ૩૪૫ |
| ૬૦ કાવ્યલિંગ | ૩૨૪ | ૮૬ વ્યાજોક્તિ | ૩૪૬ |
| ૬૧ અર્થાંતરન્યાસ | ૩૨૭ | ૮૭ ગૂઢોક્તિ | ૩૪૭ |
| ૬૨ વિકસ્વર | ૩૨૯ | ૮૮ વિવૃતોક્તિ | ૩૪૭ |
| ૬૩ પ્રૌઢોક્તિ | ૩૨૯ | ૮૯ યુક્તિ | ૩૪૮ |
| ૬૪ સંભાવના | ૩૩૦ | ૯૦ લોકોક્તિ | ૩૪૮ |
| ૬૫ મિથ્યાધ્યવસિતિ | ૩૩૦ | ૯૧ છેકોક્તિ | ૩૪૯ |
| ૬૬ લલિત | ૩૩૧ | ૯૨ વક્રોક્તિ | ૩૫૦ |
| ૬૭ પ્રહર્ષણ | ૩૩૧ | ૯૩ સ્વભાવોક્તિ | ૩૫૨ |
| ૬૮ વિષાદન | ૩૩૨ | ૯૪ ભાવિક | ૩૫૩ |
| ૬૯ ઉલ્લાસ | ૩૩૩ | ૯૫ ઉદાત્ત | ૩૫૪ |
| ૭૦ અવજ્ઞા | ૩૩૪ | ૯૬ અત્યુક્તિ | ૩૫૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| અલંકાર | પૃષ્ઠ |
| --- | --- |
| ૯૭ નિરુક્તિ | ૩૫૫ |
| ૯૮ પ્રતિષેધ | ૩૫૬ |
| ૯૯ વિધિ | ૩૫૬ |
| ૧૦૦ હેતુ | ૩૫૬ |
| **રસવદાદિ પ્રકરણ** | **૩૫૭** |
| નવ રસનાં નામ | ૩૫૭ |
| સ્થાયી ભાવ | ૩૫૯ |
| આલંબન-ઉદ્દીપન વિભાવ | ૩૫૯ |
| વ્યભિચારી ભાવ | ૩૬૦ |
| ૧ રસવત્ | ૩૬૨ |
| ૨ પ્રેયસ્ | ૩૬૩ |
| રસાભાસ-ભાવાભાસ | ૩૬૪ |
| ૩ ઊર્જસ્વિત્ | ૩૬૪ |
| ૪ સમાહિત | ૩૬૬ |
| ૫ ભાવોદય | ૩૬૬ |
| ૬ ભાવસંધિ | ૩૬૭ |
| ૭ ભાવશબલતા | ૩૬૮ |
| ૮ પ્રત્યક્ષ પ્રમાણ | ૩૬૮ |
| ૯ અનુમાન-પ્રમાણ | ૩૬૯ |
| ૧૦ ઉપમાન-પ્રમાણ | ૩૭૦ |

| અલંકાર | પૃષ્ઠ |
| --- | --- |
| ૧૧ શબ્દ-પ્રમાણ | ૩૭૦ |
| ૧૨ અર્થાપત્તિ-પ્રમાણ | ૩૭૧ |
| ૧૩ અનુપલબ્ધિ-પ્રમાણ | ૩૭૨ |
| ૧૪ સંભવ-પ્રમાણ | ૩૭૩ |
| ૧૫ ઐતિહ્ય-પ્રમાણ | ૩૭૩ |
| **સંસૃષ્ટિ-સંકર અલંકારો** | **૩૭૪** |
| ૧ સંસૃષ્ટિ | ૩૭૪ |
| ૨ સંકર | ૩૭૫ |
| **અનુપ્રાસાદિ શબ્દાલંકાર-નિરૂપણ** | **૩૮૦** |
| ૧ સ્ફુટાનુપ્રાસ | ૩૮૦ |
| ૨ છેકાનુપ્રાસ | ૩૮૦ |
| ૩ વૃત્ત્યનુપ્રાસ | ૩૮૧ |
| ૪ લાટાનુપ્રાસ | ૩૮૨ |
| ૫ અંત્યાનુપ્રાસ | ૩૮૨ |
| ૬ યમક | ૩૮૩ |
| **ચિત્રાલંકાર,** | **૩૮૩** |
| બહુદળ-કમળ-પ્રબંધ | ૩૮૩ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મંગલાચરણ

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

નંદું શ્રીવૃષનંદને ઉર ધરી આનંદના કંદને,
ફેડી માયિક ફંદને અધિક જે આપે જ આનંદને,
જેણે સૌ મુનિવૃંદને સુખ કર્યું, છે જે પ્રિય સ્વછંદને,
વંદું તેહ મુકુંદને, મતિ અતિ આપે મતિ-મંદને. ૧
રે ગૌરીસુત, સિદ્ધિ બુદ્ધિ સતિયો નારી તમારી ભલી;
બુદ્ધિ તો બુધ લોક ઉપર ભલી રાખે કૃપા એકલી;
સિદ્ધિને સમજાવીને પણ કહો, કાંઈ કૃપા તે કરે.
સિદ્ધિ જો નહિ સાનુકૂલ થઈ તો બુદ્ધિ થકી શું સરે? ૨

ગીતિ

ધર્મકુળે તનુ ધારી ધર્માચાર્યે વિહારીજીલાલે
નિજજનની વિનતીથી ભાષાલંકૃતિ બનાવી વરતાલે. ૩

## ગ્રંથ-પ્રયોજન

ઉપજાતિ વૃત્ત

ગ્રંથો અલંકાર તણા ઘણા છે તથાપિ તે નિર્લજ શબ્દના છે,
વાંચે નહિ પુત્ર પિતાની પાસ, જો હોય લજ્જા લવનો નિવાસ. ૪
માટે રચ્યો ગ્રંથ ઘણા વિવેકે, આમાં નથી નિર્લજ શબ્દ એકે;
નીતિ તથા શ્રીપ્રભુમાંહીં પ્રીતિ, તેનું ઘણું વર્ણન શુદ્ધ રીતિ. ૫

## દેશી ભાષા-પ્રયોજન

ભાષા સુશાખા સમ ઉર આણો, તે સર્વનું સંસ્કૃત મૂળ જાણો;
તે મૂળથી તો રસ કોઈ લે છે, શાખા જ સૌને ફળફૂલ દે છે. ૬

સ્રગ્ધરા વૃત્ત

ભાષાકાવ્યે ભણીજે ઇ-ઉ-ઋ-લઘુ તણા દીર્ઘ દીર્ઘે લઘુતા,
સંયોગાદિ રહે તે પર થકી થડકે તો જ પામે ગુરુતા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોડેલા થાય જુદા, પણ કદી વરણો ભિન્ન જોડયા ન જાય;
પાદાંતે પ્રાસ લાવો, નહિતર કવિતા અંગભંગા જણાય. ૭

દોહરો

જે અક્ષર પાદાંતનો અકાર એમાં હોય,
તેને ગુરુ ગણવો પડે, તે પણ ગણિયે તોય. ૮

**ટીકા**—જેમ સંસ્કૃતમાં પાદાંતનો અક્ષર ગુરુનો લઘુ અને લઘુનો ગુરુ મનાય છે તેમ ભાષામાં ઇ-ઉ-ઋ એ ત્રણ સ્વરો લઘુના ગુરુ અને ગુરુના લઘુ ફાવે તેમ બોલાય છે, અને જોડાક્ષરથી પહેલો લઘુ હોય તે થડકે તો જ ગુરુ ગણાય; જેમ 'છત્ર' 'ધર્મ' એ ગુરુ છે પણ 'ગળ્યું' 'તળ્યું' 'જમ્યા' 'રમ્યા' એ થડકતા નથી, માટે ગુરુ નથી. ભાષામાં જોડાક્ષર જુદા પાડવા હોય તો પડાય, જેમ 'ધરમ' 'સમરણ' ઇત્યાદિ, પણ પરાક્રમ'નું 'પ્રાક્રમ,' 'જગત'નું 'જક્ત' 'નગર'નું 'નગ્ર' લખે તો તે ભૂલ ગણાય. અને દેશી ભાષાઓમાં પાદાંતે અનુપ્રાસ જરૂર જોઈયે, કેમકે સૂરદાસ તુલસીદાસ પ્રેમાનંદ શામળ ભટ આદિક તથા સત્સંગમાં જે જે કવિયો થયા તેમાં કોઇ કવિની કવિતા પાદાંતે અનુપ્રાસ વગરની નથી.

## અલંકાર વિશે

દોહરા

વાણી શોભે જે વડે અલંકાર છે એહ;
પંડિત તણા પ્રસંગથી શિખાય ઘડતાં તેહ. ૯
અલંકાર દેખી સુણી જન રંજન નહિ થાય,
અલંકાર તે તો નહિ કહિયે પણ કે'વાય. ૧૦
બીભત્સ ભાષા બોલીને ભવાઇના કરનાર
હસે હસાવે તે નહિ અલકાર શૃંગાર. ૧૧

**ટીકા**—નવરસ અને વ્યંજના તે કવિતાનો જીવ છે અને વાણી શરીર છે, તે અલંકાર નથી, પણ વાણીને શોભાવવા સારુ ઉપમા આદિક અર્થાલંકાર અને અનુપ્રાસાદિક શબ્દાલંકાર છે; માટે અલંકારના ઉદાહરણમાં રસ કે વ્યંજના હોય તે અલંકાર જાણવો નહિ, અલંકારના લક્ષણમાં કહ્યા પ્રમાણે ઉદાહરણમાં ભાવ હોય તેટલો જ તે અલંકાર જાણવો.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## ૧. ઉપમા અલંકાર

દોહરા

જેનું વર્ણન કીજિયે તે કહિયે 'ઉપમેય',
દઇયે જેનો દાખલો તે 'ઉપમાન' ઠરેય. ૧૨
મળતો ગુણ તે બેયનો 'ધર્મ' કહે કવિ તેહ.
'જેવું' 'પેઠે' 'જેમ' 'સમ' 'ઉપમાવાચક' એહ. ૧૩
જો તે ચારે હોય તો 'પૂર્ણોપમા' ગણાય.
એક વિના બે ત્રણ વિના 'લુપ્તોપમા' લખાય. ૧૪

### 'વર્ણનીય' તથા 'અવર્ણનીય'નાં નામ

દોહરો

પ્રસ્તુત વર્ણ્ય પ્રકૃત વિષય, આસ્પદ તે 'ઉપમેય';
અવર્ણ્ય અપ્રસ્તુત વિષયી એ 'ઉપમાન' કહેય. ૧૫

### ગુણ અથવા ધર્મ

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ દયાછલ જેહ,
ક્રિયા આદિ મળતા ગુણો 'ધર્મ' કહીએ તેહ. ૧૬

### અધમ ઉપમા

દાંત શ્વેત છે અસ્થિસમ, મૂછ કાલી સમ-કાગ,
એવી ઉપમા અધમને દૈયે દેખી લાગ. ૧૭
દ્રાખ ખાધી મેં જે રીતે, કાગ લિંબ-ફલ ખાય,
એવી ઉપમા આપને દે તે મૂર્ખ મનાય. ૧૮
જે ગુણની ઉત્કૃષ્ટતા જે માંહીં કૈંવાય,
ઉપમા એની આપિયે, શ્રોતા મન મકલાય. ૧૯

ટીકા—ઉપમાનો જે ગુણ વખાણિયે તે ગુણ જેનામાં વધારે હોય તેની ઉપમા અપાય; તેમાં પણ અયોગ્ય ઉપમા અપાય નહિ; જેમકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### દોહરો

ગાન ભલું ગણિકા તણું સૌ જાણે સંસાર,
તેની ઉપમા સંતને દે ગુણ-હીન ગમાર. ૨૦

ટીકા—પરમેશ્વરને કે તેના અંગને ઉપમા આપિયે એવી કોઈ વસ્તુ નથી, પણ વાણી શોભાવા સારુ કમલ તથા ચંદ્ર આદિકની ઉપમા અપાય છે.

## પૂર્ણોપમા

### ઉપજાતિ વૃત્ત

સુપત્ર-પુષ્પે તરુ જેમ શોભે,*જોવા જનોની મનવૃત્તિ લોભે,
જાણો અલંકારથી તેમ વાણી, પામે સુણી સ્નેહ મનુષ્ય પ્રાણી. ૨૧

ટીકા—એમાં 'અલંકાર' અને 'વાણી' એ બે ઉપમેય છે અને 'પત્ર પુષ્પ' તથા 'તરુ' એ બે ઉપમાન છે, 'શોભવું' તે ગુણ અથવા તેનો ધર્મ છે અને 'જેમ' તે ઉપમાવાચક શબ્દ છે. એમાં ચારે વાનાં છે માટે તે 'પૂર્ણોપમા' છે; 'શ્રીજી મહારાજનું મુખ પૂર્ણચંદ્ર જેવું આનંદકારી છે' ઇત્યાદિ. જેમાં શોભા કે સારું સારું વખાણ્યું હોય તે જ ઉપમાલંકાર છે એમ નથી, નઠારાને નઠારી ઉપમા દઇયે તે પણ ઉપમાલંકાર છે; જેમકે 'દુર્જનની વાણી કડવી ઝેર જેવી હોય છે' એમાં 'વાણી' ઉપમેય છે, 'ઝેર' ઉપમાન છે, અને 'કડવી' એ તેનો ધર્મ છે, અને 'જેવી' ઉપમાવાચક શબ્દ છે; માટે તે 'પૂર્ણોપમાલંકાર' છે.

### લુપ્તોપમાના ભેદ

| | નંબર | વાચક | ધર્મ | ઉપમા | ઉપમેય |
|---|---|---|---|---|---|
| ચારે વાનાં છે માટે પૂર્ણોપમા છે | ૧ | ૧ | ૨ | ૩ | ૪ |
| વાચક-લુપ્તા | ૨ | ૦ | ૨ | ૩ | ૪ |
| ધર્મ-લુપ્તા | ૩ | ૧ | ૦ | ૩ | ૪ |
| વાચક-ધર્મ-લુપ્તા | ૪ | ૦ | ૦ | ૩ | ૪ |
| ઉપમાન-લુપ્તા | ૫ | ૧ | ૨ | ૦ | ૪ |
| વાચકોપમાન-લુપ્તા | ૬ | ૦ | ૨ | ૦ | ૪ |
| ધર્મોપમાન-લુપ્તા | ૭ | ૧ | ૦ | ૦ | ૪ |

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાચક-ધર્મોપમાન-લુપ્તા | ૮ | ૦ | ૦ | ૦ | ૪ |
| ઉપમેય-લુપ્તા | ૯ | ૧ | ૨ | ૩ | ૦ |
| વાચકોપમેય-લુપ્તા | ૧૦ | ૦ | ૨ | ૩ | ૦ |
| ધર્મોપમેય-લુપ્તા | ૧૧ | ૧ | ૦ | ૩ | ૦ |
| વાચક-ધર્મોપમેય-લુપ્તા | ૧૨ | ૦ | ૦ | ૩ | ૦ |
| ઉપમાનોપમેય-લુપ્તા | ૧૩ | ૧ | ૨ | ૦ | ૦ |
| વાચકોપમાન-ઉપમેય-લુપ્તા | ૧૪ | ૦ | ૨ | ૦ | ૦ |
| ધર્મોપમાન-ઉપમેય-લુપ્તા | ૧૫ | ૧ | ૦ | ૦ | ૦ |
| ચારે લુપ્ત બની શકે નહિ | ૧૬ | ૦ | ૦ | ૦ | ૦ |

એ રીતે જોતાં પ્રસ્તારમાં સોળ પ્રકાર થાય તેમાં પહેલો પ્રકાર તો પૂર્ણોપમાનો છે અને બારમા પ્રકારમાં માત્ર ઉપમાન રહે છે તે તો રૂપકાતિશયોક્તિ અલંકાર છે, અને બાકીના ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૪ ૧૫ અને ૧૬ એટલામાં ઉપમેય લુપ્ત થાય એવા અલંકાર બનવા ઘણા મુશ્કેલ છે, તોપણ તેમાંનો એક નવમો પ્રકાર તાણી તોડીને 'ઉપમેય-લુપ્તા' આમાં બતાવીશું તે સહિત આઠ પ્રકારની 'લુપ્તોપમા' થઈ શકે; પણ ખરું જોતાં સાત પ્રકારની જ લુપ્તોપમા છે.

### લુપ્તોપમા

ઈંદ્રવજા વૃત્ત

શ્રીજી તણો છે ઘનશ્યામ દેહ, છે કંજ જેવા કર બેય તેહ,
ચંદ્રાસ્યની આગળ એક વાર સત્સંગીને સંત મળ્યા અપાર. ૨૨

ટીકા—એમાં લુપ્તોપમા ત્રણ છે: શ્રીજીનું શરીર 'ઘનશ્યામ' કહ્યું એમાં 'દેહ' ઉપમેય છે, 'ઘન' ઉપમાન છે અને 'શ્યામ' ગુણ છે, માટે તે વાચકલુપ્તા થઈ. ૧ કમળ જેવા બે કર કહ્યા એમાં 'કર' ઉપમેય છે, 'કમળ' ઉપમાન છે અને 'જેવા' એ વાચક શબ્દ છે પણ ગુણ કહ્યો નથી, માટે ધર્મલુપ્તા થઇ. ૨ 'ચંદ્રાસ્ય' એમાં 'આસ્ય' મુખ તે ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે, માટે વાચક-ધર્મલુપ્તા થઈ. ૩

દોહરો

ભગુજી બહુધા બળ વડે જય કરી જુદ્ધસ્થાન,
મનમાં માને તે પછી ભડ નર ભીમ સમાન. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટીકા—એમાં 'જય કરવો' તે ગુણ, 'ભીમ' ઉપમાન, 'સમાન' વાચક, પોતાને ભીમ જેવો માને તે. 'પોતાને' એ ઉપમેય શબ્દ નથી માટે ઉપમેયલુપ્તા છે. ૪

હરિગીત છંદ

હરિ-દર્શને હું તો ગયો, પ્રભુ પ્રસાદી દેતા હતા
તે પ્રસાદી મુજને મળી, ઇચ્છે અજાદિક દેવતા.
જે ત્યાં જવું, મળવી પ્રસાદી, તેનું આસ્વાદન થવું,
અણચિંતવ્યું એ અવસરે તે ક્ષીર-દાડમિયું હતું,
હે હરિજનો, એ અવસરે તે ક્ષીર-દાડમિયું હતું. ૨૪

ટીકા—એમાં પણ ચાર લુપ્તોપમા છે: 'મારું જવું અને અણચિંતવી પ્રસાદી મળવી તે ક્ષીર-દાડમિયું થયું;' મતલબ કે પોપટનું આવવું અને દાડમનું પડવું. પ્રસાદીનો સ્વાદ લેવો તે પોપટે દાડમનો ભક્ષ કર્યો જેવું થયું. 'જવું' અને 'પ્રસાદી મળવી' તે ઉપમેય છે અને 'પોપટનું આવવું અને દાડમનું પડવું' તે ઉપમાન છે; 'પ્રસાદીનો સ્વાદ' ઉપમેય છે અને 'દાડમનો ભક્ષ' ઉપમાન છે; 'અણચિંતવ્યું થવું' તે સમાન ધર્મ છે. 'ક્ષીર-દાડમિયું' તે શુક-દાડમના જેવું, જેમકે 'મજીઠિયો રંગ તે મજીઠના જેવો રંગ' એમાં 'જેવો' એ શબ્દનો આભાસ છે માટે કેવળ ઉપમાન-લુપ્તા છે. ૧ જો આભાસ માત્રથી વાચક શબ્દ માનિયે નહિ તો વાચકોપમાન-લુપ્તા છે. ૨ ચોથા ચરણમાં 'અણચિંતવ્યું' તે સમાન ધર્મ કહ્યો છે તેને બદલે પાંચમું ચરણ બોલિયે તો તે ધર્મ જતો રહે તેથી એકવાર ધર્મોપમાન-લુપ્તા થાય, ૩ અને બીજીવાર વાચક-ધર્મોપમાન-લુપ્તા થાય છે. ૪ 'મૂર્ખ બહુ વિચારીને કામ કરે તોપણ મંછા કાકાના જેવું દુખકારી કરે,' એમાં 'મૂર્ખનું કામ' ઉપમેય છે, 'જેવું' એ વાચક છે, 'દુખકારી' ધર્મ છે, 'મંછા કાકાનું કામ' ઉપમાન છે, પણ તે સ્પષ્ટ બતાવ્યું નહિ માટે ઉપમાન-લુપ્તા છે. ઉપમાન-લુપ્તાનાં ઉદાહરણો પંચોપાખ્યાનમાં ઘણાં છે. એક કવિ લુપ્તોપમાનાં ઉદાહરણ એવી રીતનાં આપે છે કે

દોહરો

શ્રીહરિની શુક-નાસિકા, રક્તદાડમી દાંત,
ગજસમ ગતિ, કટિ સિંહસમ ભલી જ સૂક્ષ્મ, ભ્રાંત. ૨૫

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ટીકા—' શુકનાસિકા ' એમાં ' નાસિકા ' ઉપમેય છે, વાચક શબ્દ કે ધર્મ નથી, અને શુક જેવી નાસિકા નથી, પણ શુકના નાક જેવી છે તે નાક કહ્યું નથી, માટે વાચક-ધર્મોપમાન-લુપ્તા છે. ' રક્તદાડમી દાંત ' એમાં ' દાંત ' ઉપમેય છે, ' રક્ત ' ધર્મ છે, પણ ઉપમાવાચક શબ્દ નથી અને ' દાડમના જેવા દાંત નહિ પણ દાડમના બીજ જેવા દાંત છે ' તે ' બીજ ' કહ્યાં નહિ, માટે વાચકોપમાન-લુપ્તા છે. ' ગજસમ ગતિ ' એમાં ' ગતિ ' ઉપમેય છે ' તે હાથી જેવી નથી, પણ હાથીની ચાલ જેવી છે ' તે ' ચાલ ' કહી નહિ, માટે ધર્મોપમાન-લુપ્તા છે. ' સિંહના જેવી સૂક્ષ્મ કટિ ' કહી એમાં ' કટિ ' ઉપમેય છે, ' સૂક્ષ્મ ' ધર્મ છે, ' સમ ' ઉપમાવાચક શબ્દ છે. ' તે કટિ સિંહ જેવી નથી, પણ સિંહની કેડ જેવી છે' તે ' કેડ ' કહી નહિ, માટે ઉપમાન-લુપ્તા છે. કુવલયાનંદમાં પ્રત્યેક અલંકારનાં એકથી વધારે ઉદાહરણ આપ્યાં છે, પણ લુપ્તોપમાનાં વિશેષ ઉદાહરણ આપ્યાં નથી, તેથી જણાય છે કે લુપ્તોપમાની ઝાઝી પ્રવૃત્તિ નહિ હોય, માટે ભાષાભૂષણ આદિકમાં લુપ્તોપમાના ભેદ કહ્યા નથી.

## ૨. અનન્વય અલંકાર

લક્ષણ-દોહરો

જે વસ્તુ ઉપમેય છે એ જ હોય ઉપમાન,
'અનન્વયાલંકાર' છે સૌ સમજે તે સ્થાન. ૨૬

ઉદાહરણ-સવૈયા

સુરતનો સરદાર ભલો અરદેશર તે કહિયે નર કેવો,
માન મળ્યું સરકાર તણું વળી ગામ મળ્યાં ગુણ ઉત્તમ એવો.
ફારશી ને અંગરેજી ભણ્યો, સતસંગ વિશે પણ શોભિત તેવો,
ખાનબહાદુર ખામી નહિ, અરદેશર તે અરદેશર જેવો. ૨૭

પુનઃ દોહરો

ગર્ધવ ચાલ્યો વસ્ત્ર પર, કવિયે દેખી કહ્યું જ :
અરે તને કેવો કહું ? તું જેવો તે તું જ. ૨૮

ટીકા—' આકાશ જેવા આકાશ છે ' અને ' સમુદ્ર જેવો સમુદ્ર છે ' ઇત્યાદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩. ઉપમેયોપમા અલંકાર

લક્ષણ-દોહરા

ઉપમા જ્યાં અન્યોન્યની કરે કોઈ કવિરાય
તો તે 'ઉપમેયોપમા' અલંકાર કે'વાય. ૨૯

ઉદાહરણ

સજ્જન આ સંસારમાં બે બંધન બળવાન :
કાંતા સમાન કનક છે, કાંતા કનક સમાન. ૩૦
પુનઃ-આદિ અંત વિણ બેય છે મેં જાણ્યા મુજ પાસ :
કાળ કહું આકાશ સમ, કાળ સમો આકાશ. ૩૧

## ૪. પ્રતીપ અલંકાર

દોહરા

જોતાં જે ઉપમાન છે તે કહિયે ઉપમેય;
પાંચ પ્રકાર 'પ્રતીપ'માં પ્રથમ કહીએ તેય. ૩૨
શ્રીહરિના મુખસમ શશી ઓપે છે આકાશ,
તારામંડળ ત્યાં દીસે મુનિ-મંડળસમ પાસ. ૩૩

પુનઃ કવિત

પરણેલો પચીશ વરસનો મરણ પામ્યો,
કુટુંબિયો મળી બહુ કલપાંત કરે છે;
અફીણિયે વાટે જતાં પૂછયું : આ શા માટે રુએ ?
કહ્યું : બાળા બીચારીનો ચોટલો ઊતરે છે.
અફીણિયે કહ્યું : તે અમલપાણી લેતો હતો ?
તેની પાડી ના ત્યારે અફીણિયો ઊચરે છે :
એવા મરનારને તે આટલું બધું શું રોવું ?
ધાનનાં ધનેરાં એવાં તો અનેક મરે છે. ૩૪

પુનઃ લોધીકા-પતિ અભેસિંહજીએ દેહ મૂકયા પછી એક કવિએ કહેલું કવિત—

તારા વિના કવિતા કરી કરી સુણાવું કેને !
તારી તુલ્ય ધનદ તે હરની હજર છે;
કેને કહું કષ્ટ જઈ જગતનો મિત્ર જે છે,
તારા જેવો ઇંદ્ર પણ તે તો ઇંદ્રપુર છે,
શીતળ કથન કહી કોણ મન શાંત કરે ?
ચંદ્ર પણ દૂર જેનું તારા જેવું નૂર છે;
વિદ્યાનો વિનોદ કેની સાથે કરું, અબેસીંહ ?
દેવ ગુરુ તારા જેવો પંડિત તે દૂર છે. ૩૫

દોહરા

ઉપમા તે ઉપમેય કહી જો તેથી જે ઠાર
કરે અનાદર વર્ણ્યનો, બીજો 'પ્રતીપ' પ્રકાર. ૩૬
રે ખલ નર, ભસવા તણું તું ન ધરીશ અભિમાન;
તુજ સરખા ભસનાર તો દીસે સેંકડો શ્વાન. ૩૭

વર્ણ્યને જ ઉપમેય કરી વળી તેના થકી જેહ
કરે અનાદર અન્યનો, ત્રીજો 'પ્રતીપ' તેહ. ૩૮
રે તારામંડળ, તમે તજો ગર્વ તત્કાળ;
તમ સરખી શ્રીહરિ-ગળે છે મોતીની માળ. ૩૯

પુનઃ લેખણની પ્રશંસા

હે હળ, તું હરખીશ નહિ ઉપકારીપણું ધારી:
લેખણ પણ તુજ તુલ્ય છે જનને જિવાડનારી. ૪૦

જે ઉપમા ઉપમેયની વ્યર્થ કહે કવિ જેહ,
ચારુ ચતુર્થ પ્રકારનો 'પ્રતીપ' પ્રમાણો તેહ. ૪૧
દશરથ રાજા દેશમાં થયા સ્વતંત્ર સમર્થ,
એને ઉપમા ઇંદ્રની આપે એ તો વ્યર્થ. ૪૨
વર્ણનીય ઉત્તમ છતાં અન્ય તણું શું કામ ?
એમ ગણે ઉપમાનને, છે 'પ્રતીપ' તે ઠામ. ૪૩



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે હરિના મુખ તણો પેખે પરમ પ્રકાશ,
રવિને ઢાંકે છે વિધિ અભ્ર વડે આકાશ. ૪૪

પુનઃ–દીપક માગ્યો નૃપસુતે, કહે કવિ તે ઠામ :
કુળદીપક છો કુંવર ત્યાં દીવાનું શું કામ? ૪૫

પુનઃ ઉપજાતિ વૃત્ત

પવિત્ર તીર્થાદિકથી થવાય, તીર્થે વિચારી જન એમ જાય.
મળ્યા સદાચારી સુસંત જેને શા કામનું છે પછી તીર્થ તેને? ૪૬

## ૫. રૂપક અલંકાર

લક્ષણ–કવિત

ઉપમેયને જ ઉપમાન–રૂપે વરણવે
અલંકાર 'રૂપક' તો એહનું જ નામ છે.
જુદાપણું જરિયે ન ભાસે તે અભેદ રૂપ,
જુદાપણું ભાસે તો તાદ્રૂપ તેહ ઠામ છે.
સમગુણ, ન્યૂન ગુણ, અથવા અધિક ગુણ
એકેકાના ત્રણ ત્રણ ભેદ ભલા આમ છે.
છ પ્રકારનો છે એવો રૂડો 'રૂપકાલંકાર,
આ જુઓ, કહ્યાથી ઓળખાય તે તમામ છે. ૪૭

### સમ–અભેદ રૂપક

ઉદાહરણ–દોહરો

વિભૂતિ છે, શશિચાપ છે, નીલકંઠ વિખ્યાત,
હે સંતો, સ્નેહે જુઓ આ શંકર સાક્ષાત. ૪૮

**ટીકા**—એમાં શ્રીજીને અને શંકરને અભેદપણે સરખા ગુણે વર્ણવ્યા; એક એકથી વધારે કે ઓછા ગુણ કહ્યો નહિ; માટે 'સમ–અભેદ રૂપક અલંકાર' છે. શિવને વિભૂતિ છે અને શ્રીજીને વૈભવ છે, શિવને કપાળે ચંદ્ર અને હાથમાં ધનુષ છે, અને શ્રીજીના ચરણમાં ચંદ્ર તથા ધનુષ છે, ઉભા બેય સરખા કહ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ન્યૂન-અભેદ રૂપક

છે તો શંકર આ સ્વયં, જીત્યો જેણે મેન,
ચંદ્ર ભલો છે ભાલમાં, પણ નથી ત્રીજું નેન. ૪૯

**ટીકા**—એમાં શ્રીજીને શંકર સાથે અભેદ વર્ણન કહ્યું કે જેણે મેન=કામદેવને જીત્યો અને જેના કપાળમાં ચંદ્ર છે, એટલે શ્રીજીને કંકુનો ચાંદલો છે ને શિવના કપાળમાં ચંદ્ર છે, પણ શ્રીજીના કપાળમાં ત્રીજું નેત્ર નથી એટલું ઓછું છે, માટે 'ન્યૂન-અભેદ રૂપક' થયું.

### અધિક-અભેદ રૂપક

બ્રહ્મચારી રૂપ શ્રીજી તથા શિવજીને વિશે દોહરો

આ શંકર-શિર છે જટા, ભૂત-અધીશ તથાપિ
તેહ કરે છે તીવ્ર તપ, ક્રોધ ન કરે કદાપિ. ૫૦

**ટીકા**—એમાં નીલકંઠ બ્રહ્મચારીને શિવરૂપે અભેદ કહ્યો, પણ તે ભૂત પ્રાણી માત્રના નાથ કયારે પણ ક્રોધ કરતા નથી, એટલું શિવનાથી અધિક કહ્યું.

### સમતાદ્રૂપ્ય રૂપક

સોરઠો

નીરખો હરિ-સુખચંદ્ર, હે મુજ નેત્ર ચકોર, આ.
મુનિગણ તારાવૃંદ તે નીરખો તે પાસ છે. ૫૧

**ટીકા**—એમાં મુખ અને ચંદ્ર, નેત્ર અને ચકોર, મુનિમંડળ ને તારામંડળ, એ રીતે ઉપમેય ઉપમાન સ્પષ્ટ બતાવ્યાં, પણ ઓછા વધતાપણું કાંઈ કહ્યું નહિ; માટે 'સમતાદ્રૂપ્ય રૂપક' છે.

### ન્યૂનતાદ્રૂપ્ય રૂપક

દોહરા

ભજે નહિ ભગવાનને, જન પશુ જાણો તેહ.
પાછળ ન મળે પૂંછડું, ખામી ખરેખરી એહ. ૫૨

### અધિકતાદ્રૂપ્ય રૂપક

નીરખી હરિ-સુખચંદ્રને નારી નરો નિઃશંક,
શીતળતા શોભા ભલી, ન મળે કાંઈ કલંક. ૫૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇદ્રવજ્રા વૃત્ત

રાજા કહીજે પુરનાથ જેહ, બીજો કહીજે કવિરાજ તેહ,
સેવાય રાજા નિજ દેશ ઠામે, સર્વત્ર સેવા કવિરાજ પામે. ૫૪

### ૬. પરિણામ અલંકાર

લક્ષણ–કવિત

ઉપમાન ઉપમેય–રૂપે ઉપમેય તણું
કામ કરે, 'પરિણામાલંકાર' તે થાય છે.
'ચરણારવિંદ' એનો અર્થ તો બે રીતે થાય :
એક તો ચરણરૂપી કમળ ગણાય છે;
બીજો અર્થ કમળને ચરણરૂપે મનાય,
'રૂપક'ને 'પરિણામ' એથી ઓળખાય છે.
ચરણારવિંદમાં સુગંધ લેવા ભમે ભૃંગ,
ચરણારવિંદે ચાંપી દીધો બળિરાય છે. ૫૫

ઉદાહરણ–વસંતતિલકા વૃત્ત

જે પાદપદ્મ થકી અંડકટાહ ફોડયું,
જે પાદપદ્મ શકટાસુર–રૂપ તોડયું,
જે પાદપદ્મથી કર્યો દુખી કાળિનાગ,
તે પાદપંકજ તણો મહિમા અથાગ. ૫૬

**ટીકા**—પદ્મ વડે અંડકટાહ ફોડાય નહિ, પણ પદ્મે ચરણરૂપે થઈને અંડકટાહ ફોડયું, માટે 'પરિણામ અલંકાર' થયો.

પુનઃ–દોહરો

કરેલ પોતે કીર્તિગિરિ, તે જોવાને કાજ
ઉત્તમ ભૂપતિ–રૂપ થઇ અર્જુન આવ્યો આજ. ૫૭

બીજું ઉદા૦–વસંતતિલકા વૃત્ત

કન્યાનું દાન કરવા ધન કોઈ રાયે
આપ્યું ગરીબ દ્વિજને જ ઉદારતાયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યો દ્વિજે તરત ત્યાં બદલો અનુપ
ચિત્તે વિચારી શુભ આશીરવાદ-રૂપ. ૫૮

**ટીકા**—એમાં ઉત્તમ બદલા જેવો આશીર્વાદ આપ્યો, માટે 'બદલો' ઉપમાન છે અને 'આશીર્વાદ' ઉપમેય છે. તે બદલાએ આશીર્વાદરૂપે થઈ કામ કર્યું.

### ૭. ઉલ્લેખ અલંકાર

દોહરો

બહુ જન દેખે એકને જુદે જુદે પ્રકાર
તો કવિજન તેને કહે 'ઉલ્લેખાલંકાર'. ૫૯

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

શ્રીજીને શિવરૂપ સત્ય નીરખે શંભુઉપાસી ઘણા,
દેખે વૈષ્ણવ વિષ્ણુ-રૂપ હરિને, જૈને જિનાદિ ગણ્યા;
ભાળે ભક્ત ગણેશના ગણપતિ, દેવી જ દેવી તણા,
જાણે છે જવનો ખરેખર ખુદા, તેમાં ન કાંઈ મણા. ૬૦

ઉલ્લેખ બીજો

દોહરો

અનેક રૂપે એકને કહે એક જણ કોય,
જુદા જુદા ગુણ વડે એ 'ઉલ્લેખ' જ હોય. ૬૧

શ્રીજી વિશે-રૂપજાતિ વૃત્ત

વિદ્વાન જોતાં અજ દેવ એ છે, તપસ્વી જોતાં નરભાઇ તે છે,
જો, ચિહ્ન સોળે ચરણે વિશે છે, શ્રીકૃષ્ણ, હે સજ્જન, આ દીસે છે. ૬૨

### ૮. સ્મૃતિ અલંકાર

દોહરો

સ્મૃતિ ભ્રાંતિ સંદેહનાં લક્ષણ નામ પ્રમાણ,
અલંકાર ત્રણ તેહ છે સમજે જેહ સુજાણ. ૬૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈતાલીય છંદ

વિચર્યા જન જ્ઞાન–બાગમાં, નીરખ્યા હોજ ભલા જ ભાગમાં;
હરિ રંગ રમ્યા સખા લઈ, સ્મૃતિ તે હોજ નિહાળતાં થઈ. ૬૪

## ૯. ભ્રાંતિમાન્ અલંકાર

ઘડિયાળમાં ભૂતની ભ્રાંતિ—કવિત

ભૂપના ભવનમાં સૂતો ગમાર ગામડિયો,
ઘડિયાળ–ઘોષ સુણી ભડકીને ભાગે છે;
બૂમ સુણી બહુ લોકે કારણ પૂછ્યું તો કહે :
છે તો ઘર ઠીક પણ બીક બહુ લાગે છે;
નક્કી ભૂત થાય મરી જાય જે નવા ઘરમાં,
આ ઘરમાં, ભાઈ, ભારે ભુતાવળ જાગે છે;
રાત અરધીક જ્યારે જાય ને અંધારું થાય,
ઘણુણુણુ ઘણુણુણુ ઘંટડિયો વાગે છે. ૬૫

### અન્યોન્ય ભ્રાંતિ વિશે

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ગ્રીષ્મે તાપ અમાપ જાણી વણિજો રાતે મળી ચાલિયા,
સામાસામી પુરે જવા કર વિશે ભાલા ભલા ઝાલિયા;
સામાસામી મળ્યા મહા વન વિશે, ગૈ રાત બારે ઘડી,
લુટારા તણી ટોળી આવી લૂટવા, અન્યોન્ય ભ્રાંતિ પડી. ૬૬

## ૧૦. સંદેહ અલંકાર

વડોદરા વિશે—શાર્દૂલવિક્રીડિત વૃત્ત

શ્રીજીની અસવારી સારી અતિશે, ઐરાવતો હાથિયો
પેખીને પરદેશી એક જનને સંદેહ સ્વાંતે થિયો :
શું હું જાગ્રત છું જરૂર ઉરમાં કે સ્વપ્નની વાત છે ?
સાચું આ જ વડોદરું શહર છે કે સ્વર્ગ સાક્ષાત છે ? ૬૭

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

## ૬૧. શુદ્ધ અપહ્નુતિ અલંકાર

દોહરા

બીજાનો ગુણ મૂકવા કરે એકનો લોપ,
' શુદ્ધાપહ્નુતિ ' તેહ છે ગુણ પરનો આરોપ. ૬૮
કુપુત્ર તે તો પુત્ર નહિ એમ જાણજો આપ,
તે તો માત પિતા તણું પૂર્વ જન્મનું પાપ. ૬૯

### હેત્વપહ્નુતિ અલંકાર

અન્યારોપણ જો કરે યુક્તિ કરીને કોય,
અલંકાર એ તો ભલો ' હેતુ-અપહ્નુતિ ' હોય. ૭૦
લાજ નહિ તે નર નહિ, ન ખર, ન લાંબા કાન;
ભલા ભૂંડા સૌને ભસે, સમજો, આ તો શ્વાન. ૭૧

લટકતા મોટા પંખા વિશે
ઉપજાતિ વૃત્ત

લે વીંજણાને લટકાવી વાય, એવું નથી કયાંય પુરાણ માંય,
દશાનને તોડી ઉડાડી જેહ જટાયુની પાંખ જણાય એહ. ૭૨

### પર્યસ્તાપહ્નુતિ

દોહરો

વર્ણ્ય વિશે આરોપવા અવર્ણ્ય-ગુણ ઢંકાય,
'પર્યસ્તાપહ્નુતિ' ભલો અલંકાર તે થાય. ૭૩

કવિત

ભટકતો ભાટ એક આવ્યો અમદાવાદમાં,
ધાન ખાવા વેચી ખાધી ત્યાં પોતાની ઢાલડી;
પ્રભાતે ઊઠીને ગયો કોચરબ પાલડિયે,
કહાણી સુણી લોકે ઓઢાડી સારી શાલડી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખાનપાન માન પામી ગામનાં વખાણુ કર્યાં:
વાહવાહ વારી જાઉં, પાલડી વહાલડી;
અહમદાવાદ તે તો અહમદાવાદડી જ,
શહેર તો સારું કહું કોચરબ પાલડી. ૭૪

## ભ્રાંતાપહ્નુતિ

દોહરો

ભ્રાંતિ ભાગે કોઇની સત્ય કહીને વાત
'ભ્રાંતાપહ્નુતિ' તેહ છે અલંકાર સાક્ષાત. ૭૫

શ્રીજીની અસવારી વિશે—શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ગાજે છે ઘન, હે સખી, નહિ સખી, વાજે વડી નોબતો;
બોલે મોર, નહિ, સુછંદ ઊચરે છે સંતની સોબતો;
બોલે દાદુર-વૃંદ, વૃંદ જનનાં બોલે બહુ ઠામ છે.
જો, આ મેઘ ગિરિ-શિરે, ગજ-શિરે તે તો ઘનસ્યામ છે. ૭૬

## છેકાપહ્નુતિ

દોહરો

"છેકાપહ્નુતિ" પૂછતાં સત્ય છુપાવે વાત;
પ્રથમ કહેલું ફેરવી સમજાવે ભલી ભાત. ૭૭

કવિત

પૂછ્યું એકે વણિકના પુત્રને : તેં ભાળી, ભાઇ,
સારી ઘોડી મારી તે ચોરાઇ છે સવારમાં?
બાળક તે બોલ્યો : એક જણો ચોરી જતો હતો,
બહુ વાર તે તો આવી બેસે છે બજારમાં.
ત્યારે તો તું કોરટમાં સાક્ષી પૂરી જૈશ સાચી;
એવું સુણી એણે વાત ફેરવી એ વારમાં :
કાખમાં રાખીને તેનો ટેકો દેતો જતો હતો,
સાચેસાચી સાક્ષી હું પૂરીશ સરકારમાં. ૭૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂપતિને સંભળાવા કોઈ વ્યાસે કથા વાંચી :
તલમાત્ર માંસ ખાય તે નરકે જાય છે;
જે પ્રાણીનું માંસ ખાધું તે પ્રાણિયો વાત્ર બની
તેનું માંસ તોડી ખાય, તેથી દુઃખી થાય છે.
સાંભળીને શંકા કરી રાજાએ કરીને રીસ,
વાત ઉલટાવા ત્યારે વ્યાસજી ચહાય છે :
તે માટે જ તલમાત્ર માંસ કોઈ ખાતા નથી;
ખાય છે તે તલમાત્રથી વિશેષ ખાય છે. ૭૯

કૈતવાપહ્નુતિ

દોહરા

તેહ "કૈતવાપહ્નુતિ" એક તણે મિષ જ્યાંય
વર્ણન કરિયે અન્યનું, સમજે બુધ મનમાંય. ૮૦
વિચર્યાં શ્રીહરિ વન વિશે, હરખ્યા વન વસનાર,
તરુવર સૌ કંપન–મિષે નૃત્ય કરે તે ઠાર. ૮૧
પુનઃ–હે હરિજન, આ તો જુઓ ઉમંગ રાખી ઉર;
કરે પ્રભુની પ્રદક્ષિણા ફરવા મિષ શશિ–સૂર. ૮૨

ટીકા—એમાં ફરવાને મિષે પ્રદક્ષિણા કરે છે કહ્યું. આશાધરે ટીકા કરેલી કારિકામાં 'કૈતવાપહ્નુતિ' પછી 'છેકાપહ્નુતિ' છે અને કુવલયાનંદમાં એથી ઊલટું છે.

૧૨. ઉત્પ્રેક્ષા અલંકાર

દોહરા

કરે અન્યથા કલ્પના વસ્તુ હેતુ ફળમાંહિ
"ઉત્પ્રેક્ષાલંકાર" છે તે તો જાણો ત્યાંહિ. ૮૩
વસ્તૂત્પ્રેક્ષા દ્વિવિધ છે ઉક્તાસ્પદા અનુક્ત;
ભેદ ભણું છું તેહના, સમજે જે મતિ–જુક્ત. ૮૪
જે કોઈ વસ્તુ વિશે કરી કલ્પના સોય,
ઉક્તાસ્પદમાં હોય છે, અનુક્તમાં નહિ હોય. ૮૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેતુ ફળ ઉત્પ્રેક્ષણા બે બે વિધની જાણ;
આસ્પદ સિદ્ધ અસિદ્ધ તે પંડિત કરે પ્રમાણ. ૮૬
હેતુની કે ફળ તણી અન્ય કલ્પના જેહ,
દીસે સિદ્ધ અસિદ્ધ કે, તમે તપાસો તેહ. ૮૭

કવિત

હેતુ બતાવામાં ત્રીજી પાંચમી વિભક્તિ હોય,
ફળ બતાવામાં ચોથી વિભક્તિ જ હોય છે;
કાં તો પામવા ને લેવા એવા એવા શબ્દ હોય,
ફળ ઉતપ્રેક્ષા તમે જાણો, ભાઈ, તોય છે.
હેતુ જે કહેલું હોય તે હેતુ જો સિદ્ધ હોય
તો તે સિદ્ધ-વિષયા છે; કહે સહુ કોય છે.
ફળ-ઉતપ્રેક્ષામાં તે ફળ સિદ્ધ જો થયેલું
તો તે સિદ્ધ-વિષયા અલંકાર ગણ્યોય છે. ૮૮

ઉકતાસ્પદા વસ્તૂત્પ્રેક્ષા

દોહરો

લક્ષ્મીનારાયણ તણું મંદિર ઉજ્જવળ એહ,
શિખર ધવળગિરિનું હશે હું જાણું છું તેહ. ૮૯

ટીકા—એમાં 'મંદિર' ઉપમેય છે તે કહી બતાવ્યું, માટે તે 'ઉક્તાસ્પદા વસ્તૂત્પ્રેક્ષા' છે અને 'હું જાણું છું' એ ઉત્પ્રેક્ષાવાચક શબ્દ છે.

પુનઃ દોહરો

ચક્ષુ વિલોક્યાં વૃદ્ધનાં ચસમાં સુધ્ધાં ચાર,
શું પ્રજ્ઞાચક્ષુ દીસે અંતર તણાં બહાર? ૯૦

ટીકા—એમાં 'ચસમાં' વર્ણ્ય છે તે બતાવ્યાં, માટે વસ્તૂત્પ્રેક્ષા છે અને 'શું' ઉત્પ્રેક્ષાદર્શક શબ્દ છે.

પુનઃ દોહરો

જાણું માનું શું નકી જાણે હશે જ હોય,
ઉત્પ્રેક્ષાદર્શક ભલા શબ્દો કહિયે સોય. ૯૧

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ટીકા—એ શબ્દો હોય તો 'વાચ્યોત્પ્રેક્ષા' અને તેનો અધ્યાહાર થતો હોય તો 'ગમ્યોત્પ્રેક્ષા' કહેવાય.

### અનુક્તાસ્પદા વસ્તૂત્પ્રેક્ષા

ગીતિ

જગ્ન કર્યો મા'રાજે, વિપ્ર હજારો જમે, જુઓ આજે;
જમતાં દ્વિજ હરખે છે, ઘૃત તો જાણે ઘણું જ વરસે છે. ૯૨

ટીકા—બીજા ઉદાહરણમાં 'ઘી વરસે છે' કહ્યું પણ કહેવાનું એ છે કે એવી રીતે ઘી પીરસાય છે 'તે પીરસાય છે' કહ્યું નહિ; માટે 'અનુક્તાસ્પદા વસ્તૂત્પ્રેક્ષા' છે.

### સિદ્ધાસ્પદા હેતૂત્પ્રેક્ષા

દોહરો

કોકિલ તો કૂકૂ કહે સુણીને સૌનાં નામ,
તે નિંદકનું તેથી શું થયું હશે તન શ્યામ? ૯૩

ટીકા—કોયલને પૂછિયે કે મોર કેવો, પોપટ કેવો, મેના કેવી, તે સૌનાં નામ સાંભળીને 'કુકુ' એટલે 'કુત્સિત' એટલે 'ખોટાં' એમ કહે છે; તે કારણથી જ તે નિંદા કરનારીનું આખું શરીર કાળું થયું હશે કે શું? એમાં 'કુકુ બોલે છે' તે 'આસ્પદ' કહેતાં 'વિષય' છે તે તો સિદ્ધ છે જ, તેને પાંચમી વિભક્તિ જોઇયે તે પણ છે, માટે 'સિદ્ધવિષયા હેતૂત્પ્રેક્ષા' છે.

### અસિદ્ધાસ્પદા હેતૂત્પ્રેક્ષા

દોહરો

મળ્યો લેખ મેરાઈને જતાં ગાંભુનું રાજ,
જાજમ પાથરી તેથી શું બેસારે સૌ આજ? ૯૪

ટીકા—એમાં મેરાઈને જાજમ પાથરી આપે છે તે ઉપર કલ્પના કરી છે. પણ તેને ગાંભુનું રાજ જતાં લેખ મળ્યો તે કારણ બતાવ્યું, પણ તે લેખ મળ્યો નથી માટે 'અસિદ્ધવિષયા હેતૂત્પ્રેક્ષા' છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પુનઃ અસિદ્ધાસ્પદા હેતૂત્પ્રેક્ષા

દોહરો

'જોગી કહે જન સૌ મને' એવી ધરી ઉર આશ
જટા વધારી તેથી શું વડે કર્યો વનવાસ? ૯૫

ટીકા—એમાં વડે જોગી કહેવરાવાની આશાથી જટા વધારી નથી, પણ 'એવી આશાથી વધારી' એવું કારણ બતાવ્યું તે વિષય છે. વડને એવી આશા નથી, માટે એ 'અસિદ્ધવિષયા હેતૂત્પ્રેક્ષા' છે.

## સિદ્ધાસ્પદા ફલોત્પ્રેક્ષા

દોહરો

અધર રાખવા આભને થંભ સરીખું આજ
આ મંદિર ઊંચું ઘણું રચ્યું હશે મહારાજ! ૯૬

ટીકા—આભ સ્વભાવે ઊંચો રહેલો છે તે ફળ સિદ્ધ છે, માટે 'સિદ્ધવિષયા ફલોત્પ્રેક્ષા' છે.

## અસિદ્ધાસ્પદા ફલોત્પ્રેક્ષા

દોહરો

ઊંધે શિર લટકી રહી વડે, જુઓ, વાગોળ;
રાજ પામવા પુનર્ભવે શું તપ કરે અડોળ? ૯૭

ટીકા—એમાં વાગોળ આવતે ભવે રાજ્ય પામવા સારુ તપ કરતી નથી, પણ એવા ફળની કલ્પના કરી તે વિષય છે પણ તેને ઇચ્છા નથી માટે 'અસિદ્ધવિષયા ફલોત્પ્રેક્ષા' છે. એ રીતે ઉત્પ્રેક્ષાના છ પ્રકાર કહ્યા તે વાચ્યોત્પ્રેક્ષા છે; તેમજ ઉત્પ્રેક્ષાવાચક શબ્દો વિના પણ છ પ્રકારની ગમ્યોત્પ્રેક્ષા થાય, તેમાં બેનું ઉદાહરણ કહિયે છૈયે.

## સિદ્ધાસ્પદા વસ્તુગમ્યોત્પ્રેક્ષા

ઉપજાતિ વૃત્ત

દિવાળીની દીપકમાળ સારી દેખી કહ્યું કોઇ જને વિચારી:
હીરા તણા આ સણગાર સારા ધરિત્રિયે છે નિજ અંગ ધાર્યા. ૯૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ટીકા**—એમાં દીપમાળ આરપદ છે તેમાં હીરાના હાર વસ્તુની ઉત્પ્રેક્ષા કરી અને ઉત્પ્રેક્ષાવાચક શબ્દ નથી તેથી ' સિદ્ધારપદા વસ્તુ-ગમ્યોત્પ્રેક્ષા ' થઈ.

### હેતુગમ્યોત્પ્રેક્ષા

વસંતતિલકા વૃત્ત

પાદાબ્જ પેખી પ્રભુનાં સુકુમાર સારાં
પદ્મો રહ્યાં જળ વિશે જઇને બિચારાં.
પેખી પ્રભુની ગતિ ગર્વ નહિ જ રાખે,
માતંગ લાજી નિજ મસ્તક ધૂળ નાખે. ૯૯

## ૧૩. રૂપકાતિશયોક્તિ અલંકાર

દોહરા

રૂપક–અતિશય–ઉક્તિ તે, કેવળ જ્યાં ઉપમાન;
ગુણથી તથા ક્રિયા થકી થાય વર્ણ્યનું જ્ઞાન. ૧૦૦
છ પ્રકાર રૂપક તણા પ્રથમ જણાવ્યા જેહ,
રૂપક–અતિશય–ઉક્તિના એવા ભેદ છ એહ. ૧૦૧

**ટીકા**—પણ ગ્રંથ વધી જાય માટે એક ભેદનું ઉદાહરણ કહેશું. ઉત્પ્રેક્ષામાં 'એમ માનું છું.' અથવા 'હશે' એમ કહ્યું છે. અને અભેદ રૂપકમાં વર્ણ્ય જણાય ને ' આ ' ' અહ્ય ' ઈત્યાદિક કાંઈપણ શબ્દ હોય અને રૂપકાતિશયોક્તિમાં વર્ણ્ય જુદો જણાવવાનું કાંઇ ચિહ્ન હોય નહિ અને લુપ્તોપમામાં ઉપમાવાચકનો આભાસ હોય અને ભ્રાંતિમાનમાં તે વસ્તુમાં ભ્રાંતિ પડી હોય છે.

ઉપજાતિ વૃત્ત

સુધાંશુ છે સ્વચ્છ સમીપમાંય, સુધાની વૃષ્ટિ પણ તેથી થાય;
ચકોર પ્રેમી મળીને અનેક જોઈ રહ્યા છે કરી દૃષ્ટિ એક. ૧૦૨

**ટીકા**—આ ચંદ્રમાથી અમૃતની વૃષ્ટિ થાય છે તે હું જોઉં, અને અનેક પ્રેમી ચકોર એક નજરથી જોઈ રહ્યા છે. એમાં ગુણ અને ક્રિયા વિચારતાં જણાય છે કે શ્રીજી મહારાજનું સુખ આહ્લાદકારી ચંદ્ર છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાંથી વચનામૃત વરસે છે અને પ્રેમી ભક્ત મળીને એક નજરે જોઈ રહ્યા છે, નહિ તો અનેક ચકાર મળીને ચંદ્રને જુએ નહિ, કોઈ ચકાર કયાંય હોય અને કોઇ કયાંય હોય.

પુનઃ સ્ત્રગ્ધરા વૃત્ત

બે પદ્મો ઉપરે બે કદલી તરુ તણા થંભ રૂડા ધર્યા છે,
તે માથે કૂપ દીઠો, પછી ત્રિસરિતનાં સ્થાન ત્યાં તો કર્યાં છે;
ઊંચે છે શંખ સારો, તદુપરિ શશી છે, તાપ તે તો હરે છે;
મોટા આનંદ પામી મુનિજન સઘળા ધ્યાન તેનું ધરે છે. ૧૦૩

ટીકા—એમાં મુનિજનો તેનું ધ્યાન ધરે છે એમ કહ્યું તે ઉપરથી સમજાય છે કે તે શ્રીજીના અંગનું વર્ણન કર્યું છે. રણુવગડામાં રાતા ખીલા તે ગાજર, રણુવગડામાં હોલા હીંચે તે નાળિયેર, રણુવગડામાં લોહીનાં ટીંપાં તે ચણોઠી, એ બધાં રૂપકાતિશયોક્તિનાં ઉદાહરણ છે.

## સાપહ્નવરૂપક અતિશયોક્તિ અલંકાર

દોહરો

પર્યસ્તાપહ્નુતિ દીસે અતિશયોકિતમાં જ્યાંય,
રૂપક અતિશયઉક્તિ તો સાપહ્નવ સમજાય ૧૦૪

કવિત

થલમાં કમળ ચાર પાંચ પાંચ પાંખડીનાં,
નજરોનજર સર્વ સંતોએ નિહાળ્યાં છે.
કહું શું વખાણી તે તો કમળ છે કાંતિમાન,
રંગમાં કહું તો રાતા રંગનાં રૂપાળાં છે.
પાંખડિયે પાંખડિયે મોતી તો અકેક પેખ્યું,
કમળને રંગે દીસે રાતા રંગવાળાં છે.
જળના કમળમાંહીં મોતી કહે છે તે જૂઠું,
થલના કમળમાં મેં મોતી ભલાં ભાળ્યાં છે. ૧૦૫

ટીકા—એમાં શ્રીજીના ચરણકમળનું તથા નખરૂપી મોતીનું વર્ણન કર્યું તેથી રૂપકાતિશયોક્તિ છે, પણ એમાં જળનાં કમળમાં મોતીનો નિષેધ કર્યો તેથી સાપહ્નવ અતિશયોક્તિ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ભેદકાતિશયોક્તિ અલંકાર

દોહરા

જો કહિયે સર્વે થકી ન્યારી વસ્તુ આજ,
ભેદક અતિશયઉક્તિ તે કહે મહા કવિરાજ. ૧૦૬
પુરપુરમાં પેંડા ભલા કરે ભલે સૌ કોય,
પણ તે મથુરાપુર તણો પેંડો ન્યારો હોય. ૧૦૭

પુનઃ સવૈયો

કામ સુણી અરધે કથને જઈ કાસદ તુલ્ય કરો કદી કુદી,
શીત વૃથા ન વિચાર કરો, ન વિચાર કરો રજની વદિ સુદિ;
લાડુ જલેબી જમાડી જુઓ, અછતે પીરસો કદળીફળ છૂંદી,
સાકર ખાંડ સમર્પી જુઓ, પણ જીભ–મીઠાશની વાત જ જુદી. ૧૦૮

### સંબંધાતિશયોક્તિ અલંકાર

દોહરો

જેહ થવા સંભવ નહિ, થયું કલ્પિયે તેમ,
સંબંધાતિશયોક્તિ તો અલંકાર છે એમ. ૧૦૯

**ટીકા—સંબંધ અને સંભવ એ બે શબ્દોનો ભાવાર્થ એક છે. તે થવાનો યોગ નહિ તોપણ એમ થયું એવી જૂઠી કલ્પના કરે તે સંબંધાતિશયોક્તિ અલંકાર.**

કવિત

મુંબઈમાં ઠામ ઠામ વૈદ તો વિશેષ વધ્યા,
અનેક પ્રકારનાં તે ઓસડ બનાવે છે.
ગણ્યા ન ગણી શકાય, કોટમાં નહિ સમાય,
સંખ્યા તેની જોતાં અચરજ ઉપજાવે છે.
શેરિયે શેરિયે તથા ચૌટામાં ને ચકલામાં,
વૈદ વૈદ વૈદ એવાં નામ તો ધરાવે છે.
કૂતરાને મારવા જ્યાં કાંકરો નમીને લેયે,
ત્યાં તો એક વૈદરાજ હાથમાંહી આવે છે. ૧૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### અસંબંધાતિશયોક્તિ

( તે સંબંધાતિશયોક્તિથી ઊલટી છે. )

દોહરા

બનવાનો સંભવ છતાં ન બન્યું કહિયે તેહ,
અણુ-સંબંધાતિશય તો ઉક્તિ કહિયે એહ. ૧૧૧
શ્રેષ્ઠ સમૈયે દુર્ગપુર માણસ મળ્યાં અથાગ,
જોતાં ખાલી ક્યાંય પણ તલપુર ન મળે માગ. ૧૧૨

### અક્રમાતિશયોક્તિ અલંકાર

દોહરા

ઊપજે સાથે એકદમ કારણ કારજ બેય,
અક્રમ અતિશયઉક્તિ તો કહે, કવિજન તેય. ૧૧૩
આપે ઉત્તમ રામજી ઓસડ તે વખણાય;
ખાવું જાવું રોગનું બેય એકદમ થાય. ૧૧૪

ટીકા—ઉત્તમરામજી દાક્તર રાંદેરના સત્સંગી સારા છે તે ઔદીચ્ય બ્રાહ્મણ છે.

દોહરો

રામ રામના શત્રુઓ તજે ક્ષમા સમકાળ,
તજે જ સાથે કોશ પણ રામ-ખડગ ભૂપાલ. ૧૧૫

ટીકા—એમાં કહ્યું કે રામચંદ્રજી શત્રુ ઉપરની ક્ષમા તજે એટલે શત્રુઓ તરત 'ક્ષમા' કહેતાં પૃથ્વી તજીને જતા રહે છે, અને રામનું ખડગ કોશ કહેતાં મ્યાન તજે છે એટલે શત્રુ રાજાઓ 'કોશ' કહેતાં ખજાનો તજે છે; એ ઉદાહરણમાં શ્લેષાર્થ છે. જે અલંકારના લક્ષણમાં કહ્યું હોય કે આમાં શ્લેષાર્થ લાવવો તેમાં શ્લેષાર્થની જરૂર છે; તે વિના બીજા અલંકારોમાં શ્લેષાર્થ લાવે છે તે તો પંડિતાઈ જણાવવા વાસ્તે છે.

### ચપલાતિશયોક્તિ અલંકાર

દોહરા

કારણ જાણ્યાથી તરત કાર્યોત્પત્તિ જણાય,
ચપલાતિશયોક્તિ ભલો અલંકાર કે'વાય. ૧૧૬

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

આગમ સુણ્યું હનુમાનનું, ચમક્યો રાવણરાય;
પડયા મુગટ શિર ઉપરથી, થર થર કંપી કાય. ૧૧૭

પુનઃ

થાય પાપનો નાશ જો, જાય મહાપ્રભુ પાસ;
એવું સુણવા માત્રમાં થયો પાપનો નાશ. ૧૧૮

### અત્યંતાતિશયોક્તિ

દોહરો

પ્રથમ થયાનું પછી બને, પછીનું પ્રથમ જ થાય,
અત્યંતાતિશયોક્તિ તે ગુણવંતા કવિ ગાય. ૧૧૯

કવિત

સારા દેવી જને એમ સાંભળ્યું જે શ્રીજી આજ
કોટિ ભવ કેરાં કર્મ ચરણે મુકાવે છે;
તેથી એવી આશા રાખી સોંપવા સંચિતકર્મ
સભા મધ્યે શ્રીહરિની આગળ તે આવે છે.
નિયમ ધરાવા કર્મ ચરણે મુકાવા સારુ
જઈ એક જણ તહાં જળ માત્ર લાવે છે.
સંચિત કરમ ત્યાં તો પ્રથમ પ્રલય થયાં,
પછી કર્મ અર્પવાનો સંકલ્પ કરાવે છે. ૧૨૦

## ૧૪. તુલ્યયોગિતા અલંકાર

દોહરો

બહુ વર્ણ્યોનો એક ગુણ, બહુ અવર્ણ્યનો એક;
'તુલ્યયોગિતા' તેહ છે, વાંચો કરી વિવેક. ૧૨૧

વર્ણ્યૈકગુણ

ઉપજાતિ વૃત્ત

જો ભાઈ, સૂર્યોદય થાય જ્યારે, અંધારું ને તસ્કર ઘૂડ ત્યારે,
ખદ્યોત તારા ગણ સર્વ જેહ અદર્શ થૈ કયાંય રહે જ એહ. ૧૨૨



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાખી જૂની

બિલ્લાં કુત્તાં બ્રાહ્મણાં, ચોથાં ચુનારાં,
ખાવું થોડું ને વેર બહુ, પાંચમાં પીંજારાં. ૧૨૩

ટીકા—એ તુલ્યયોગિતા છે.

અવર્ણ્યૈકધર્મ

ઉપજાતિ વૃત્ત

શ્રીજીની જેણે મૂરતી નિહાળી પ્રત્યંગમાં કોમળ ને રૂપાળી,
શશિકળા કેળ સરોજ જેહ, કઠોર ભાસે તનમાંહિ તેહ. ૧૨૪

બીજા પ્રકારની તુલ્યયોગિતા

દોહરો

કરે વૃત્તિ રિપુ મિત્ર પર રાખી એક જ રીત,
'તુલ્યયોગિતા બીજી' તે સમજે સમજુ ચિત્ત. ૧૨૫

ઉપજાતિ વૃત્ત

સત્સંગી સારો ગણુતાં ગણાય, જ્યારે હરિ–દર્શન–કાજ જાય;
તથા કુતર્કી જન વાદ કામે શ્રીજી સમીપે જઈ હાર પામે. ૧૨૬

ટીકા—સત્સંગી પુષ્પનો હાર પામે, અને કુતર્કી હાર પામે એટલે હારી જાય.

પુનઃ દોહા

છે આ ચંદન વૃક્ષને શત્રુ મિત્ર સમાન,
પાળે કાપે તેહને દે સુગંધનું દાન. ૧૨૭

તુલ્યયોગિતા ત્રીજી

જેઓમાં ઉત્કૃષ્ટ ગુણ તે સહવર્ણ્ય ગણાય,
'તુલ્યયોગિતા ત્રીજી' તે સમજે સુજન સદાય. ૧૨૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત

પ્રવાસમાં કવિ એક પરા વિશે રાત રહ્યો,
ફરે કયાં મુકામ, કોઇને નહિ પિછાણિયા;
સરાણિયે સ્નેહથી ઉતાર્યો નિજ સદનમાં,
ચાકરી કરી વિશેષ, સારા જન જાણિયા.
કહે કવિઃ કાઠી કોળી કણબીને ફળિયે હું
ફર્યો, કોઈયે ન આવકાર ભાત્ર આણિયા.
નીચી નાતના શું જાણે પરોણાની ચાકરીમાં ?
બ્રાહ્મણ કે વાણિયા કે સમજે સરાણિયા. ૧૨૯

## ૧૫. દીપક અલંકાર

દોહરા

જ્યાં અવર્ણ્ય ને વર્ણ્યનો એક ધર્મ ઊચરાય,
અલંકાર 'દીપક' તહાં દીપકસમ દરશાય. ૧૩૦

ટીકા—જેમ દીવો ઘરના આરણામાં કર્યો હોય તે ઘરમાં તથા આસરીમાં પણ પ્રકાશ કરે, તેમ જ એક જ ધર્મ વર્ણ્યનો અને અવર્ણ્યનો બતાવે તે દીવા જેવો, માટે 'દીપક અલંકાર' તેનું નામ છે.

નભ શશીથી, જળ કમળથી, નદી જળ વડે સદાય,
તરુ શોભે ફળ ફૂલથી, રાજનીતિથી રાય. ૧૩૧

ટીકા—એમાં રાજા વર્ણ્ય છે અને નભ જળ અને નદી તરુ એ બધાં અવર્ણ્ય છે; પણ શોભવું એ ધર્મ સૌને એક છે માટે દીપકાલંકાર છે.

## ૧૬. આવૃત્તિ-દીપક અલંકાર

દોહરા

શબ્દાવૃત્તિ એક છે, અર્થાવૃત્તિ એક,
શબ્દ અર્થ એ બેયની છે આવૃત્તિ છેક. ૧૩૨

તે દીપક આવૃત્તિમાં વર્ણનીય સૌ હોય,
અવર્ણ્ય તો એકે નહિ, સમજે કવિજન સોય. ૧૩૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### શબ્દાવૃત્તિ દીપક

ગીતિ

શ્રીહરિ તણા વિજોગે અતિશય ઉત્તમ નરેશ અકળાય,
તેના તનની પીડા નાડી-પરીક્ષક નરોથી અ-કળાય. ૧૩૪

**ટીકા**—એમાં 'અકળાય' એટલે 'મૂંઝાય' અને છેલે 'અકળાય' એટલે 'ન કળી શકાય' એમ એક શબ્દના અર્થ જુદા છે, માટે 'શબ્દાવૃત્તિ' છે.

### પુનઃ શબ્દાવૃત્તિ

હરિગીત

હરિભક્ત આ હરિની પ્રસાદી પામીને હરખાય છે,
ધંતૂર-ફળ ને ભાંગ્ય આ જો હરખથી હર ખાય છે. ૧૩૫

### અર્થાવૃત્તિ

શ્રીધર્મ-સુતનું ધામ દેખી સંત મન વિકસે ઘણા,
ઉન્મત્ત ગંગા-નીર નીરખી મન ફૂલે હરિજન તણાં. ૧૩૬

### ઉભયાવૃત્તિ

હરિને નિહાળી હરિજનો આનંદ પામે છે અતિ,
શ્રીજીની વાણી સાંભળી આનંદ પામે સૌ યતિ. ૧૩૭

**ટીકા**—એમાં 'હરખાય' છે એટલે રાજી થાય છે અને ધંતૂર-ફળ 'હર' એટલે શિવજી 'ખાય' છે; એમાં શબ્દની આવૃત્તિ થઇ, પણ અર્થ જુદા છે; માટે 'શબ્દાવૃત્તિ' છે. બીજામાં 'દેખી' અને 'નીરખી' તે શબ્દો જુદા છે પણ અર્થ એક જ છે, તેમજ 'વિકસે છે' અને 'ફૂલે છે' તે બેય શબ્દો જુદા છે પણ અર્થ એક છે; માટે 'અર્થાવૃત્તિ' છે. ત્રીજામાં 'હરિજન આનંદ પામે છે' અને 'યતિ' એટલે સંતો 'આનંદ પામે છે,' એમાં શબ્દ અને અર્થ બેય એક જ છે, માટે 'ઉભયાવૃત્તિ' છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ૧૯. પ્રતિવસ્તૂપમા અલંકાર

દોહરો

પ્રતિવસ્તૂપમા વાક્ય બે ઉપમેય ને ઉપમાન,
ધર્મ એક તે બેયનો જુદે જુદે પદ માન. ૧૩૮

ઉપજાતિ વૃત્ત

અજ્ઞાન તો સંત મળ્યાથી જાય,
અંધારું આદિત્ય ઊગ્યે પળાય;
માહાત્મ્ય સંતોનું ગુણી જ જાણે
ન મૂલ્ય મૂર્ખો મણિનું પ્રમાણે. ૧૩૯

**ટીકા**—અર્થાવૃત્તિ દીપકમાં અને આમાં એટલો ફેર છે કે અર્થાવૃત્તિ દીપકમાં જુદાં જુદાં બે વાક્યોમાં વર્ણ્ય વસ્તુઓ હોય અને આમાં એક વાક્યમાં જ ઉપમેય અને એકમાં ઉપમાન હોય છે, અને જુદા જુદા શબ્દો વડે ધર્મ એક જ બતાવ્યો હોય છે. આમાં 'સંત' ઉપમેય છે. 'સૂર્ય' ઉપમાન છે, 'અજ્ઞાન' ઉપમેય; અને 'અંધારું' ઉપમાન છે. 'જાય' અને 'પળાય' એ બે ક્રિયામાં ધર્મ એક જ છે. છંદના ઉત્તરાર્ધમાં બીજું ઉદાહરણ છે તેમાં 'સંતનું માહાત્મ્ય ગુણી હોય તે જાણે' અર્થાત્ ગુણહીન હોય તે જાણે નહિ; જેમકે મૂર્ખ મણિનું મૂલ્ય જાણે નહિ, એમાં એક એક વાક્યમાં 'જાણે' કહ્યું અને બીજામાં 'પ્રમાણુ કરી શકે નહિ' કહ્યું, તોપણ 'ગુણહીન હોય તે સંતનું માહાત્મ્ય જાણે નહિ' અને 'મૂર્ખ મણિનું મૂલ જાણે નહિ' એ બેય વાક્યનો ભાવાર્થ એક છે; માટે "પ્રતિવસ્તૂપમા અલંકાર" છે. તથા

દોહરો

સદ્ગુણી જનના સદ્ગુણો લોકો કરે કબૂલ,
હીરા મુખથી નવ કહે 'લાખ ટકા મુજ મૂલ.' ૧૪૦

**ટીકા**—જેમ હીરો પોતે કહેતો નથી કે મારું મૂલ આટલું છે, લોકો કહે તે ખરું, તેમ ગુણવાનના ગુણ લોકો પોતાની મેળે કબૂલ કરે તે ખરા; એ રીતે બે વાક્યનો ધર્મ એક જ છે, માટે "પ્રતિવસ્તૂપમા" છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૧૮. દૃષ્ટાંત અલંકાર

દોહરા

ઉપમા ઉપમે વાક્ય બે, ધર્મ જુદા તે ઠાર,
ઉપમાવાચક શબ્દ નહિ, 'દૃષ્ટાંતાલંકાર.' ૧૪૧

કીર્તિમાન નૃપ અભય છે, રવિ છે પ્રતાપવાન,
મશાલચી દેખે નહિ, પુરાણીને નહિ જ્ઞાન. ૧૪૨

ટીકા—એમાં 'અભય રાજા કીર્તિમાન છે' અને 'રવિ પ્રતાપવાન છે' કહ્યું. તે રાજા ઉપમેય છે અને રવિ ઉપમાન છે, 'કીર્તિમાન' અને 'પ્રતાપવાન' એ બે ધર્મ જુદા છે. બીજા ઉદાહરણમાં 'પુરાણી' ઉપમેય છે અને 'મશાલચી' ઉપમાન છે. 'મશાલચી' મશાલના તેજથી અંજાઈ જવાથી દેખતો નથી તેમ પુરાણ ભણવાના ગર્વથી પુરાણી ઈશ્વરનું ખરું જ્ઞાન પામતો નથી, બીજાને જ્ઞાન આપે છે, એ બે ધર્મ જુદા છે, માટે દૃષ્ટાંત અલંકાર છે. 'પ્રતિવસ્તૂપમા'માં અને આમાં ભેદ એટલો છે કે પ્રતિવસ્તૂપમામાં ઉપમા-ઉપમેયનો ધર્મ એક હોય છે અને દૃષ્ટાંતાલંકારમાં ધર્મ જુદા હોય છે.

## ૧૯. નિદર્શના અલંકાર

દોહરો

સરખા બે વાક્યાર્થનો ધર્મ જુદો દેખાય,
પણ ઐક્યારોપણ કરે, 'નિદર્શના' કહેવાય. ૧૪૩

ઉપજાતિ વૃત્ત

કુપાત્રને દાન કર્યું કરાવ્યું, તે ખારમાં બીજ ખચીત વાવ્યું;
કુશિષ્યને જેહ કહ્યું મીઠાશે, બજાવિયો શંખ બધિર પાસે. ૧૪૪

ટીકા—'દૃષ્ટાંતાલંકાર'માં જુદા ધર્મનાં પણ મળતાં બે વાક્યો છે તેવાં બે વાક્યોનું 'જે' અથવા 'તે' શબ્દ વડે ઐક્યારોપણ થાય તે "નિદર્શના" છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### બીજા પ્રકારની નિદર્શના

દોહરા

ગુણ સમાન બે વસ્તુનો એક વિશે દેખાય,
બીજી તેહ 'નિદર્શના' કહે મહાકવિરાય. ૧૪૫

ઉન્નતતા ગિરિશિખરની લીધી મંદિરે એહ,
કોમળતા હરિચરણમાં દીઠી કમળમાં તેહ. ૧૪૬

ટીકા—જ્યાં ઉપમા ઉપમેયનો સરખો ધર્મ હોય તે ઉપમાનમાં કે ઉપમેયમાં એક ઠેકાણે કલ્પવો તે 'બીજી નિદર્શના' છે. પર્વતની ઉન્નતતા તે પદાર્થ છે તે મંદિરે લેવાય નહિ, પણ જેવી પર્વતની ઉન્નતતા છે તેવી મંદિરની ઉન્નતતા છે એવો ઉપમાન ઉપમેયનો સરખો ધર્મ છે તે બેયનો મંદિરની ઉન્નતતામાં ઐક્યારોપ કર્યો તેમજ શ્રીજીના ચરણની કોમળતા તે કમળમા દીઠી એ ઉપમેયનો ગુણ ઉપમાનમાં ઐક્યારોપ કર્યો, માટે તે 'પદાર્થવૃત્તિ નિદર્શના' છે.

### નિદર્શના ત્રીજી

દોહરો

બોધ શુભાશુભ અર્થનો કરે ક્રિયાથી એહ,
કરિયે એવી કલ્પના, ત્રીજી 'નિદર્શના' તેહ. ૧૪૭

### શુભાર્થબોધ નિદર્શના

ઉપજાતિ વૃત્ત

જે દર્શનાર્થે જન આવનાર, આપે, જુઓ, આ ધ્વજ આવકાર;
પામી વડું સ્થાન સુમાન દેવું, સૌ લોકને તે સૂચવે જ એવું. ૧૪૮

પુનઃ દોહરો

પાણું ચોખ્ખું જેહને, નભાવી લેવું તેહ,
નીર ન બોળે કાઠને એમ જણાવતું એહ. ૧૪૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### અશુભાર્થ-બોધ

ઉપજાતિ વૃત્ત

માંખી ઘૃતાદિ રસમાં પડે છે, ઘણા રસાસ્વાદ થકી મરે છે,
તેવી ક્રિયાથી જનને જણાવે, ઘણા રસાસ્વાદથી મોત આવે. ૧૫૦

## ૨૦. વ્યતિરેક અલંકાર

દોહરા

ઉપમા કે ઉપમેયમાં કહિયે કાંઈ વિશેષ,
'વ્યતિરેકાલંકાર' તે નહિ એમાં અંદેશ. ૧૫૧

ચિંતા ચિતાસમાન છે દેહદહન કરનાર,
અનુસ્વાર છે એટલો અધિક દીસે આકાર. ૧૫૨

### પુનઃ વ્યતિરેક અલંકાર

હરિગીત છંદ

નિસ્પૃહી છે જડ ભરત સરખા, સંત પણ વિદ્વાન છે,
ખર તુલ્ય ખળ છે, ખર અધિકતા પુચ્છ લાંબા કાન છે. ૧૫૩

ટીકા—એમાં 'ચિંતા' ઉપમેય છે અને 'ચિતા' ઉપમાન છે; તેમાં 'ચિંતા'ને માથે અનુસ્વાર છે એટલું વિશેષ છે. બીજા ઉદાહરણમાં 'સંત' ઉપમેય છે અને 'જડભરત' ઉપમાન છે. તેમાં જડભરત 'કાંઇ ભણ્યા નહોતા' અને સંત 'વિદ્વાન' છે એટલું ઉપમેયમાં વિશેષ બતાવ્યું. 'ખળ પુરુષ' ઉપમેય છે અને 'ખર' ઉપમાન છે. ખરને 'પૂંછડું' અને લાંબા કાન' છે એટલું ઉપમાનમાં વિશેષ કહ્યું. "વ્યતિરેક" માં ઉપમાવાચક હોય અને ન્યૂનાધિક રૂપકમાં તે શબ્દ ન હોય.

## ૨૧. સહોક્તિ અલંકાર

દોહરા

જન-મન-રંજન જ્યાં ભલો ભાખે કવિ સહભાવ,
'સહોક્તિ' તે તો સરસ છે, કહે રૂડા કવિરાવ. ૧૫૪

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

જેમ જેમ જન જગતમાં અધિક થાય ધનવાન,
તેમ તેમ વધી જાય છે ધન સાથે અભિમાન. ૧૫૫

પુનઃ ઉપજાતિ વૃત્ત

જૈને ગયા વામનં દાન પાત્ર, માગી જ પૃથ્વી ત્રણ્ય પાવ માત્ર,
ઊંચા વધ્યા વામન દેવ જ્યારે, સાથે વધી લાકડી તેહ વારે. ૧૫૬

**ટીકા**—કારણ ને કારજ સાથે થાય એમાં સહભાવ છે, પણ તે તો "અક્રમાતિશયોક્તિ" અલંકાર છે, અને ગુરુ ચેલો સાથે આવ્યા એમ કહિયે તેમાં સહભાવ છે પણ તે મનરંજન નથી, માટે તે 'સહોક્તિ' અલંકાર નથી; પણ ગોળા સાથે ગોફણ ગઈ એમ કહિયે તો એ મનરંજન છે, માટે 'સહોક્તિ અલંકાર' છે, તેમજ વામન સાથે લાકડી વધી તે 'સહોક્તિ' છે.

દોહરો

જૂડે જળમાં જે સમે દઢ પકડ્યો ગજરાજ,
નામ-કથન કરિવર-છૂટન થયાં સાથ બે કાજ. ૧૫૭

## ૨૨. વિનોક્તિ અલંકાર

દોહરા

વર્ણનીય કાંઈક વિના ગણતાં હીન ગણાય,
'વિના' શબ્દના અર્થથી તે પણ 'વિનોક્તિ' થાય. ૧૫૮

અરે કદી જન એકમાં સઘળા સદ્ગુણ હોય,
વિના વિનય ગુણ તેહનો કરે ન આદર કોય. ૧૫૯

સવૈયો,

દેશ વિશેષ વિશે વિચર્યો, વર વા'ણ ચડી પરદેશ વળ્યો;
ઉદ્યમ શોધી અનેક કર્યા, ભટક્યો, બહુધા શિર ભાર વળ્યો;
સ્વારથ સિદ્ધ થવા સમજી નર કંજૂસને 'નૃપ ભોજ' કહ્યો;
કલ્પિત કોટિ ઉપાય કર્યા, પણ ભાગ્ય વિના ધનહીન રહ્યો. ૧૬૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટીકા—'વિના' એવો શબ્દ ન હોય પણ જ્યાં 'વિના' એવો અર્થ હોય તે પણ 'વિનોક્તિ' અલંકાર છે. 'ગુરુ વિના ચેલો એકલો આવ્યો' એમાં મનરંજનપણું નથી, માટે તે અલંકાર નથી.

ઉપજાતિ વૃત્ત

જે કૃષ્ણભક્તિ ન કરે કદાપિ મનુષ્યનો દેહ મળ્યો તથાપિ,
સાધ્યો નહિ જો નિજ જીવ-અર્થ તો તેહનો તે જન-જન્મ વ્યર્થ. ૧૬૧

ટીકા—એમાં 'વિના' શબ્દ નથી, પણ અર્થ એવો નીકળે છે કે 'નરદેહ પામ્યો પણ કૃષ્ણની ભક્તિ વિના અને પોતાના આત્માનો અર્થ સાધ્યા વિના તેનો માણસનો જન્મ વ્યર્થ છે'; તે પણ 'વિનોક્તિ' અલંકાર છે.

વિનોક્તિ અલંકાર બીજો

દોહરા

જે પ્રસ્તુત કાંઈક વિના નાહનાક વખણાય,
તે પણ તેમ 'વિનોક્તિ' તે અર્થ થકી પણ થાય. ૧૬૨
શોભે વિદ્યાદિક ગુણો વિના ધર્યે અભિમાન,
જાય અહં મમતા ટળી, ગણાય સાચું જ્ઞાન. ૧૬૩

ટીકા—એના ઉત્તરાર્ધમાં 'વિના' શબ્દ નથી પણ અર્થ એવો નીકળે છે કે 'અહં મમતા વિના હોય ત્યારે સાચું જ્ઞાન ગણાય;' માટે તે 'વિનોક્તિ' અલંકાર છે.

૨૩. સમાસોક્તિ અલંકાર

દોહરા

જ્યાં પ્રસ્તુત વર્ણન વિશે અપ્રસ્તુત આભાસ,
'સમાસોક્તિ' સૌ કો કહે જેને જ્ઞાન ઉજાસ. ૧૬૪
જો બહુ જન મજ્જન કરે ચંદ્રકળા મોઝાર,
એથી ઊપજે અંગમાં શીતળતા ગુણ સાર. ૧૬૫

ટીકા—એમાં કોઇ નહિ હોય તેમાં બહુ માણસો નહાતાં હોય તેથી તેનાં શરીર ઠંડાં થતાં હોય એવો આભાસ થાય છે, માટે 'સમાસોક્તિ'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અલંકાર છે. બીજું ઉદાહરણ કાઢીને વિપ્રે કહ્યું કે તમારે પૂજા અને મંત્ર જપવો તે શું ? ત્યારે એ કાઠિયે 'કવિત' કહ્યું :

કવિત

બ્રાહ્મણની રીતિને તો બ્રાહ્મણે ભગાડી મૂકી,
એ તો કાઠિયોને ઘેર આવી ચાલી ચાલી છે.
અમે જાણ્યું ઈશ્વરે જ આપી એ તો આપણને;
પવિત્ર જાણીને અમે પુત્રી જેમ પાળી છે.
પૂરું માન પામી તેથી તેને પણ ત્યાં જ ગમ્યું;
એના પર હેતની તો અમે હદ વાળી છે.
કાઠિયોની રીતિ હતી તેને અમે કાઢી મૂકી,
ઘણા બ્રાહ્મણોયે તેને ઘરમાંહી ઘાલી છે. ૧૬૬

ટીકા--એમાં રીતિ નામે કોઈ સ્ત્રીને કાઢી મૂકી હોય એવા અર્થનો આભાસ થાય છે માટે "સમાસોક્તિ" છે.

પુનઃ દોહરો

સારો ધર્મ સુવર્ણનો ગુણ જે સરસ ગણાય,
કહોજી, કેના ઘર થકી પામ્યા કાઠી રાય ? ૧૬૭

ટીકા--એમાં 'સુવર્ણનો' એટલે સારી જાતિનો બ્રાહ્મણનો ધર્મ જે સારો ગુણ ગણાય તે કયે ઠેકાણેથી પામ્યા, એમ કહ્યું. પણ સારો 'સુવર્ણનો' એટલે સોનાનો ગુણ કહેતાં દોરો કયા સોનીની દુકાનેથી પ્રાપ્ત્યો, એવા અર્થનો આભાસ થાય છે. 'સુવર્ણનો' અને 'ગુણ' એ બે શબ્દો વિશેષણ છે તેના બે અર્થ થાય છે, પણ આ ઠેકાણે ધર્મ પ્રસ્તુત છે તે શબ્દના બે અર્થ થતા નથી તેમજ 'સમાસોક્તિ'માં પ્રસ્તુત નામના બે અર્થ હોય નહિ, વિશેષણ આદિકના બે અર્થ કરવા હોય તો કરાય.

## ૨૪. પરિકર અલંકાર

દોહરો

કહે વિશેષણ વર્ણ્યનું સજ્જન સાભિપ્રાય,
નિશ્ચે 'પરિકર' નામનો અલંકાર એ થાય. ૧૬૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત

પદે ધર્યાં ચિહ્ન સુવજ્ર-છાપ, હે શ્રીહરિ, છો જગદિંદ્ર આપ;
છે કામ વૃત્રાસુર તુલ્ય ભારી, તેનાથી રક્ષા કરજો અમારી. ૧૬૯

ટીકા--એમાં અભિપ્રાય એવો છે કે તમે ઇંદ્ર છો, માટે વૃત્રાસુર જેવાથી રક્ષા કરો.

ઇંદ્રવજ્રા વૃત્ત

કીર્તિ સહસ્રાનન શેષ ગાય, તેનો નહિ પાર કદી પમાય,
તો કેમ હું એક મુખે ઉચારું ? કીર્તિ પ્રભુની અતિ, એમ ધારું. ૧૭૦

ટીકા--એમાં શેષ પાર ન પામે તો હું એક-મુખવાળો શા માત્ર છું, એવો અર્થ છે. તે 'કાવ્યાર્થાપત્તિ' અલંકાર જણાય, પણ 'કાવ્યાર્થાપત્તિ'માં સાભિપ્રાય વિશેષણ નથી એટલો ફેર છે.

## ૨૫. પરિકરાંકુર અલંકાર

દોહરા

સાભિપ્રાય વિશેષ્ય જો કહે કવિજન કાંઈ,
'પરિકર-અંકુર' પ્રકટ તે સમજો સૌ મન માંઈ. ૧૭૧

હે શ્રી સહજાનંદજી સુખદાતા સુખ-કંદ,
અમને આપ-સ્વરૂપનો દો સહજે આનંદ. ૧૭૨

પુનઃ

હું આવ્યો તુજ ઘેર, પણ તેં ન કર્યું મુજ કાજ;
કહ્યા વિના શું જાણું હું ? જાણે શ્રીમહારાજ. ૧૭૩

ટીકા--શ્રીજી મહારાજ અંતર્યામી છે, માટે તે કહ્યા વિના તો જાણે, એમાં 'શ્રી મહારાજ' સાભિપ્રાય વિશેષ્ય છે.

## ૨૬. શ્લેષ અલંકાર

દોહરો

અર્થ અનેક પ્રકારના જે સુણતાં સમજાય,
તે 'શ્લેષાલંકાર' છે; સુણી હૈયું હરખાય. ૧૭૪

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

વર્ણન અનેક વર્ણ્યનું, કે અવર્ણ્યનું એહ,
કાંતો વર્ણ્ય અવર્ણ્યનું, ત્રણ પ્રકાર છે તેહ. ૧૭૫

**ટીકા**--વર્ણન કરવા યોગ્ય એકથી વધારે વસ્તુને અર્થ લાગુ પડે તે 'વર્ણ્ય શ્લેષ' કહેવાય અને એકથી વધારે અવર્ણ્યને અર્થ લાગુ પડે તે 'અવર્ણ્ય શ્લેષ' કહેવાય અને એકથી વધારે વર્ણ્યને તથા અવર્ણ્યને બેયને લાગુ પડે તે 'વર્ણ્યાવર્ણ્ય શ્લેષ' કહેવાય; એ રીતે ત્રણ પ્રકારનો 'શ્લેષાલંકાર' છે. તે વિના કોઈ શબ્દોના વધારે અર્થ થાય તે શ્લેષાર્થ ખરો, પણ શ્લેષાલંકાર નહિ.

### લક્ષ્મી તથા નારાયણ વિશે

દોહરા

નમું જલધિ–જામાતને, વર જેનો બળવાન,
અંબરાદિ છે અંગમાં, શક્તિ–સર્વ–નિધાન. ૧૭૬

**ટીકા**--'જલધિજા' એટલે સમુદ્રથી જન્મેલી માતાને હું નમસ્કાર કરું છું, જેનો 'વર' એટલે પતિ બળવાન છે અને જેના અંગમાં વસ્ત્ર આદિક છે તે શક્તિ સર્વ વસ્તુનો ભંડાર છે તે રૂપૈયા માનિયે તો રૂપૈયામાં જે વસ્તુ જોઇયે તે છે. હવે નારાયણ વિશે 'સમુદ્રના જામાત' એટલે જમાઇને હું નમું છું, જેનો 'વર' કેતાં વરદાન બળવાન છે અને 'અંબર' કહેતાં આકાશ આદિક પંચભૂતાત્મક બ્રહ્માંડ જેના શરીરમાં છે અને 'સર્વશક્તિ' કહેતાં સર્વ ઐશ્વર્યના ભંડારરૂપ તે નારાયણ છે. એમાં લક્ષ્મીજીનું તથા નારાયણનું બેયનું વર્ણન છે માટે તે 'વર્ણ્ય-શ્લેષ' છે; વળી બીજું ઉદાહરણ લખિયે છૈયે.

ઉપજાતિ વૃત્ત

વિભૂતિવાળા વૃષ પાળનારા, ઉન્મત્ત ગંગા ધરી શીશ ધારા,
છે નાગમાળા પ્રિય–ભુત–નાથ, છે દક્ષ–જામાત સુદેવી સાથ. ૧૭૭

**ટીકા**--એમાં શ્રીજી મહારાજનું અને શિવજીનું વર્ણન છે. શ્રીજી મહારાજ 'વિભૂતિ' કહેતાં વૈભવવાળા છે અને 'વૃષ' જે ધર્મ તેને પાળનારા છે અને ઘેલા નદીના ખળખળિયાના જળની ધારાઓ મસ્તકે ધરનારા છે, અને દાદાખાચરના બનેવી 'નાગમાળા'ના પ્રિય વહાલા છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂત પ્રાણી માત્રના નાથ છે અને દક્ષપ્રજાપતિની પુત્રી ભક્તિમાતા તે દિવ્ય રૂપે તેમની સાથે છે. હવે શિવજી વિશે—તેમણે અંગે 'વિભૂતિ' ચોળી છે, પોઠિયાને પાળનારા છે, ઉન્મત્ત છે અને ગંગાજળની ધારા મસ્તકે ધારણ કરી છે; કંઠે નાગની માળા છે તે તેમને પ્રિય છે; ભૂત પ્રેતના નાથ છે, દક્ષપ્રજાપતિની પુત્રી પાર્વતી દેવી તેમની સાથે છે. એમ 'વણ્ર્ય શ્લેષ.'

### અવણ્ર્ય શ્લેષ

#### દોહરો

ગંગાધર વિષ–ચાપધર નાગ–ધરણ શશિધાર<br>
એ સમ ઉત્તમ નૃપતિ છે હરિ–આજ્ઞા–ધરનાર. ૧૭૮

ટીકા—દ્વારકાધીશ શ્રીજીની આજ્ઞા પાળવામાં સમુદ્ર જેવા અથવા શિવજી જેવા છે. તે સમુદ્ર ગંગા નદીનું ધારણ કરે છે તથા ઝેર પણ તેણે જ મથ્યું હતું. સારંગ ધનુષ, નાગ કહેતાં એરાવત હાથી તથા ચંદ્રમાનું પણ તેણે ધારણ કર્યું હતું અને શ્રીજીની આજ્ઞા ધારી સમુદ્ર મર્યાદામાં રહે છે તેના જેવા ઉત્તમ રાજા છે. હવે શિવજી કેવા છે? તો ગંગાના ધરનારા છે, વિષ તથા પિનાક નામનું ધનુષ ધાર્યું છે, નાગ તથા ચંદ્રમાનું ધારણ કર્યું છે, અને હરિની આજ્ઞા ધરે છે, એવા ઉત્તમ રાજા પણ હરિની આજ્ઞા ધરનારા છે.

### ઉભય શ્લેષ

#### દોહરો

ઉન્મત સરિતા પતિ પ્રબળ મળિયા હરિ મરાલ,<br>
અમર જનક જીવન–ધરણ મર્યાદા પ્રતિપાળ. ૧૭૯

ટીકા—ઉત્તમ રાજા મર્યાદા પાળનાર સમુદ્ર જેવા છે, ઘણા નદીના તે માલેક છે તથા બળવાન છે, હરિ તથા પરમહંસોને પણ મળેલા છે, અમરા આસ્રરના પિતા છે, પોતાના જીવનનું ધારણ કરે છે, અને મર્યાદા પાળે છે અને સમુદ્ર ઉન્મત્ત છે, નદિયોનો પતિ છે, બળવાન છે, અને હરિ કહેતાં સર્પ તેમાં મળેલા છે. તથા હંસો તેને મળ્યા છે, અને ચંદ્ર દેવ આદિક અમરનો પિતા છે. અને પોતાની મર્યાદા એટલે હદ તેને પાળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૨૬. અપ્રસ્તુતપ્રશંસા અલંકાર

### તેનું લક્ષણ–હરિગીત

કરવાનું વર્ણન જેહનું નથી તેહનું વર્ણન કરે,
કરવાનું વર્ણન જેહનું છે તેહ ઉપર તે ઠરે.
તેનું જ 'અપ્રસ્તુતપ્રશંસા' નામ તો કહેવાય છે;
પંડિત જનો જાણે જ તે, પાંચે પ્રકારે થાય છે.
ઉપમેય ને ઉપમાનના સરખા ગુણો જે હોય છે,
"સારૂપ્ય નામ નિબંધના" નિશ્ચે જ તેનુ નામ છે. ૧૮૦

### સારૂપ્ય-નિબંધના અપ્રસ્તુતપ્રશંસા-ભેદ

ઉપજાતિ વૃત્ત

છે તાડ તો ખૂબ વધ્યો વિશેષ, કર્યો ન તેણે ઉપકાર લેશ;
ઢાંક્યો નહિ રે નિજ દેહ કાંઈ, કોઈ ન બેસે વળી છાંયમાંઈ. ૧૮૧

**ટીકા**—એમાં કૃપણ આદમી મોટાઈ પામીને કોઇનો ઉપકાર કરે નહિ, અને પોતાને શરીરે પણ પૂરાં લૂગડાં પહેરે નહિ, એવનું વર્ણન કરવું તે અપ્રસ્તુત છે. તેને બદલે તાડ અપ્રસ્તુત છે તેનું વર્ણન કર્યું, માટે અપ્રસ્તુતપ્રશંસા છે.

પુનઃ કવિત

ઊંટ કહે: આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાંની પૂંછડીનો વાંકો જ વિસ્તાર છે;
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શિંગડાંનો ભાર છે;
સુણી એક શુક કહે: સુણો, ભલા ઊંટ ભાઈ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે. ૧૮૨

**ટીકા**—એમાં પારકી નિંદા કરનાર વિશે કહ્યું એ સો નિંદા પ્રસ્તવે કહ્યું; હવે સ્તુતિ પરત્વે કહિયે છેયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો

નાવ, તને તો ધન્ય છે, તું આશ્રય-દાતાર;
આશ્રય આવે તેહને ઉતારે છે પાર. ૧૮૩

ટીકા—એમાં નાવનું વર્ણન કર્યું, પણ જે માણસ પોતાના આશ્રિતને નિર્ધનપણામાંથી પાર ઉતારે છે તે વિશે કહ્યું, માટે 'અપ્રસ્તુતપ્રશંસા' છે. આશાધર એને 'અપ્રસ્તુતાવગતિ' કહે છે. અને અપ્રસ્તુત જે કૃપણ તેના સરખા ગુણવાળા તાડનું વર્ણન કર્યું, માટે 'કુવલયાનંદ'માં તેને 'સારૂપ્યનિબંધના અપ્રસ્તુતપ્રશંસા' કહી છે. અને જૂના ગ્રંથોમાં તેને "અન્યોક્તિ અલંકાર" કહ્યો છે. કોઇની નિંદા કે વખાણ પરોક્ષપણે કરવાં હોય ત્યારે "અન્યોક્તિ અલંકાર" કામમાં આવે છે. વળી અપ્રસ્તુતપ્રશંસાના બીજા ચાર ભેદ છે તે કહિયે છૈયે.

## કારણ-નિબંધના અપ્રસ્તુતપ્રશંસા

દોહરા

કારણનું વર્ણન કરે, કાર્ય તેથી સમજાય,
તે 'કારણનિબંધના' કહે મહાકવિરાય. ૧૮૪

વિપ્રે નિજ સુતને કહ્યું: અભણ મૂર્ખ હે બાળ;
તેથી તે તો કાશિયે નાશી ગયો તત્કાળ. ૧૮૫

ટીકા—એમાં કાશિયે જવાનું કારણ બતાવ્યું, માટે 'કુવલયાનંદ'માં તેનું નામ 'કારણનિબંધના' કહ્યું છે. તે કારણમાંથી વિદ્યાભ્યાસરૂપી કારજ થયાનું સમજાય છે, માટે આશાધરે એનું નામ "કાર્યાવગતિ" રાખ્યું છે.

## કાર્યનિબંધના અપ્રસ્તુતપ્રશંસા

દોહરો

કાર્યનું જ વર્ણન કરે, કારણ તેનું જણાય,
તે તો 'કાર્યનિબંધના' ત્રીજો ભેદ કહેવાય. ૧૮૬

પદ્મવૃંદ પ્રફુલ્લિત થયાં, તારા થવા અદર્શ,
ચકવા ચકવી આ જુઓ, હૈડે પામ્યાં હર્ષ. ૧૮૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજું ઉદાહરણ : કવિત

વાટે લૂટનાર ગયા, ધાડ પાડનાર ગયા,
ચાળીશ જોજન ચાર પ્રહરે જવાય છે;
શુભ કે અશુભ સમાચાર સગા સ્નેહિયોને
પાંચસે ગાઉ તો એક પળે મોકલાય છે.
સો રુપૈયે ભાગવત પુસ્તક ન સાંપડતું
દશ રૂપૈયાથી પૂરેપૂરું તે પમાય છે.
સંત જન સર્વ ઠામ સુખથી સ્વધર્મ પાળે;
આજનો સમય જોતાં અચરજ થાય છે. ૧૮૮

ટીકા—પહેલા ઉદાહરણમાં. 'કમળ પ્રફુલ્લિત થયાં' આદિક કારજનું વર્ણન કર્યું. તેનું કારણ સૂર્યોદય સમજાય છે, બીજા ઉદાહરણમાં જે કારજ બતાવ્યું તેનું કારણ પરમેશ્વરની ઇચ્છાયે આવેલું અંગ્રેજનું રાજ્ય સમજાય છે; માટે આશાધરે એનું નામ 'કારણાવગતિ' રાખ્યું છે.

### સામાન્ય-નિબંધના અપ્રસ્તુતપ્રશંસા

હરિગીત

સામાન્ય સૌ જન કારણે જે કાંઈ વર્ણન થાય છે,
તે કોઈ એક વિશેષને જ વિશે કહ્યું સમજાય છે;
સામાન્ય તેહ નિબંધના કોવિદ જનો સુખથી કહે,
તે ભેદ અપ્રસ્તુતપ્રશંસાનો જ ચોથો થૈ રહે. ૧૮૯

ટીકા—કોઈ એક વસ્તુને કે એક સમુદાયને લાગુ પડે તે.

ઉપજાતિ વૃત્ત

સ્ત્રીને તજે અષ્ટ પૂરા પ્રકારે, જે દ્રવ્યનો સ્પર્શ કરે ન ક્યારે,
વદે નહિ જે અપશબ્દ વાચા, તે તો કહીજે મુનિ સંત સાચા. ૧૯૦

ટીકા—એમાં કહ્યું કે જે કોઈ આવો ધર્મ પાળે તે સાચા સંત કહેવાય એમ સૌને સામાન્ય કહ્યું, પણ એવા તો આજ સ્વામિનારાયણના સાધુ છે, એમ સમજાય છે, માટે તેનું નામ 'વિશેષાવગતિ' પણ કહેવાય.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### વિશેષનિબંધના અપ્રસ્તુતપ્રસંશા પાંચમી

દોહરો

એકજનું વર્ણન કરે, સૌ પર કહ્યું જણાય,
તેહ 'વિશેષ નિબંધના' ગુણવંતા કવિ ગાય. ૧૯૧

ઉપજાતિ વૃત્ત.

મોટા છતાં જો ગજરાજ એહ માથું નમાવી વિચરે જ તેહ,
ચાલે સદા તે અતિ સારી ચાલ, તેમાં ન પામે જસ દેવ કાળ. ૧૯૨

પુનઃ

મોટા હતો શ્રીપુરમાંહિ રાય, નિંદા કરે તે હરિની સદાય;
બધી સમૃદ્ધિ ગઈ તેની, ભાઈ, તેમાં કહો શી કહિયે નવાઈ? ૧૯૩

**ટીકા**—એમાં કહ્યું કે હાથી મોટા છતાં માથું નમાવીને ચાલે છે, તથા સારી ચાલ ચાલે છે માટે માન પામે જ: તે વાત સૌને લાગુ પડે છે કે જે કોઈ નમ્રતાથી ચાલે તથા જેની સારી ચાલ એટલે વર્તન સારું હોય તે માન પામે જ. બીજા ઉદાહરણમાં 'શ્રીપુરનો અમલદાર શ્રીજી મહારાજની નિંદા કરતો હતો તેની બધી સમૃદ્ધિ ગઈ તેમાં નવાઈ શેની ? કેમ જે કોઈ હરિની નિંદા કરે તેની સમૃદ્ધિ જાય જ.' એમાં એકનું વર્ણન સામાન્ય સૌને લાગુ પડે છે, માટે તે 'સામાન્યાવગતિ અપ્રસ્તુત-પ્રશંસા' કહેવાય.

## ૨૮. પ્રસ્તુતાંકુર અલંકાર

દોહરો

જહાં એક પ્રસ્તુત વડે પ્રસ્તુત બીજું જણાય,
'પ્રસ્તુત-અંકુર' એહ છે, સમજુથી સમજાય. ૧૯૪

**ટીકા**—એક હરિભક્ત બાઈ જાની ખુરશીને કહેવા વડે પોતાની વહુ પ્રત્યે કહે છે:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત

અરે ખુરશી, તું મારી સારી સુણુ શિખામણુ,
પગ છતાં તીરથે ન ગઢપુર ગઈ તું;
પ્રજા નથી પામી તોય નવરી તો થઈ નહિ,
ઘરમાં ઘલાઈને જ રહી થિર થઇ તું;
ભુજા છતાં ભગવાન-નામનો ન જપ્યો જાપ,
પાણી જોડી પ્રણમી ન પ્રભુ પાસ જઈ તું;
સતસંગી તણું ઘર પામીને ન પામી જ્ઞાન,
ખુદ્દાપણું છતાં બેઠી મૂઢપણું લઈ તું. ૧૯૫

**ટીકા**—ખુરશી જડ છે તેને શિખામણ દેવાનો સંભવ નથી, માટે એને શિખામણ દીધી એમ જણાય છે. તે અંગ પ્રસ્તુત છે, માટે 'પ્રસ્તુતાંકુરાલંકાર' છે. 'અપ્રસ્તુતપ્રશંસા'માં પરોક્ષવાદ હોય અને આમાં એમ પ્રસ્તુત પ્રત્યક્ષ જોઇયે, એટલો ફેર છે.

## ૨૯. પર્યાયોક્ત અલંકાર

દોહરા

કહિયે જે વસ્તુ વિશે બીજી રીતે કહેવાય,
તે તો પર્યાયોક્ત છે; સુણી જન મન હરખાય. ૧૯૬
મેઘ-દાન-સુત-સુત-સુતા-વાહન-ભક્ષની માળ
ધર્મસુત કંઠે ધરી શોભિત વિમળ વિશાળ. ૧૯૭

**ટીકા**—આમાં કહેવાનું એટલું છે કે શ્રીજીયે મોતીની માળા પહેરી છે તેને બદલે મોતીનાં જેટલાં નામ છે તેમાંનું એક નામ ન લેતાં એવું કહ્યું કે મેઘ જળનું દાન કરે છે, તે જળનું સુત કમળ, તેનો સુત બ્રહ્મા, ને તેની સુતા સરસ્વતી, તેનું વાહન હંસ, તેનો ભક્ષ મોતી, તેની માળા ધરી છે, એમ બીજી રીતે મોતીનું નામ કહ્યું માટે તે 'પર્યાયોક્ત' છે.

પુનઃ ભુજંગી છંદ

મળી શિષ્ય ટોળી કરે ગ્રામ્ય વાતો,
અકસ્માત આવ્યા ગુરુજી તહાં તો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

કહે શિષ્ય સૌને ગુરુરાજ એ તો :
કરો 'અચ્યુત કેશવ' તે હવે તો.                                    ૧૯૮

**ટીકા**—એમાં કહેવાનું એટલું છે કે ગ્રામ-ગપોડાં હવે બંધ કરો, તેને બદલે કહ્યું કે હવે 'અચ્યુત કેશવ' કરો. 'આજ મેહેતાજીએ એક-નિશાળિયાની ખૂબ પૂજા કરી' એ પણ પર્યાયોક્ત છે.

### પર્યાયોક્ત બીજા પ્રકારનો

દોહરો

જ્યાં કાંઈક મિશ કોઈ પણ સાધે પર નિજ અર્થ,
એ પણ 'પર્યાયોક્ત' છે સમજે સુજ્ઞ સમર્થ.                           ૧૯૯

**ટીકા**—જ્યાં કાંઈ મિશથી પારકો કે પોતાનો ધારેલો અર્થ સાધે, તે પણ 'પર્યાયોક્ત' છે.

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત

શ્રીજી શ્રીપુરમાં સમાજ સહિતે પોતે પધાર્યાં સહી;
તેનાં દર્શન કાજ એક સતીને દેવી જવા દે નહિ;
જાણ્યું અંતરજામિયે સતી તણું અત્યંત પ્રેમી મન,
ભિક્ષાને મિશ ઝોળી ઝાલી કરમાં જૈને દીધું દર્શન.                    ૨૦૦

**ટીકા**—એમાં શ્રીજીયે ભિક્ષાના મિશે કરીને બાઈનો દર્શનનો અભિલાષ પૂરો કર્યો.

ઉપજાતિ વૃત્ત

શ્રીસચ્ચિદાનંદ મુનીંદ્ર જેહ, અસંત પ્રેમી પ્રભુભક્ત તેહ,
પળે પળે પ્રશ્ન પૂછયા મિશે જૈ, મૂર્તિ પ્રભુની મનમાં ધરે લઈ. ૨૦૧

પુનઃ

કહે મુનિ બ્રહ્મ, પ્રભુજી પાસે :
આવ્યો મને તો જ્વર એમ ભાસે;
તેણે, જુઓ, દેહ બધો તપાવ્યો,
એવે મિશે હાથ શિરે મુકાવ્યો.                                   ૨૦૨

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## ૩૦. વ્યાજસ્તુતિ અલંકાર

દોહરો

નિંદા અથવા સ્તુતિ થકી જ્યાં સ્તુતિ નિંદા થાય,
વદિયે તે વ્યાજસ્તુતિ, ગુણવંતા જન ગાય. ૨૦૩

**ટીકા**—ઉપરથી નિંદા કરે, પણ તેમાં હોય વખાણ, અથવા વખાણ કરે તેમાં નિંદા હોય, તે 'વ્યાજસ્તુતિ' અલંકાર કહેવાય.

ઝૂલણા છંદ

જગત-કર્તા કને જૈ વિધાત્રી કહે :
સાંભળો અરજ આ શ્રવણ ધારી;
કર્મના લેખ તો હું હવે નહિ લખું,
લોકમાં જાય છે લાજ મારી;
ધર્મનો પુત્ર અન્યાયી એવો થયો,
કર્મની રેખ પર મેખ મારી;
ભૂપ જેવો ગલોલો ભિખારી કર્યો,
છેક નિર્ધન કર્યો છત્રધારી. ૨૦૪

**ટીકા**—જગતકર્તા બ્રહ્મા; તેની સ્ત્રી તે વિધાત્રી; તે કર્મના લેખ લખનારી કહી તેણે શ્રીજીને અન્યાયી કહીને નિંદા કરી, પણ તેમાંથી એવું સમજાય છે કે શ્રીજી મહારાજ એવા સમર્થ છે કે કર્મની રેખા મટાડી દે છે; માટે તે નિંદા વડે સ્તુતિ થઈ. રામગલોલા આનંદ સ્વામી. અને એકની નિંદા કરવાથી બીજાનાં વખાણ થાય તે પણ 'કુવલયાનંદ'માં વ્યાજ-સ્તુતિ કહી છે.

ગીતિ

મોહિની દેખી મોહિત થયા હતા શિવ, જનો સહુ જાણે;
મુક્તાનંદાદિકની સભા વિશે તે જતાં શરમ આણે. ૨૦૫

**ટીકા**—એમાં કહ્યું કે શિવજી મોહિનીજીને દેખી એક સમે મોહિત થયા હતા તે મુક્તાનંદ સ્વામી આદિક સંતની સભામાં જતાં શરમાય છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમાં શિવની નિંદા થઇ ને સંતોની ઉત્કૃષ્ટતા જણાઈ કે તેઓ મોહ પામે એવા નથી; માટે 'વ્યાજસ્તુતિ' છે. એકનું વખાણ કરવાથી બીજાની નિંદા જણાય તે પણ 'વ્યાજસ્તુતિ' છે; જેમ કે

જાતિ

દશરથ-સુતને ધન્ય જ, એક જ પત્ની કર્યાનું વ્રત લીધું;
નારીવિજોગે વસિયા, પણ પરનારી હરણ નહિ કીધું. ૨૦૬

ટીકા—એમાં રામનાં વખાણ કર્યાં, તેથી સીતાનું હરણ કરનાર રાવણની નિંદા જણાય છે; માટે 'વ્યાજસ્તુતિ' છે.

વ્યાજસ્તુતિનો બીજો ભેદ

સ્તુતિ વડે નિંદા : વસંતતિલકા વૃત્ત

ચેલો દિગંબર તણો પરનારી પામ્યો,
પુત્રો સુપુત્રી થઈ, વંશ વિશેષ જામ્યો.
તે તોય વસ્ત્ર તનમાં કહિયે ન ધાર્યું;
દીસે દિગંબરપણું દ્રઢ ધન્ય તારું. ૨૦૭

ટીકા—એમાં નાગા બાવાના ચેલાને કહ્યું કે તું પુત્ર-પુત્રિયોવાળો થયો તોપણ તેં લૂગડાં પહેર્યાં નહિ, માટે તારા દિગંબરપણાને ધન્ય છે. એમ વખાણ કર્યાં પણ તેમાં નિંદા જણાય છે તે 'વ્યાજસ્તુતિ.'

## ૩૨. વ્યાજનિંદા અલંકાર

દોહરા

બીજાની નિંદા વડે જ્યાં પ્રસ્તુત નિંદાય,
નિશ્ચે તેનું નામ તો 'વ્યાજે નિંદા' થાય. ૨૦૮

ઉદા૰ વાંક નહિ દુર્જન તણો, છે જીવનનો વાંક;
જન્મ સમે પાયું નહિ ઝેર લઈને ટાંક. ૨૦૯

ટીકા—એમાં તેની માની નિંદા વડે દુર્જનની નિંદા થઈ માટે 'વ્યાજનિંદાલંકાર' થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩૨. આક્ષેપ અલંકાર

દોહરો

વચન વદી નિજ વદનથી વળતી કરી વિચાર,
નિષેધ કરિયે વચનનો, ' આક્ષેપ અલંકાર.' ૨૧૦

કવિત

સૌએ શંકરાચારજ પધરાવ્યા પોતે ઘર,
જેની શેઠને બોલાવ્યો મિત્ર જે મનાય છે,
સૌએ ભેટ ધરી શેઠ સામું જોયું ત્યારે શેઠ
આઠ મણ કપાસિયા આપવા ચહાય છે.
કર જોડી કહે શેઠ : કહો, મોટા મહારાજ,
આપના બળદને કપાસિયા અપાય છે ?
મહારાજે હા કહી ત્યાં શેઠનો વિચાર ફર્યો;
હસી કહ્યું શેઠે : અમારા એ બેલ ખાય છે. ૨૧૧

પુનઃ દોહરો

પ્રભુ, માનું હું એટલું આપો ધન સુત ક્ષેમ;
નહિ; માયિક સુખ શું કરું ? આપો તવ પદ-પ્રેમ. ૨૧૨

ટીકા—એક ભક્તે પ્રભુ પાસે ધન પુત્ર ને ક્ષેમ માગ્યું, પછી કહ્યું કે નહિ નહિ, એવા માયિક સુખને શું કરું ? મને તો તમારા પદમાં પ્રેમ આપો.

### આક્ષેપ અલંકાર બીજો

દોહરા

નિષેધ શબ્દાર્થે દીસે, ભાવાર્થે ન નિષેધ,
અલંકાર 'આક્ષેપ' તે સમજો જેહ સુમેધ. ૨૧૩

લાડુ ગદવીજી કહે : હું નથી ચારણ ભાટ,
રામ તમે, કૃષ્ણ જ તમે, વળી છો પુરુષ વિરાટ. ૨૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાર્મા હા, ના હા વિશે,• આક્ષેપ અલંકાર;
અમે કાંઇ નથી સમજતા, સમજુ રમો જુગાર. २१५

ટીકા—એમાં કહ્યું કે અમારામાં સમજણ એટલે બુદ્ધિ નથી, તમે સમજુ છો તે જુગાર રમો. મતલબ કે અમારામાં બુદ્ધિ છે માટે અમે જુગાર રમિયે નહિ, તમારામાં સમજણ નથી માટે જુગાર રમો.

આક્ષેપ અલંકાર ત્રીજો

હા કહિયે જે વાતની અંતર્ગત ના હોય,
આક્ષેપાલંકાર તે ત્રીજો કહિયે તોય. २१६

ભલે અમે તેવાં કરો પુણ્ય પાપનાં કામ,
નથી ગયાં નાસી પછી સ્વર્ગ નરકનાં ઠામ. २१७

ટીકા—એમાં કહ્યું કે ભલે સારાં કે નરસાં કામ કરો, એમ કરવાની રજા આપી. પણ કહ્યું કે સ્વર્ગનાં કે નરકનાં ઠેકાણાં નાસી ગયાં નથી. મતલબ કે જેવું કરશો તેવું પામશો. માટે નરસું કામ કરવું નહિ, એમ નિષેધ કર્યો.

## ૬૩. વિરોધાભાસ અલંકાર

દોહરો

ભાસે અર્થવિરોધ પણ શ્લેષાર્થે અવિરોધ,
તેહ 'નિષેધાભાસ' છે, જાણે જેને બોધ. २१८

હરિગીત છંદ

જો લાલ, લક્ષ્મી બાગમાં અચરજ અતિ દેખાય છે,
પગલું ભરે નહિ એક પણ જન સૌ કહે 'તે જાય છે'.
હરિ થયા અંતર્ધાન તે દીઠા નહિ આ લોકમાં.
એ અવસરે બહુ જન અહીં બેઠા હતા જ અશોકમાં. २१९

ટીકા—'જાય છે' એટલે 'જાયનો છોડ છે' અને 'અશોકમાં' એટલે 'શોકરહિતપણામાં બેઠા' હતા, પણ આસોપાલવનાં ઝાડોમાં બેઠા હતા એમ સમજવું. વિરોધાભાસના જાત્યાદિ ભેદ વડે દશ ભેદ 'કાવ્ય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાર'માં કહ્યા છે, પણ તે બધામાં ચમત્કારી શ્લેષમૂલ વિરોધાભાસ છે, માટે 'કુવલયાનંદ'માં તે એક જ ભેદ રાખ્યો છે.

## ૩૪. વિભાવના અલંકાર

દોહરો

કારણ વિણ કારજ થયું, કહે કવિ જે ઠામ,
અલંકાર એવા તણું 'વિભાવના' છે નામ. ૨૨૦

ઉપજાતિ વૃત્ત

ન ઢાલ કે બખ્તર ધાર્યું અંગે,
ન યુદ્ધ કીધું નિજ શત્રુ સંગે;
શ્રીધર્મપુત્રે નહિ શસ્ત્ર લીધું,
તથાપિ શત્રુ—દળ નાશ કીધું. ૨૨૧

પુનઃ દોહરો

ન કર્યું વ્રત તીરથ કદી, ન કર્યું જપ તપ દાન,
પણ મુજને આવી મળ્યા ભક્તિ–પુત્ર ભગવાન. ૨૨૨

**ટીકા**—ભગવાનને મળવાનાં કારણ જે વ્રત તીર્થ જપ તપ દાન એ આદિક છે તે કર્યા વગર ભગવાન મળ્યા, માટે 'વિભાવના' અલંકાર છે.

### વિભાવના બીજી

દોહરા

કારણ હોય અપૂર્ણ પણ કારજ પૂર્ણ કરાય,
ભણિયે 'બીજી વિભાવના' અલંકાર એ થાય. ૨૨૩

ચાપ તણું ને વજ્રનું ચિહ્ન માત્ર ધરી અંગ
શ્રીહરિ જીત્યા આ સમે સકળ શત્રુને સંગ. ૨૨૪

**ટીકા**—શત્રુને જીતવા અસ્ત્રશસ્ત્ર જોઇયે તે વિના કેવળ શસ્ત્રનાં ચિહ્ન માત્રે કરીને જીત્યા માટે 'વિભાવના' છે. ચરણમાં ચિહ્ન જોઇને જ કેટલાએક પ્રતિવાદી ગૃહસ્થોને ભગવાનપણાનો નિશ્ચે થયો અને આશ્રિત થયા, માટે તે ચિહ્ન પણ આશ્રિત થવાનું કારણ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુનઃ દોહરો

કોઈક રોગી એકને દેવા માટે ડામ,
ચિહ્ન કર્યું જ્યાં રાખનું, કહ્યું 'અરેરે રામ.' ૨૨૫

વિભાવના ત્રીજી

દોહરો

જ્યાં પ્રતિબંધક હોય પણ કારજ તે તો થાય,
'ત્રીજી તેહ વિભાવના' વાગ્ભૂષણ વખણાય. ૨૨૬

છપ્પય છંદ

રાખે વૈદ વિશેષ, ખૂબ ઓસડિયાં ખાવે,
મૃત્યુંજયના મંત્ર જાણી દરરોજ જપાવે;
'જીવો બહુ જુગ આપ' એમ આશિષ ઉચરાવે,
કરીને પ્રાણાયામ પ્રાણ બ્રહ્મરંધ્ર ચડાવે;
બહુ એવા બંદોબસ્ત જ્યાં જન કરી રાખ્યા જોઈને,
પણ જરૂર સૌએ જાણવું 'મોતે ન મૂકયા કોઈને'. ૨૨૭

પુનઃ દોહરો

વાંકો કિલ્લો વજ્રનો, સાગર સરખી ખાઇ,
રક્ષક કોટિ રાક્ષસો, પણ લંકા લુટાઈ. ૨૨૮

વિભાવના ચોથી

પુનઃ દોહરો

જહાં અકારણ વસ્તુથી કારજ-ઉદ્‌ભવ થાય,
'ચોથી તેહ વિભાવના' કહે ભલા કવિરાય. ૨૨૯

ઉદા૦ દોહરો

અહો જુઓ, ઊપજે ભલો શંખ થકી ધન નાદ,
એ આશ્ચર્ય અતિઘણું સુણો ધરી આહ્લાદ. ૨૩૦

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ટીકા—શ્રીજીના કંઠરૂપી શંખથી ધનનો નાદ થયો તે અતિ આશ્ચર્ય છે, કેમ જે શંખમાંથી ધનનો નાદ થાય નહિ તે થયો. 'રૂપકાતિશયોક્તિ' અને 'ચોથી વિભાવના' એ બે અંગાંગી–ભાવ–સંકરાલંકાર છે, માટે તેની વિશેષ સમજણ 'સંકરાલંકાર'માં આપીશું. ધનનો નાદ થવાનું કારણ શંખ કહ્યો તે શંખમાંથી નહિ, પણ શંખ સરખા શ્રીજીના કંઠમાંથી નાદ થયો; મતલબ કે કારણ સરખા બીજા કારણમાંથી નાદ થયો.

### વિભાવના પાંચમી

દોહરા

વિરુદ્ધ કારણથી જહાં ઊપજે કારણ કાંઈ
તે 'વિભાવના પાંચમી' સમજો સૌ મનમાંઈ. ૨૩૧

વચનામૃત વૃષ–વંશીનાં વામીને વિપરીત
ઉપજાવે એને ઉરે ઝાઝું જોર ખચીત. ૨૩૨

કળિજુગના રાજા જુઓ, લૂટે પ્રજાનાં ધામ;
ચોકી કરનારા જનો કરે ચોરીનું કામ. ૨૩૩

ઉપજાતિ વૃત્ત

જુઓ જુઓ આ વિપરીત રીત, આશ્ચર્ય જોતાં ઊપજે ખચીત;
ઉન્મત્ત ગંગાજળ એક કાળે સમસ્ત પાપો જનનાં પ્રજાળે. ૨૩૪

ટીકા—જળમાં બાળવાનો ગુણ નથી તેમ છતાં, 'જળ બાળે છે' કહ્યું તે વિપરીત છે.

### વિભાવના છઠ્ઠી

દોહરા

કારજથી કારજ તણી જ્યાં ઉત્પત્તિ હોય,
'છઠ્ઠો ભેદ વિભાવના' કહે કવિ સૌ કોય. ૨૩૫

સ્વામી સચ્ચિદાનંદને હરિનો વિજોગ થાય,
જુગ–જલજોથી જુગ નદી પેદા થઈ વહી જાય. ૨૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ટીકા**—નદીમાં કમળ થાય, માટે કમળ પેદા થવાનું કારણ નદી છે, "તે નેત્રરૂપી કમળમાંથી નદી પેદા થઈ" કહ્યું, માટે છઠ્ઠી વિભાવના છે.

## ૩૫. વિશેષોક્તિ અલંકાર

દોહરા

કારણ તો પુષ્કળ છતાં કારજ સિદ્ધ ન થાય,
'વિશેષોક્તિ' એ નામનો અલંકાર કહેવાય. ૨૩૭

ભરતખંડ નરભવ મળ્યો, વળી છે હરિ–અવતાર;
તરવાનાં કારણ છતાં ખળ ન તર્યો સંસાર. ૨૩૮

પુનઃ

બળે હૃદયમાં હરિ જતાં વિરહાનળની લ્હાય;
દગ–જળ પડે પ્રવાહ બહુ, પણ સહી એ ઓલાય. ૨૩૯

સદા રહ્યો સત્સંગમાં, સુણી સંતની વાત,
અહો તોય જન આસુરી ભક્ત થયો નહિ, ભ્રાત. ૨૪૦

## ૩૬. અસંભવ અલંકાર

દોહરો

સિદ્ધ થયેલા કાર્યનો કહે અસંભવ જ્યાંય,
'અસંભવાલંકાર' તે સજ્જન સમજે ત્યાંય. ૨૪૧

ઉપજાતિ વૃત્ત

કો જાણતું જે વૃષપુત્ર એક ઉદ્ધારશે પ્રાણી અહો અનેક;
કેને હતી એવી કદાપિ આશે કામાદિ શત્રુ કળિમાં જિતાશે? ૨૪૨

## ૩૭. અસંગતિ અલંકાર

દોહરા

કારણનું ને કાર્યનું વિરુદ્ધ જુદું ઠામ,
જાણો એહ 'અસંગતિ' અલંકારનું નામ. ૨૪૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત

કર્યો હરિયે શુભ જન્ન જ્યાંય,
જોવા મળેલાં જન-જૂથ ત્યાંય.
કુંડે ધર્યો પાવક જેહ કાળ,
કુસંગીને અંતર ઊઠી ઝાળ. ૨૪૪

પુનઃ

વસંતતિલકા વૃત્ત

સંતો સુપંગતિ કરે જમવાની જ્યારે,
જોવા મળે જન ઘણા સ્થળ તેહ ત્યારે.
મિષ્ટાન્નમાં મુનિજનો જળ રેડી ખાય,
જોનારનાં મન પૂરાં પલળી જ જાય. ૨૪૫

ટીકા—એક વેપારી ઘેર બેઠો ચૌટામાં વેપાર ચલાવે છે. એમાં કારણ ને કારજ જુદે ઠેકાણે થયાં ખરાં, પણ તેમાં એકબીજાથી વિરુદ્ધતા નથી, માટે તે 'અસંગતિ અલંકાર' નથી.

અસંગતિ બીજી

દોહરો

જે સ્થળ કરવા જોગ્ય તે બીજે સ્થળે કરાય,
તે પણ ગણો 'અસંગતિ' અલંકાર કહેવાય. ૨૪૬

ઉપજાતિ વૃત્ત

વંશી સુણી ગોપી ઉતાવળી થૈ,
ધર્યા શરીરે સણગાર તો લૈ,
કંઠે ધર્યા લૈ ભુજ-બંધ જેહ,
બાંધ્યા ભુજાયે ગળબંધ તેહ. ૨૪૭

પુન : દોહરો

સુત પાસ કે'વી ઘટે રાજનીતિ શુભ જેહ,
અબુદ્ધ રાવણ આગળે કહી અંગદે એહ. ૨૪૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### અસંગતિ ત્રીજી

દોહરા

એક કામ કરવા જતાં વિરુદ્ધ કામ કરાય,
ત્રીજી તેહ 'અસંગતિ' અલંકાર વખણાય. ૨૪૯

રક્ષણ કરવા સર્વનું જન્મ્યા જગદાધાર,
પણ અધર્મ–અંશી તણો સઘ કર્યો સંહાર. ૨૫૦

પુનઃ

ઉપજાતિ વૃત્ત

સંતો અહિંસામય ધર્મ જેહ,
વધારવાને વિચર્યો જ તેહ.
"ન કોઈને મારવું". એમ વાર્યો,
તથાપિ કામાદિક શત્રુ માર્યો. ૨૫૧

### ૩૯. વિષમ અલંકાર

દોહરા

અણમળતું એવું કહે, ક્યાં આ ને ક્યાં તેહ,
તે 'વિષમાલંકાર' છે, જાણે કવિજન જેહ. ૨૫૨

ક્યાં મહિમા હરિકૃષ્ણનો અદ્ભુત અને અપાર ?
અલ્પ બુદ્ધિ ક્યાં માહરી કરવા વર્ણન સાર ? ૨૫૩

પુનઃ

ક્યાં મેરુ ને ટેકરી, ક્યાં હીરો ને કાચ ?
સાગર અને તળાવડી ! ક્યાં ખલોક્તિ મુનિ વાચ ? ૨૫૪

### વિષમ બીજો

દોહરો

કાર્યોત્પત્તિ જ્યાં દીસે કારણ થકી વિરૂપ,
તે 'વિષમાલંકાર'નો બીજો ભેદ અનુપ. ૨૫૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉજ્જવળ દીપકથી જુઓ, કાજળ ઊપજ્યું શ્યામ,
કાળા કાદવથી થયું ઉજ્જવળ પંકજ નામ. ૨૫૬

**ટીકા**—જ્યાં સિત કૃષ્ણ અમૃત વિષ કટુ મિષ્ટ ઇત્યાદિક ગુણ વિરુદ્ધ હોય ત્યાં 'પાંચમી વિભાવના' જાણવી અને જ્યાં કાળું ધોળું વાંકું પાંશરું ઇત્યાદિ રૂપ વિરુદ્ધ હોય ત્યાં 'વિષમાલંકાર' જાણવો.

**વિષમ ત્રીજો**

દોહરો

જે અર્થે ઉદ્યમ કરે અર્થ સરે નહિ એહ,
ઊલટું અનિષ્ટ તો મળે, 'વિષમાલંકૃતિ' તેહ. ૨૫૭

**ઇષ્ટ હોતાં અનિષ્ટપ્રાપ્તિ; ભેદ ૧ નું ઉદાહરણ**

દોહરો

મોતી લેવાને પડ્યો, મોતી ન મળ્યું ત્યાંય,
ઊલટો તેનો ઉદધિયે જીવ લીધો જળમાંય. ૨૫૮

**અનિષ્ટ મટાડવા જતાં અનિષ્ટ થયું; ભેદ ૨ નું લક્ષણ**

દોહરો

કાંઈ અનિષ્ટ મટાડવા આશ્રય પરને જાય,
ત્યાં પણ ઇષ્ટ મળે નહિ, અનિષ્ટપ્રાપ્તિ થાય. ૨૫૯

ગીતિ

લાગી ઘરમાં લ્હાય જ, આશ્રય લેવા ગયો જ વનમાંય;
વનમાં પણ દવ લાગ્યો, વન સાથે તે બળી ગયો ત્યાંય. ૨૬૦

**બીજાને દુઃખ કરવા જતાં પોતાને થાય; ભેદ ૩ નું લક્ષણ**

દોહરો

કરતાં અનિષ્ટ પરતણું, પોતા તણું જ થાય,
તે પણ 'વિષમાલંકૃતિ' ગુણવંતા કવિ ગાય. ૨૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીતિ છંદ

લંકેશે હનુમંતનું સળગાવ્યું પૂંછડું ઘણું જ્યારે,
તેથી લંકા તેની બળી ગઈ તે બધી અહો ત્યારે. ૨૬૨

**કેવળ અનિષ્ટની પ્રાપ્તિ; ભેદ ૪ થાનું લક્ષણ**

દોહરો

ઇષ્ટ કામ કરવા થકી કેવળ અનિષ્ટ થાય,
તે 'વિષમાલંકાર' પણ ગણતાં ખરો ગણાય. ૨૬૩

રાયે પોપટ પાળિયો કનક પીંજરામાંય,
પણ તેણે નૃપ—નાકની હરી લીધી શોભાય. ૨૬૪

**કેવળ ઇષ્ટની અપ્રાપ્તિ; ભેદ ૫ માનું લક્ષણ**

દોહરો

ધાર્યું કામ કરવા જતાં નિજ ધાર્યું નવ થાય,
કેવળ ઇષ્ટ નહિ મળ્યું એવો 'વિષમ' ગણાય. ૨૬૫

ઉપજાતિ વૃત્ત

ઉપાડવા શંકર કેરું ચાપ લંકેશ મંડ્યો કરી જોર આપ,
તેનાથી તે તો ઊપડ્યું ન જ્યારે,
હસી પડ્યા સૌ જન તેહ વારે. ૨૬૬

ટીકા—રાવણમાં શિવનું ધનુષ ઉપાડવાની શક્તિ હતી જ નહિ, માટે આ ઠેકાણે 'વિશેષોક્તિ અલંકાર' થતો નથી.

**અણગમતું મટાડવાની ઇચ્છા સિદ્ધ થાય નહિ;**
**ભેદ ૬ ઠાનું લક્ષણ**

જેહ અનિષ્ટ મટાડવા પરને શરણે જાય,
તે અનિષ્ટ ત્યાં પણ રહે તેહ વિષમ કહેવાય. ૨૬૭

ઉપજાતિ વૃત્ત

તીર્થે ગયો પાપ સમસ્ત ખોવા,
લાગ્યાં સ્વનેત્રો પરનારી જોવા;

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

તેથી થયું પાતક વજ્રલેપ,
તેનો ન છૂટે જ કદાપિ ચેપ. ૨૬૮

**બીજાનું ભૂંડું કરવાની ઇચ્છા સિદ્ધ થાય નહિ;**
**ભેદ ૭ માનું લક્ષણ**

દોહરા

અનિષ્ટ પરનું ઇચ્છતાં ઇચ્છા પૂર્ણ ન થાય,
અલંકાર એ પણ ભલો ગણતાં 'વિષમ' ગણાય. ૨૬૯
ક્રોધો શ્રીહરિકૃષ્ણનો દ્વેષી જનો બહુ દ્વેષ,
તેમ તેમ શ્રીહરિ તણો વધ્યો પ્રતાપ વિશેષ. ૨૭૦

પુનઃ

દુખ દેવા નિજ શત્રુને દીધો જેને ડામ,
તેથી તેના તન તણું દરદ મટ્યું તે ઠામ. ૨૭૧

**પરદ્વારા ઇષ્ટની અપ્રાપ્તિ; ભેદ ૮ માનું લક્ષણ**

**દોહરો**

પોતાના હિત કારણે પરને પ્રેર્યો હોય,
તે સાધે નિજ અર્થ જે, 'વિષમાલંકૃતિ' તોય. ૨૭૨

ગીતિ

મને મહારાજ મળે, જો સુત તેનો તપાસ લેવાને.
તેને તો હરિ મળિયા; સાધુ થયો તે તહાં રહેવાને. ૨૭૩

પુનઃ

શેઠે વાણોતરને મોકલિયો દઈ દુકાનનો ભાર,
તેણે તો ત્યાં જઈને સ્વારથ સાધ્યો ચલાવી વેપાર. ૨૭૪

**તર્ત ઇષ્ટપ્રાપ્તિ પણ પછે નહિ; ભેદ ૯ માનું લક્ષણ**



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો

ઇચ્છા રાખીને ઘણી કર્યો પરિશ્રમ હોય,
વિશેષ વાર ટકે નહિ, એવું મળે ફળ તોય. ૨૭૫

કવિત

પિતા માતા પુત્ર મળી શિવને પ્રસન્ન કરી
લાવ્યાં મિષ્ટ અન્ન ને અકેકો વર લાવિયાં;
રામાએ તો રૂપ માગ્યું, રાજાની રાણીજી થયાં;
પતિએ તો માગી વર વાનરી બનાવિયાં;
કાઢી મૂકી રાજાએ તો પતિ પુત્ર પાસે આવી,
પુત્રે વર માગી માતા હતાં તે કરાવિયાં;
મળવું'તુ મિષ્ટાન્ન તે તો થોડે કાળે થઈ રહ્યું,
જેવાં ગયાં હતાં તેવાં ચૈને ઘેર આવિયાં. ૨૭૬

**ઇષ્ટાર્થ ઉદ્યોગથી ઇષ્ટ ન મળે તોપણ ઇષ્ટ મળ્યાની ભ્રાંતિ; ભેદ ૧૦**

દોહરા

ઇષ્ટ થયાની ભ્રાંતિ જ્યાં ઉદ્યમ કરતાં થાય,
તે 'વિષમાલંકાર'નો ભેદ ભલો કહેવાય. ૨૭૭

અસદ્ગુરુને ગુરુ ગણી સેવ્યો મોક્ષની આશ,
આવ્યા બહુ જન મોક્ષ હિત, તેથી વધ્યો વિશ્વાસ. ૨૭૮

**ટીકા**—એમાં અસદ્ગુરુમાં મોક્ષદાતાની ભ્રાંતિ પડી, અને મોક્ષની ઇચ્છાથી તેની પાસે ઘણા લોકો આવવા લાગ્યા, તેથી કામ સિદ્ધ થયાંની ભ્રાંતિ પડી, માટે 'ભ્રાંતિવાળો વિષમાલંકાર' છે. ત્રીજા વિષમ અલંકારના આ નવ ભેદ છે તેમાં પહેલા ચાર ભેદ અનિષ્ટપ્રાપ્તિના છે અને પછીના પાંચ ભેદ ઇષ્ટની અપ્રાપ્તિના છે. 'ભ્રાંતિ અલંકાર'માં તો ભ્રાંતિ માત્ર પડે, પણ તેથી 'મારું ધાર્યું કામ થયું' એમ માને નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૩૯. સમ અલંકાર

દોહરા

જુગતે જુગતું જ્યાં કરે વર્ણન કવિજન કોય,
સમ ' સમાલંકાર ' તે જન-મન રંજન હોય. ૨૭૯
શંકરનું તન શ્વેત છે, શ્વેત શશિકળા પાસ,
સુરસરિતાએ ત્યાં કર્યો નિજ અનુરૂપ નિવાસ. ૨૮૦

પુનઃ સવૈયા

જે મુખ શ્રીહરિ નામ જપે નહિ,
જે મુખ શબ્દ વદે નહિ સાચા,
જે મુખ માન ન દે જનને,
વળી જે મુખ કાન ભરે જઈ કાચા.
જે મુખ કલેશ કુસંપ કરે બહુ,
જે મુખમાં વિખ જેવી જ વાચા,
જે મુખ તો અપશબ્દ વદે બહુ,
તે મુખ ઉપર યોગ્ય તમાચા. ૨૮૧

**ટીકા**—' છાણના દેવને કપાસિયાની આંખો જોઈયે ' ઇત્યાદિ.

**સમાલંકાર બીજો**

દોહરો

કારણના સરખો જ ગુણ કારજમાં કહેવાય,
તેહ ' સમાલંકારનો બીજો ભેદ ' જણાય. ૨૮૨
કાજળ અંજન આંખનું તેજ વધારે તેહ,
દીપક-સુત દીપન કરે, ઉચિત વાત છે એહ. ૨૮૩

પુનઃ ગીતિ

વનદાહક પાવકથી ધૂમ થયો તે થયો ગગન મેહ,
શાંત કરે તે દવને, યોગ્ય થયું દવ દહે જ જે તેહ. ૨૮૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### સમાલંકાર બીજાનો બીજો ભેદ

દોહરો

જેવી સંગતિમાં વસે ગુણ તેવો ધરનાર,
એવું વર્ણન હોય જ્યાં તોય 'સમાલંકાર'. ૨૮૫

હરિગીત છંદ

શિર મોર, છે શુક નાસિકા,
મુખ મધુર સ્વર સંગે રહી,
મુરલી વદે છે મધુર સ્વર,
તે યોગ્ય સૌ જાણે સહી. ૨૮૬

ટીકા—પ્રભુને માથે મોર-મુગટ છે, નાક પોપટના જેવું છે અને મુખમાં મધુરતા છે, તે મોર પોપટ ને મુખ એ ત્રણે મધુર સ્વરવાળાં છે; તેની સોબતમાં રહ્યાથી મોરલીમાં મધુર સ્વર બોલવાનો ગુણ આવ્યો, તે 'સમાલંકાર' છે.

### સમાલંકાર ત્રીજો

દોહરા

અડચણ કાંઇ પડ્યા વિના સિદ્ધિ ઇષ્ટની થાય,
તેહ 'સમાલંકાર' છે, શ્લેષે પણ સમજાય. ૨૮૭

પ્રભુનાં દર્શન પામવા ઉદ્યમ કર્યો વિશેષ,
પ્રગટ પ્રભુ તો ત્યાં મળ્યા, અડચણ ન પડી લેશ. ૨૮૮

ટીકા—એમાં લગારે અડચણ પડયા વિના ઉદ્યમ કરવાથી પ્રભુની પ્રાપ્તિ થઇ. હવે 'ત્રીજા વિષમ'માં ઇષ્ટાર્થ માટે ઉદ્યમ કરતાં અનિષ્ટ થયું, માટે તેનો પ્રતિદ્વંદી એટલે એથી ઊલટો જે ઉદ્યમ કરવાથી અનિષ્ટ ન થાય અને ઇષ્ટ થાય તેનું ઉદાહરણ:

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

कवित

हडालानी हदमां थै वडुं लशकर वह्युं,
शुनी एक भसी भसी मरी गई ते समे.
कोई गाम कवि एक चारण चालीने आयो,
पटेलने घेर पटलाणीने ते न गमे.
जोई पटलाणी कहे : जाओ जाओ आंहीं थकी,
अजाण्याने ऊतरवा आपिये नहि अमे.
क्रोध करी कहे कवि : हडालानी होय आ तो;
बाई बोली; ऊतरोजी; अजाण्या नथी तमे. २८९

टीका—एमां क्रोध करीने बाईने हडालानी कूतरी कहीने जवानी इच्छा हती पण अनिष्ट न थतां ऊलटी इष्टनी प्राप्ति थई. वळी श्लेषार्थनो चमत्कार होय अने इष्टार्थथी विरुद्ध थाय तोपण 'समालंकार' कहेवाय; जेमके०

गीति

हरि मळवाने अर्थे जतो हतो त्यां हरि मळ्या वनमां;
ठीक थयुं छे आ तो; सोमती एके कह्युं वचन जनमां. २९०

टीका—लक्षणमां कह्युं के श्लेषथी पण समालंकार ज समजाय, जेमके 'हरि' प्रभुनुं नाम छे अने 'हरि' वांदरानुं नाम पण छे, माटे हरिने मळवा जवानी इच्छावाळाने वनमां वांदरा मळे, एटले कोई मश्करीमां कहे के 'आ तने हरि मळ्या ते ठीक थयुं' एवी रीते 'समालंकार' थाय. जेमके मश्करीमां कहेवाथी हसवुं आवे पण कांई अनिष्ट थाय नहि. अने श्लेषार्थ कर्या विना तो वनमां प्रभु मळ्या ते चोखो 'समालंकार' छे ज.

## ४०. विचित्र अलंकार

दोहरा

विपरीत फळ इच्छा धरी क्रिया करे जो कोय,
निश्चे 'विचित्र' नामनो अलंकार ए होय. २९१

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોવરાવીને દુઃખ દઈ માતા ઓસડ પાય,
પણ નિજ સુતને સુખ થવું ઉર એવી ઇચ્છાય. ૨૯૨

પુનઃ ગીતિ

તીર હડે છે પાછો, પણ તે આઘો વિશેષ જાવાને;
બીજ અવનીમાં નાંખે, પણ તે પ્રાપ્તિ વિશેષ થાવાને. ૨૯૩

પુનઃ દોહરો

સુખ તજી સંતો તપ કરે, દુખ વેડે દિનનિશ;
પણ અક્ષય સુખ પામવા રિઝાવીને જગદીશ. ૨૯૪

## ૪૧. અધિક અલંકાર

દોહરો

જ્યાં મોટા આધારથી અતિ મોટો આધેય,
એ ' અધિકાલંકાર ' છે, કોવિદ જનો કહેય. ૨૯૫

ટીકા—' ઘડો ' આધાર કહેવાય અને તેમાં ભરેલું ' પાણી ' તે આધેય કહેવાય, માટે મોટા આધારમાં પણ આધેય સમાય નહિ, એમ કહિયે તે ' અધિકાલંકાર ' છે.

દોહરો

અહો એહ આકાશમાં વિશ્વ અનેક વસાય,
પણ તેમાં હરિના ગુણો લખતાં નહિ સમાય. ૨૯૬

પુનઃ

જ્યાં લાખો નર નારિયો સુખથી વસે સદાય,
પણ એ ભાઈ કુસંગિયા તે પુરમાં ન સમાય. ૨૯૭

**અધિકાલંકાર બીજો**

દોહરા

જ્યાં મોટા આધેયથી અધિક શ્રેષ્ઠ આધાર,
જાણો ' બીજા પ્રકારનો એ અધિકાલંકાર. ' ૨૯૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મન કેવું મોટું હશે ભક્ત તણું, હે ભાઈ,
અસંખ્ય બ્રહ્માંડો સહિત શ્રીહરિ રહે સમાઈ. ૨૯૯

## ૪૨. અલ્પ અલંકાર

દોહરો

સૂક્ષ્મ હોય આધેય પણ એથી સૂક્ષ્મ આધાર,
એ 'અલ્પાલંકાર' છે, જાણે જન ભણનાર. ૩૦૦

ગીતિ

જે સદ્દગુરુ સુખકારી સ્વલ્પ જ ઊચરે સુવાક્ય શિક્ષાનું,
એ પણ ગળે ન ભીતરે; આસુરી જનનું ગળું અતિ નાનું. ૩૦૧

પુનઃ દોહરો

ગુપ્ત રાખવા યોગ્ય જે છેક સ્વલ્પ પણ વાત,
અણસમજુના ઉદરમાં સમાઈ ન શકે ભ્રાત. ૩૦૨

પુનઃ

સૂક્ષ્મ દમની પાંપણો એ તો દમને આજ
પડદો મોટો થૈ પડ્યો કરતાં દર્શન કાજ. ૩૦૩

## ૪૩. અન્યોન્ય અલંકાર

દોહરો

એક બીજાને જ્યાં કરે પરસ્પરે ઉપકાર,
કવિજન સૌ તેને કહે 'અન્યોન્યાલંકાર.' ૩૦૪

ગીતિ

સંત સમાજ વડે આ શોભે આચાર્ય, માન પણ પામે,
આચાર્ય વડે સંતો શોભે છે, વળી મનાય સૌ ઠામે. ૩૦૫

પુનઃ દોહરો

સુજને આપ્યું સંતને પવિત્ર ભોજન પાન,
સંતે પણ તે સુજનને આપ્યું ઉત્તમ જ્ઞાન. ૩૦૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુનઃ ગીતિ

સંત સુણાવે વાણી જન તાર્યાનું સુપુણ્ય મળવાને;
જન પણ તેહ સુણે છે તે થકી સંતાપ સર્વ ટળવાને. ૩૦૭

## ૪૪. વિશેષ અલંકાર

દોહરો

જ્યાં વર્ણન આધેયનું વિણુ પ્રસિદ્ધ આધાર,
'વિશેષ' નામે થાય છે અલંકાર એ ઠાર. ૩૦૮

કવિત

બ્રહ્મપુરવાશી અવિનાશી સર્વસુખરાશિ,
ધર્મ અને ભક્તિ થકી ધર્યો અવતાર છે,
અધર્મ ઉથાપી ધર્મ થાપી મોટાં ધામ બાંધ્યાં,
હરિભક્ત બાઈ ભાઈ હજારો હજાર છે;
સંપ્રદાય સાચવવા ઉભય આચાર્ય કર્યાં,
આપ તણી ગાદી તણો આપ્યો અધિકાર છે;
સર્વ કામ સિદ્ધ કરી સ્વધામ સિધાવ્યા પણ
પ્રભુનો પ્રતાપ આચારજમાં અપાર છે. ૩૦૯

પુનઃ દોહરો

કંસ ગયો, રાવણુ ગયો, પણ તેના ગુણુ જેહ,
આસુરી જનને ઉર રહી નડે સંતને તેહ. ૩૧૦

**ટીકા**—કોઇ ઠેકાણે આધેયનું સ્થાન બદલાયા વિના પણ 'વિશેષાલંકાર' થાય; જેમકે

દોહરો

બ્રહ્માનંદ મુનિ તણી કવિતા વિમળ વિશાળ,
જો રંજન જનને કરે લાગે રૂડી રસાળ. ૩૧૧

**ટીકા**—'બાપ ગયા ને લિસોટા રહ્યા' તે પણ 'વિશેષાલંકાર' છે.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

### વિશેષાલંકાર બીજો

દોહરો

એક જ વસ્તુ અનેક થળ વર્ણન કરે વિચારી,
તે તો 'બીજો ભેદ છે વિશેષનો' સુદકારી. ૩૧૨

કવિત

ભારે સમૈયો ભરાયો જ્યારે ગઢપુર ત્યારે
ભગો દોશી કારભારી કર્યો વનમાળિયે;
હરિ પાસે ભગો દોશી હાજર હમેશ રહે,
ઉતારે ઉતારે ભગા દોશીને નિહાળિયે;
ભવન ભવન માંહીં પણ ભગો દોશી દીસે,
ભગો દોશી દીસે મેડી માળિયે ને જાળિયે;
આમ માંહીં ભગો દોશી, ધામ માંહીં ભગો દોશી,
ઠામ ઠામ ભગો દોશી ભગો દોશી ભાળિયે. ૩૧૩

### વિશેષાલંકાર ત્રીજો

દોહરા

જ્યાં કિંચિત્ આરંભથી અલભ્ય વસ્તુ પમાય,
'ત્રીજો ભેદ વિશેષનો' ગણતાં તેહ ગણાય. ૩૧૪
જમુના પવિત્ર જાણીને તેમાં કરતાં સ્નાન,
અક્રૂરે જળમાં દીઠા જળશાયી ભગવાન. ૩૧૫

## ૪૫. વ્યાઘાત અલંકાર

દોહરો

કરવાનું તેથી કરે ઊલટું કાંઈ કામ,
વાંચો ત 'વ્યાઘાત' છે અલંકારનું નામ. ૩૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત

કુંવરે હુકમ કર્યો : સાકર ખંડાવી લાવો;
ખવાસ ખાંડીને લાવ્યો રોટલીમાં તે ધરી;
ખાતાં ખાતાં ગાંગડી હતી તે દાંત માંહીં ખૂંચી,
રાજાના કુંવરને તો રીસ અતિશે ઠરી;
ફોજદારને બોલાવી ફરમાવિયો હુકમ :
ખૂબ શિક્ષા આ ખવાસને કરો ખરેખરી;
' ચવરાવો સાકરના ગાંગડા આખા ને આખા '.
એવી શિક્ષા આકરી કુંવરે તેહને કરી. ૩૧૭

ગદ્ય

એક વસ્તુ વડે એક માણસ જે કામ કરે બીજો માણસ તે વસ્તુવડે તેથી ઊલટું કરે તે પણ ' વ્યાઘાત અલંકાર 'નો ભેદ છે.

દોહરો

વચન વડે નાસ્તિક ગુરુ નાસ્તિક કરે નિદાન,
આસ્તિક ગુરુ વચને કરે આસ્તિકતા ગુણવાન. ૩૧૮

વ્યાઘાતાલંકાર બીજો

દોહરો

એક ક્રિયા પણ ઉભયને સૂલટી ઊલટી જણાય,
' વ્યાઘાતાલંકારનો બીજો ભેદ ' ગણાય. ૩૧૯

કવિત

રાજા દશરથ જ્યારે જુદ્ધમાં જવાને ચાલ્યા,
રાણીને અબળા જાણી કહી એવી વાત છે :
તમે તો આંહીં જ રહો. રાણીને તે ગમ્યું નહિ,
જાણ્યું : ' ક્ષત્રિયાણી છું, લડ્યાની મારે ખાંત છે; '

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહે રાણી : 'સ્વામી મને આપની અબળા જાણી
સાથે રાખો જુદ્ધમાં, જો દયા ભલી ભાત છે;'
કહે રાય : 'અબળાને દયાથી જ મેલી જવી,
એ તો જુઓ આપની જ વાણીમાં વ્યાઘાત છે.' ૩૨૦

ટીકા—એમાં રાણીને ઘેર મૂકી જવી રાજાને ઠીક જણાયું તે રાણીને ઠીક લાગ્યું નહિ, તથા રાણિયે કહ્યું જે મને અબળા જાણીને દયા કરો તો સાથે લ્યો, તે વાકય રાજાને વિરુદ્ધ લાગ્યું કે અબળા ઉપર દયા હોય ત્યારે ઘેર મૂકવી જોઇયે, માટે 'વ્યાઘાત અલંકાર' છે.

પુનઃ હરિગીત છંદ

કહે બ્રહ્મજ્ઞાની બ્રહ્મ એક અખંડ ને અવિકારી છે,
ન વિકાર વળગે એહને, નિરઅંશ સર્વવિહારી છે;
તે બ્રહ્મ સૂકર શ્વાન આદિક એ જ સર્વે જાત છે,
અવિકારી સવિકારી થયો વદતાં જ તે 'વ્યાઘાત' છે. ૩૨૧

દોહરો

એક મરણના ભય થકી પરણાવે પરિવાર,
એક મરણના ભય થકી સહુ તજે સંસાર. ૩૨૨

## ४६. કારણમાલા અલંકાર

અનુક્રમે કારણ ઘણાં કે કારજ જે ઠાર,
તે 'કારણમાલા' કહે સારા કવિ સરદાર. ૩૨૩

ઉપજાતિ વૃત્ત

સત્સંગથી કૃષ્ણ કથા સુણાય,
કથા સુણે અંતર શુદ્ધ થાય;
શુદ્ધાંત રે, શ્રીહરિ ઓળખાય,
જે ઓળખ્યાથી ભવભીતિ જાય. ૩૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો

નિંદ્ય થાય અભિમાનથી, વખાણથી અભિમાન,
વખાણ પામે ગુણ થકી ગુણનું સંગ નિદાન. ૩૨૫

## ૪૭. એકાવલી અલંકાર

ગ્રહણ કરીને મૂકિયે અર્થપંક્તિ એ રીત,
અલંકાર 'એકાવલી' ચતુર વિચારો ચિત્ત, ૩૨૬
અનુચર ધણિઆધીન છે, ધણી છે નૃપઆધીન,
નૃપ નૃપવરઆધીન છે, તે હરિ આગળ દીન. ૩૨૭

પુનઃ કવિત

ધન્ય છે જે ભરતભૂમિમાં નરદેહ પામ્યો,
નરદેહ પામીને પ્રભુભજન કરવું;
ભજન કરે તે ભવસાગરને તરે ભાઈ,
ભવસાગર તરે છે તેનું ભલું મરવું;
મરવું સુફળ જ્યારે જન્મવું ન ફરી પડે,
જન્મવું પડે તો ભકતઘેર અવતરવું;
અવતરવું તો જ્યારે હરિઅવતાર હોય,
હરિઅવતાર હોય તેનું ધ્યાન ધરવું. ૩૨૮

ટીકા—એમાં એક પછી એકનું વિશેષણ છે. અને પછી એક પછી એક વિશેષાર્થની પંક્તિ હોય તે પણ 'એકાવલી' અલંકાર છે; જેમકે

કવિત

દિશાઓને કાળ તણું સ્થાન છે આકાશ[1] એક,
તે માંહીં પ્રકાશમાન સૂર્ય[2] તે સંભારિયે;
તેના કર પામેલો છે ચંદ્ર,[3] ચંદ્ર તણો તાત
સલિલ[4] છે, તેનો સુત વહ્નિ[5] છે વિચારિયે;

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વહ્નિમાં હવિષ્ય હોમનાર[૬] યજમાન જેહ,
તેના પ્રાણરૂપ વાયુ[૭] દેવતા છે ધારિયે;
વાયુ દેવ જેનો ગંધ વડે એવી વસુધા[૮] છે,
અષ્ટ મૂર્તિ ઈશ્વરની અંતરે ઉતારિયે. ૩૨૯

## ૪૮. માલાદીપક અલંકાર

દોહરા

દીપક ને એકાવલી મળે બે અલંકાર,
'માલાદીપક' તે કહે સૌ કવિના સરદાર. ૩૩૦

ગુરુવાણી ઠરી કાનમાં, કાન તેહ તનમાંય;
તન તો મનને વશ અને મન તે તો પ્રભુપાય. ૩૩૧

ટીકા—એમાં ગુરુની વાણી, કાન તન મન અને પ્રભુના પાય એ રીતે અર્થપંક્તિ ગ્રહણ કરીને મૂકેલી છે તે 'એકાવલી' અલંકાર છે અને ઠરી એ શબ્દ 'દીપક' છે તે પાંચ વસ્તુને લાગુ પડે છે, એ રીતે દીપક ને એકાવલી મળ્યાથી 'માલાદીપક' અલંકાર થયો.

## ૪૯. સાર અલંકાર

દોહરા

એક એકથી અધિક ગુણ ઉચ્ચરિયે ઉત્કર્ષ,
તે 'સારાલંકાર' સુણી હૈયે ઊપજે હર્ષ. ૩૩૨

પુષ્કર સરવર શ્રેષ્ઠ છે, માન સરોવર તેથી,
તેથી સાગર શ્રેષ્ઠ છે, મન મુનિજનનું એથી. ૩૩૩

પુનઃ

ગોળ થકી સાકર ગળી, અમૃત એથી મિષ્ટ,
એથી વચનો અતિ મીઠાં ઊચરે જે હરિઇષ્ટ. ૩૩૪

ટીકા—એ તો એક એકથી સારા ગુણ કહ્યા; હવે એક એકથી અધમ ગુણની ઉત્કૃષ્ટતા કહે છે:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો

ઝેર અફીણુ, પણુ એ થકી અહિમુખ ઝેર વિશેષ;
હાળાહળ વિષ, તેથી પણુ વિષ ખળમુખ ઉપદેશ.　　　૩૩૫

**ટીકા**--હવે સારા અને નહારા બેયની મિશ્ર ઉત્કૃષ્ટતા કહે છે :

દોહરો

શ્રેષ્ઠ મેરુથી મેદિની, એ થકી જળ આધાર,
એથી શ્રેષ્ઠ આકાશ છે, તૃષ્ણા એથી અપાર.　　　૩૩૬

**ટીકા**--એમાં મેરુ પૃથિવી સાગર અને આકાશની સારી મોટાઈ કહી તે સાથે તૃષ્ણાની નઠારી મોટાઈ કહી, માટે શુભાશુભમિશ્રિત ઉત્કૃષ્ટતા છે.

## ૫૦. યથાસંખ્ય અલંકાર

દોહરા

જે જે શબ્દો બોલિયે રાખી અનુક્રમ એહ,
વળી વદિયે તેને ક્રમે, 'યથાસંખ્ય' તો તેહ.　　　૩૩૭

વાહન હંસ-ગરુડ-વૃષ કળશ-કંજ-અહિ-ધાર
ધાત્રી-રમા-ઉમાપતિ વંદું વારંવાર.　　　૩૩૮

**ટીકા**--હંસ ૧ ગરુડ ૨ વૃષભ ૩ તે જેનાં વાહન છે અને અમૃતનો કળશ, કંજ કહેતાં કમળ ૨ અને સર્પના ધરનાર છે; 'ધાત્રી' એટલે વિધાત્રી ૧ 'લક્ષ્મી' ૨ અને 'પાર્વતીના પતિ' છે, એવા બ્રહ્મા વિષ્ણુ અને શિવને હું વારંવાર વંદન કરું છું.

પુનઃ છપ્પય

કમળ કેળ ને કૂપ શંખ શશધર શુક જેહ,
નીર બાગ શુભ ભૂમિ સિંધુ નદ ભવનનો તેહ,
પ્રફુલિત યુવા ગંભીર સ્વચ્છ પૂરણ ઉચ્ચરતો,
રક્ત પુષ્ટ ને સજળ શુદ્ધ અકલંકિત હરતો,
પદ ઊરુ નાભિ ગ્રીવા વદન નાસા શ્રીભગવાનની
નીરખે અતિ હેતે હરિજનો શોભા તેહ સમાનની.　　　૩૩૯

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ટીકા—છેલ્લા ઉદાહરણમાં કહ્યું કે કમળ ૧, કેળ ૨, કૂપ ૩, શંખ ૪, શશધર એટલે ચંદ્ર ૫, શુક ૬, તે કમળ પાણી માંહીંનું ૧, કેળ બાગની ૨, કૂવો સારી ભૂમિનો ૩, શંખ સમુદ્રનો ૪, શશધર કહેતાં ચંદ્ર તે આકાશનો ૫, શુક એટલે પોપટ તે વનનો ૬, તે કમળ ફૂલેલું ૧, કેળ જુવાન ૨, કૂવો ગંભીર કહેતાં ઊંડો ૩, શંખ સ્વચ્છ મેલો નહિ ૪, ચંદ્રપૂરણ ૫, પોપટ બોલતો ૬, તે કમળ રાતું ૧, કેળ પુષ્ટ ૨, કૂવો પાણીવાળો ૩, શંખ પવિત્ર ૪, ચંદ્ર કલંક રહિત ૫, પોપટ સ્થિર રહેલો ૬, તેના જેવા શ્રીહરિના ચરણ ૧, સાથળ ૨, નાભિ ૩, કંઠ ૪, મુખ ૫, નાસિકા ૬, છે, તે હરિભકતો નીરખે છે, એ રીતે અનુક્રમે શબ્દનો અન્વય છે, માટે 'યથાસંખ્ય' અલંકાર છે.

## ૫૨. પર્યાય અલંકાર

દોહરો

એક વસ્તુ થળ એક તજી, બીજે ત્રીજે સ્થળ જાય,
તો તેને કવિયો કહે અલંકાર 'પર્યાય'. ૩૪૦

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

રાજ્યૈશ્વર્ય હતું અવધ્યપુરમાં તે હસ્તિનાપ્યે ગયું,
ત્યાંથી ઉજ્જયિની ગયું, પછી જઈ ધારાપુરીમાં રહ્યું;
ત્યાંથી દિલ્હી વિશે ગયું, પછી વળી પૂણે રહ્યું જૈ ફરી;
ઇચ્છા શ્રીહરિની થવાથી કલકત્તે જૈ સ્થિતિ ત્યાં કરી. ૩૪૧

ટીકા—એ તો શુદ્ધ પર્યાય છે. હવે આધારના સંકોચપણાથી 'સંકોચ પર્યાય' કહિયે છેયે :

દોહરો

હતી દૃષ્ટિ શુભ સંતની વિશાળ થળમાં જેહ,
ધ્યાન સમે ઠરીને રહી નાસાગ્રે સ્થિર તેહ. ૩૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### વિકાસ પર્યાય

કવિત

ક્ષત્રીપુત્ર ખડગને પાણી પવરાવા ગયો,
તેણે પાણી પાનારને કથન એવું કહ્યું :
'અસલ તમારા બાપ દાદા પાણી પાતા હતા,
તેવું તમે પાઈ શકતા નથી તે શું થયું ?
પાણી બદલાઈ ગયું કે તમારી કળા ગઈ ?
કહો ભાઇ, એ તે પાણી આ વખતે ક્યાં રહ્યું ?
એવું સુણી એણે કહ્યું: ક્ષત્રિયોના ખડગમાં
પાણી જે જણાતું તે તો ગોરા દેશમાં ગયું. ૩૪૩

**ટીકા**—એમાં ખડગમાં પાણી જણાતું હતું તે ગોરા લોકોના દેશમાં ગયું એમ કહ્યું તે ખડગ કરતાં દેશ મોટો છે, માટે તે 'વિકાસ–પર્યાય' કહેવાય.

### ઉભયપર્યાય

દોહરો

ગીતા સુણવા મન ઠર્યું, પછી વેદાદિકમાંય,
પછી નિજ સૂક્ષ્મ સ્વરૂપમાં, પછી નિજ તત્ત્વે ત્યાંય. ૩૪૪

**ટીકા**—એમાં પ્રથમ ગીતામાં મન ઠર્યું, પછી ગીતાથી મોટા વેદમાં મન ઠર્યું, પછી સૂક્ષ્મ એવા જે આત્મા તેમાં ઠર્યું અને પછી તે આત્મામાં રહેલા આત્માથી પણ સૂક્ષ્મ એવા આત્માના તત્ત્વ અંતર્યામીમાં ઠર્યું; એમ નાનાથી મોટામાં પછી મોટાથી નાનામાં ગયું માટે 'ઉભય–પર્યાય છે.'

### પર્યાયાલંકાર બીજો

દોહરા

એક જ વિશે અનેકધા ગુણ કે સ્થિતિ જણાય,
'અલંકાર પર્યાયનો બીજો ભેદ' ગણાય. ૩૪૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં ઉજ્જડ જંગલ હતું વૃત્તાલયની પાસ
ત્યાં અદ્ભુત રચના થઈ: શ્રીહરિ કર્યો નિવાસ. ૩૪૬

## પર. પરિવૃત્તિ અલંકાર

દોહરા

અદલાબદલી જ્યાં કરે ન્યૂન અધિકની હોય,
'પરિવૃત્તિ' તે જાણિયે, જો મનરંજન હોય. ૩૪૭

તન મન ધન અર્પણ કર્યાં, નિશ્ચય જેનો નાશ,
તેના બદલામાં લીધો અક્ષરધામ–નિવાસ. ૩૪૮

પુનઃ

દીધા સુદામે કૃષ્ણને તાંદુલ મુષ્ટિ લગાર,
તે બદલે પ્રભુ પાસથી લીધી રિદ્ધિ અપાર. ૩૪૯

## પ૩. પરિસંખ્યા અલંકાર

દોહરો

નિષેધ કરીને એક થળ કહિયે બીજે ઠામ,
અલંકાર એવા તણું ' પરિસંખ્યા ' છે નામ. ૩૫૦

ચોબોલા છંદ

રામ–રાજ્યમાં દંડ ન જનનો, જતિકર દંડ જણાય;
ચોરી તો વિવામાં દીઠી ચોરી બીજે ન થાય;
અન્ન જાર જોવામાં આવે, જનમાં જાર ન હોય;
જડ તો પાષાણાદિક જોયા, જનમાં જડ નવ હોય. ૩૫૧

ટીકા—બીજે ઠેકાણે નિષેધ કર્યા વગર ભાવાર્થથી જ નિષેધ જણાય તે પણ ' પરિસંખ્યાલંકાર ' છે. ૩૫૨

ચોબોલા છંદ

કુટિલપણું તો ભ્રુકુટીમાંહી, કરે ભ્રમર મધુપાન,
વિષ અંતરમાં મેઘ જ રાખે, દીસે છંદમાં માન. ૩૫૩



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટીકા—એમાં કુટિલપણું એટલે વાંકાપણું ભ્રકુટિમાં જ દેખાય, પણ કુટિલપણું માણસમાં નહિ, તે ભાવાર્થથી જણાય; તેમજ ભમરો મધનું પાન કરે, પણ મધુપાન એટલે મદ્યપાન બીજું કોઇ કરે નહિ; અને 'વિષ' કહેતાં જળ તે તો મેઘ અંતરમાં રાખે, પણ બીજો કોઈ અંતરમાં ઝેર રાખે નહિ; અને માન એટલે માપ ગુરુ લઘુ અક્ષર વડે છંદમાં જણાય, પણ માન એટલે અભિમાન ગર્વ રામના રાજ્યમાં બીજે ક્યાંય દેખાય નહિ.

### ૫૪. વિકલ્પ અલંકાર

દોહરો

વિરોધી બે કારજ વિશે કહે આમ કે આમ,
જાણનાર જન જાણજો 'વિકલ્પ' એનું નામ.　　　૩૫૪

ટીકા—મરવું અને જીવવું, જીતવું અને હારવું, અમૃત અને ઝેર, એવી બે વસ્તુઓની ક્રિયા એક સાથે થઇ શકે નહિ, માટે કહિયે કે કાંતો આમ કરો ને કાંતો 'આમ કરો' તે 'વિકલ્પાલંકાર' છે.

દોહરો

ધ્રુવ વનમાં જાતાં કહે: સાંભળ, મારી માય,
કાં તો હરિદર્શન કરું કાં તો પાડું કાય.　　　૩૫૫

### ૫૫. સમુચ્ચય અલંકાર

દોહરા

કરે ક્રિયા એક જ સમે અનેકધા જે ઠાર,
સમજે શુભ મતિમાન જન 'સમુચ્ચયાલંકાર.'　　　૩૫૬

બાળકૃષ્ણની દષ્ટિથી કૃત્યા તો પીડાય,
ત્રાસે નાસે થરથરે પડે રડે ગભરાય.　　　૩૫૭

#### સમુચ્ચય બીજો

બહુ ગુણ કે બહુ જન જહાં કરવા એક જ કામ
એક બીજા આગળ ધસે, 'બીજો સમુચ્ચય' નામ.　　　૩૫૮

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

વિનય વિવેક મધુર વચન અદર્પ દાન ક્ષમાય,
એક એકથી અગ્ર થઈ દે જનને શોભાય. ૩૫૯

ટીકા—પહેલા સમુચ્ચયમાં અકર્મક ક્રિયાપદો છે અને આમાં સકર્મક છે, એટલો ફેર છે.

## ૫૬. કારકદીપક અલંકાર

દોહરા

કર્તા એક કરે ક્રિયા એક એક પછી એક,
'કારકદીપક' તેહ છે નહિં એકદમ ઝંક. ૩૬૦
સ્વામી સચ્ચિદાનંદજી હરિ-વિરહે અકળાય,
રુવે જુવે કયારે હસે નાસે આવે જાય. ૩૬૧

ટીકા—પહેલા સમુચ્ચયમાં અને આમાં ફેર એટલો છે કે પહેલામાં સામટી ક્રિયા કરવાનું અને આમાં એક પછી એક ક્રિયા કરવાનું કહ્યું છે, તે માટે પહેલા સમુચ્ચયનો 'પ્રતિદ્વંદી' આ અલંકાર કહ્યો છે; આમાં "કયારે" એ શબ્દ બધી ક્રિયાને લગાડવો.

## ૫૭. સમાધિ અલંકાર

દોહરા

કાંઈ બીજું કારણ મળે કારજ સુગમ કરાય,
કહે 'સમાધિ' નામનો અલંકાર કવિરાય. ૩૬૨
અતિ ઉત્કંઠા થઈ જવા તીરથ કરવા કાજ,
ત્યાં તીરથ જનારનો સારો મળ્યો સમાજ. ૩૬૩

ટીકા—બીજા પ્રકારના સમુચ્ચયમાં એક કાર્મ કરવાને એક સમર્થ હોય તોપણ બીજા પદાર્થો તે કામ કરવાને સહાયકારક થાય, એટલો ભેદ છે; માટે તેનો 'પ્રતિદ્વંદી' અલંકાર કહ્યો છે.

## ૫૮. પ્રત્યનીક અલંકાર

દોહરા

જે બળવાળા શત્રુના પક્ષ ઉપર બળ થાય,
અલંકાર તે જાણજે 'પ્રત્યનીક' કહેવાય. ૩૬૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિસુખં જીતે ચંદ્રને તે માટે શશી એહ
હરિઆયુધ ગણી કમળને કરમાવે છે તેહ. ૩૬૫

પુનઃ હરિગીત

જે અસુર જન નિજ અંતરે હરિ ઉપર વેર ઘણું ધરે,
તે હિંમત રાખી હરઘડી હરિભક્તને હરકત કરે ૩૬૬

દોહરો

'પ્રત્યનીક' વળી તેહ છે શત્રુ ઉપર બળ થાય.
રવિ રાશિયે રાહુ દમ્યો રાહુ કરે પીડાય. ૩૬૭

## ૫૯. કાવ્યાર્થાપત્તિ અલંકાર

દોહરા

આમ કર્યું તો આ કરે, તેમાં તે શી વાત?
'કાવ્યાર્થાપત્તિ' કહે ભલા વિચક્ષણ ભ્રાત. ૩૬૮
તરીને ઊતરે પાર જે સહજે સાગર સાત,
તો તેને ખાબોચિયું તરવું તે શી વાત? ૩૬૯

પુનઃ

રાક્ષસ રાવણ તુલ્યના કામે ગાળ્યાં ગાત્ર;
કૃષ્ણે જીત્યો કામને તો રાક્ષસ શા માત્ર? ૩૭૦

પુનઃ

નિજ બચ્ચાંને નાગેણી ખાય કરીને ઘાત,
તો બીજાના પ્રાણ લે, તેમાં તો શી વાત? ૩૭૧

## ૬૦. કાવ્યલિંગ અલંકાર

દોહરા

દુષ્કર અર્થ તણી જહાં દૃઢતા કરિયે, ભ્રાત,
'કાવ્યલિંગ' તે તો ભલો અલંકાર સાક્ષાત. ૩૭૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'જીત થશે પાંડવ તણી' એમ કહે કુરુરાય,
જેને મહા પરાક્રમી છે શ્રીકૃષ્ણ સહાય. ૩૭૩

ટીકા—એમાં જીત કરવી તે દુષ્કર છે, માટે 'પાંડવની જીત થશે' એ વાક્યની દૃઢતા થવા સારૂ 'જેને શ્રીકૃષ્ણ સહાય છે' એવું વાક્ય કહ્યું; માટે તે 'વાક્યાર્થ-હેતુ' છે.

**પદાર્થહેતુ, ભેદ બીજો**

દોહરા

દૃઢ કરવા જે વાક્યને હેતુ પદાર્થ જ હોય,
'પદાર્થ-હેતુ' તેહ છે, કહે કવિ સૌ કોય. ૩૭૪

ભક્તિવિરોધી મુક્તિ તો મોહરૂપ કહેવાય,
તેહ ચતુર્ધા મુક્તિને હરિજન નહિ ચહાય. ૩૭૫

ટીકા—એમાં 'મોક્ષ છે તે મોહરૂપ છે તેને હરિજન ચહાતા નથી' એ વિશેષણ-પદે કરીને દૃઢતા કરી. જેમાં કર્તા અને ક્રિયા હોય તે 'વાક્ય' કહેવાય અને કેવળ નામ કે વિશેષણ હોય તે 'પદ' કહેવાય; જેમકે 'તુળસી-ક્યારો' તે પદ છે તેમજ 'ભક્તિ-વિરોધી' તે પણ પદ છે તે પદાર્થે કરીને દૃઢતા કરી; માટે 'પદાર્થ-હેતુ કાવ્યલિંગ' છે.

**પદાર્થ વાક્યાર્થ પરસ્પર સાપેક્ષ હેતુ, ભેદ ૩**

દોહરા

વાક્યાર્થ ને પદાર્થ તે હેતુપણે જ્યાં હોય,
'કાવ્યલિંગનો ભેદ' તે સજ્જન જાણે સોય. ૩૭૬

સર્વેશ્વર હરિયે ધર્યો મુગટ શિરે મહામૂલ્ય,
દુષ્ટ રાહુનું વમન વિધુ કોણ કહે તે તુલ્ય? ૩૭૭

ટીકા--એમાં સર્વેશ્વર એવા હરિયે મસ્તકે ધર્યો એ જ વાક્યથી મુગટની અધિકતા એટલે ઉત્કૃષ્ટતા થઈ અને દુષ્ટ રાહુનું વમન ચંદ્ર એ જ પદાર્થથી ચંદ્રની ન્યૂનતા થઇ; માટે 'કાવ્ય-લિંગનો ત્રીજો ભેદ' છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### વાકયાર્થને વિશે પદાર્થહેતુ, ભેદ ૪

દોહરો

દઢ કરવા વાક્યાર્થને પદાર્થહેતુ હોય,
હેતુના હેતુ પદો, 'ભેદ ચતુર્થ જ' સોય. ૩૭૮

કવિત

એ નર મરણ પામ્યા; પ્રધાનને રાવે પૂછયું :
કોણ નરકે ને કોણ સ્વરગે સિધાવ્યો છે?
કહે મંત્રી : દયાળુ જે દાન દેતો દયા થકી
દયા ગુણ પરદુઃખ દેખવાથી આવ્યો છે;
બીજો મહા ક્રૂર ક્રૂરતાથી ઘણી ઘાત કરી
ઘાતનું કારણ સ્વાદ લોભ દિલ લાવ્યો છે;
માટે દયાળુ તે ગયો સ્વર્ગે, ક્રૂર કુંભિપાકે,
એવો મેં તો નિશ્ચે મારા મનમાં ઠરાવ્યો છે. ૩૭૯

ટીકા—દયાળુ સ્વર્ગે ગયો તે વાકયાર્થ છે તેની દઢતા દાન પદાર્થથી થઇ, અને દાનની દઢતા દયાથી થઇ, અને દયાની દઢતા પરદુઃખથી થઈ; ક્રૂર નરકે ગયો તેની દઢતા ઘાત એટલે હત્યાથી થઇ અને હત્યાનું કારણ સ્વાદ તથા લોભ આદિક કહ્યાં એ રીતે વાક્યાર્થની દઢતા પદાર્થો વડે પરંપરા થઇ; માટે તે 'કાવ્યલિંગનો ચોથો ભેદ' છે.

### બે વિરુદ્ધ કાર્યના બે હેતુ, ભેદ ૫

દોહરા

વિરુદ્ધ કાર્યો બે તણાં હેતુ બેય જણાય,
'કાવ્યલિંગનો પાંચમો ભેદ' ભલો સમજાય. ૩૮૦

સાપે ગળી છછુંદરી, ગળે તોય મરી જાય,
મૂકી દે તો સર્પ તે આંખ્યે અંધો થાય. ૩૮૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બે વિરુદ્ધ કાર્યનો હેતુ એક, ભેદ ૬

દોહરા

વિરુદ્ધ બે કારજ તણું કારણુ એક જણાય,
'કાવ્યલિંગનો તેહ તો છઠ્ઠો ભેદ' ભણાય. ૩૮૨

વખણાયો વિદ્યા ભણી, ગણ્યો સુફળ શ્રમ તેહ,
પછી કુલ-કામ કરાય નહિ, ગણ્યો અફળ શ્રમ એહ. ૩૮૩

## ૬૨. અર્થાંતરન્યાસ અલંકાર

દોહરા

વર્ણ્ય વાક્યનું દઢપણું અવર્ણ્ય વાક્યે થાય,
વિશેષનો સામાન્યથી અર્થ સમર્થ જણાય, ૩૮૪

સામાન્યનો વિશેષથી અર્થ સમર્થ પ્રકાશ,
બેય પ્રકારે જાણવો છે ' અર્થાંતરન્યાસ.' ૩૮૫

**સામાન્યથી વિશેષની દઢતા**

છ૦ ઉપજાતિ

વડોદરામાં મુનિ મુક્ત જેને
સભા જીત્યા હિંમતવાન થૈને;
સંતો બધા હોય સમર્થ, ભાઈ,
સભા જીતે તેહ નહિ નવાઇ. ૩૮૬

**ટીકા**—એમાં ' મુક્તાનંદ સ્વામી સભા જીત્યા ' તે કહેવાનું છે અને તે વિશેષ વાક્ય છે તે વાતની દઢતા સામાન્ય વાક્ય જે ' બધા સંતો સમર્થ હોય તેમાં શી નવાઈ ' એ વાક્યે કરીને કરી , તે વાક્ય તો તે પહેલા વાક્યની દઢતા વાસ્તે છે, મુખ્ય તેનું જ વર્ણન નથી; માટે તે ' અવર્ણ્ય ' છે.

**સામાન્યની દઢતા વિશેષથી**

દોહરો

જેવી સંગતિમાં ભળે, તે પણુ તેવો થાય;
ગંગામાં અપવિત્ર જળ ગંગાજળ થઈ જાય. ૩૮૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ટીકા**—એમાં પહેલું વાક્ય સર્વને લાગુ પડે માટે સામાન્ય છે, તેની દૃઢતા 'અપવિત્ર જળ ગંગામાં ભળે' તે વિશેષ વાક્યથી કરી; એ બેય ઉદાહરણોમાં વર્ણ્યની દૃઢતા અવર્ણ્યથી કરી છે, કેમકે મુક્તાનંદ સ્વામીની વાત કરવી હતી તેમજ જેવી સંગતિમાં ભળે તે વાત પણ કહેવાની હતી. હવે અવર્ણ્યની દૃઢતા વર્ણ્ય વાક્યે થાય તેનાં ઉદાહરણો કહિયે છેયે :

### વર્ણ્ય વડે અવર્ણ્યનું સમર્થન

દોહરો

અહો કહેવત સત્ય છે દીનબંધુ બળવાન
ભાજી વિદુરની હરિ જમ્યા તજી નૃપનું મિષ્ટાન્ન. ૩૮૮

**ટીકા**—'જે બળવાન હોય તે ગરીબના બંધુ છે' એ અવર્ણ્ય સામાન્ય વાક્યની દૃઢતા 'વિદુરજીની ભાજી હરિ જમ્યા' તે વિશેષ વર્ણ્ય વાક્યે કરીને કરી, પણ મુખ્ય વાત એ કહેવી છે કે 'ભગવાન રાજાનું મિષ્ટાન્ન તજીને વિદુરની ભાજી જમ્યા.' હવે એથી ઊલટું અવર્ણ્ય વિશેષ વાક્યની વર્ણ્ય સામાન્ય વાક્યે દૃઢતા કહિયે છેયે :

### વર્ણ્યથી અવર્ણ્યનું સમર્થન બીજું

દોહરા

વિશેષનું સામાન્યથી વળી સમર્થન થાય,
વર્ણ્ય વડે જ અવર્ણ્યનું 'અર્થાંતર' કહેવાય. ૩૮૯

સત્સંગે સુખ સાંપડે એ કહેવત નથી અસ્ત;
સુખી અન્ન વસ્ત્રે સદા છે સત્સંગી સમસ્ત. ૩૯૦

**ટીકા**—એમાં મુખ્ય કહેવાનું એ છે કે 'સત્સંગી સર્વે અન્ન વસ્ત્રથી સુખી છે' તે સામાન્ય વર્ણ્ય વાક્ય વડે અવર્ણ્ય વિશેષ વાક્ય જે 'સત્સંગથી સુખ સાંપડે' એ વાક્યની દૃઢતા કરી; માટે તે 'અર્થાંતરન્યાસ' અલંકાર છે.

## ૬૨. વિકસ્વર અલંકાર

દોહરો

વિશેષનું સામાન્યથી વળી વિશેષથી જ્યાંય
અર્થ સમર્થન કીજિયે, કહે 'વિકસ્વર' ત્યાંય. ૩૯૧

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ટીકા—વિશેષાર્થનું સામાન્યથી તથા સામાન્યનું વિશેષાર્થથી સમર્થન 'ઉપમા'ની રીતે થાય અથવા 'અર્થાંતરન્યાસ'ની રીતે થાય, તે 'વિકસ્વર' અલંકાર છે.

ઉપમાની રીતે સમર્થન

દોહરો

ખળ-ડરથી પ્રહ્લાદનું દિલ નહિ ડગ્યું લગાર;
હરિ જનનાં મન અચળ અતિ જેમ ગિરિ ગિરનાર. ૩૯૨

ટીકા—એમાં પ્રહ્લાદનું મન વિશેષ છે અને હરિજનોનાં મન સામાન્ય છે તથા ગિરનાર ઉપમાન છે, તે સામાન્ય વડે વિશેષનું તથા ઉપમાન વડે સામાન્યનું સમર્થન કર્યું.

અર્થાંતર રીતે સમર્થન

દોહરો

સીતાને હરિ રાવણે, દુષ્ટો ન કરે શૂંજ,
નિજ સંગીને દુર્યોધને નિર્લજ કથન કહ્યું જં. ૩૯૩

ટીકા—એમાં રાવણ વિશેષ છે, દુષ્ટ જનો સામાન્ય છે, વળી દુર્યોધન વિશેષ છે તે સામાન્ય વડે વિશેષનું સમર્થન કર્યું, પછી સામાન્યનું વિશેષ વડે અર્થાંતરન્યાસે સમર્થન કર્યું. માટે 'વિકસ્વર' અલંકાર છે.

## ૬૩. પ્રૌઢોક્તિ અલંકાર

દોહરો

નહિ કારણ ઉત્કૃષ્ટનું તે કારણ તે માટ
કહે કોઇ તો જાણવો 'પ્રૌઢોક્તિ'નો ઘાટ. ૩૯૪

સાગરમાંહીં મળે ઘણાં નદિયો કેરાં નીર,
તેથી સાગરમાં ઘણું, જો, આ જળ ગંભીર. ૩૯૫

ટીકા—'ઘણી નદિયો મળે છે તેથી સમુદ્રનું જળ ગંભીર એટલે ઘણું ઉત્કૃષ્ટ છે' એવું જૂઠું કારણ કલ્પ્યું; માટે 'પ્રૌઢોક્તિ' અલંકાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ૬૪. સંભાવના અલંકાર

દોહરો

આમ હોય તો કામ તે સિદ્ધ સર્વથા થાય,
એમ કહે, 'સંભાવના' અલંકાર કહેવાય. ૩૯૬

રુવૈયો

જો જન કોઇ સ્વ-જીવિતમાં
જન લાખ કને નિજ નામ છપાવે,
શ્રાવક પારશી શૈવ સુની
પરધર્મી કને નિજ ધ્યાન ધરાવે;
આધિ અનેક ઉપાધિ તજાવી
સમાધિ કરાવી સ્વધામ બતાવે,
એટલું કામ કરે જન જો કદી
તો જન તે 'હરિકૃષ્ણ' કહાવે. ૩૯૭

### ૬૫. મિથ્યાધ્યવસિતિ અલંકાર

દોહરો

કહિયે કાંઇ અસંભવિત જૂઠી પાડવા વાત,
તે તો 'મિથ્યાધ્યવસિતિ' વદે વિબુધ જન વાત. ૩૯૮

આર્યા

સકળ કળા સહ શશધર અધિક ઉદય તે અમાસમાં થાય,
ત્યારે અષ્ટમ વારે વામી જન સ્વર્ગમાં જાય. ૩૯૯

ટીકા—'વામમાર્ગી સ્વર્ગે જાય' એ વાત જૂઠી પાડવા સારુ કહ્યું કે 'અમાસને દહાડે સોળ કળાનો ચંદ્ર ઊગે અને આઠમો વાર હોય ત્યારે વામમાર્ગી સ્વર્ગે જાય.' મતલબ કે એવો જોગ હોય નહિ અને વામી સ્વર્ગે જાય નહિ; માટે 'મિથ્યાધ્યવસિતિ' અલંકાર છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## ૬૬. લલિત અલંકાર

દોહરા

વર્ણ્ય વાક્યના અર્થસમ વાક્ય વદે જન કોય,
તે 'લલિતાલંકાર' છે સમજે બુધ જન સોય. ૪૦૦

મંદોદરી કહે છે કે—

શાલિની વૃત્ત

આપો સીતા, રામ લૈને જ જાશે;
ના આપો તો આજ લંકા લુટાશે.
ત્યારે બોલ્યો રાવણો : ધૈર્ય ધારો;
પાણી પૂર્વે કેમ મોજાં ઉતારો? ૪૦૧

**ટીકા**—એમાં રાવણને કહેવાનું એ છે કે 'લંકા લુટાયા પહેલી ધીરજ કેમ છોડી દ્યો છો?' તેને બદલે કહ્યું કે 'પાણી આવ્યા પહેલાં મોજાં કેમ ઉતારો છો? માટે તે 'લલિતાલંકાર' છે.

## ૬૭. પ્રહર્ષણ અલંકાર

દોહરા

વણ ઉદ્યમ આવી મળે ઈચ્છિત ફળ જે વાર,
કવિ-કોવિદ તેને કહે 'પ્રહર્ષણ અલંકાર' ૪૦૨

ઉપજાતિ

કેદાર કાશી ન ગયો કદાપિ,
વ્રતો ન કીધાં, ન તપ્યો તથાપિ
ઇચ્છા ઘણી કૃષ્ણ મળ્યાની જેહ,
સ્વગેહ બેઠાં થઇ સિદ્ધ તેહ. ૪૦૩

**ટીકા**—એમાં કૃષ્ણને મળવાની મારી ઘણી ઇચ્છા હતી તે પ્રયત્ન કર્યા વિના ઘેર બેઠાં સિદ્ધ થઈ માટે 'પ્રહર્ષણાલંકાર' છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રહર્ષણ ભેદ બીજો

દોહરો

નિજ ઇચ્છાથી અધિક ફળ પ્રાપ્ત થાય જે ઠાર,
'પ્રહર્ષણાલંકારનો કહિયે બીજો પ્રકાર.' ૪૦૪

ઉપજાતિ વૃત્ત

સ્વર્ગે જવાની રુચિ ઉર ધારી સંભારિયા મેં મનમાં મુરારિ,
ત્યાં તો થઇ અક્ષર-ધામપ્રાપ્તિ, સર્વે ક્રિયા કેરી થઇ સમાપ્તિ. ' ૪૦૫

## પ્રહર્ષણ ભેદ ત્રીજો

દોહરો

સાધન ફળપ્રાપ્તિ તણું શોધે ક્યાંયે જેહ,
સત્ય મળે સાક્ષાત ફળ, ત્રીજો 'પ્રહર્ષણ' તેહ. ૪૦૬

ઉપજાતિ વૃત્ત

હું ખોળતો સદ્‌ગુરુ કોઇ એવો, મને મળાવે હરિને જ તેવો,
તે ખોળતામાં જ ટળ્યા ઊતાપ, મળ્યા મને શ્રીહરિ આપઆપ. ૪૦૭

ટીકા—શ્રીહરિનો મેળાપ કરાવે એવા સદ્‌ગુરુનો શોધ કરતાં સાક્ષાત્ શ્રીહરિ મળ્યા. તે ' પ્રહર્ષણાલંકાર ' થયો.

## ૬૮. વિષાદન અલંકાર

દોહરો

ઇચ્છિતાર્થથી ઊલટું કામ થાય જે ઠાર,
કવિ-કોવિદ તેને કહે ' વિષાદનાલંકાર. ' ૪૦૮

હરિગીત છંદ

વાટે વિચરતાં થાકીને વાહન તણી ઇચ્છા કરી,
ત્યાં રાજ્યમૂની અશ્વિનીને શુભ વછેરી અવતરી;
" ઉપાડ એહ વછેરી ' કહીને દૂત લાગ્યો તાડવા,
ચડવાનું વાહન ઇચ્છતાં એ તો મળ્યું ઉપાડવા. ૪૦૯

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

## ૯૯. ઉલ્લાસ અલંકાર

દોહરો

એક તણા ગુણ દોષથી પરને ગુણ કે દોષ,
એવું વર્ણન હોય તે છે 'ઉલ્લાસ' અદોષ. ૪૧૦

**ટીકા**—એકના ગુણ વડે બીજાને ગુણ, તથા એકના દોષ વડે બીજાને દોષ, એકના ગુણ વડે બીજાને દોષ, એકના દોષવડે બીજાને ગુણ, એવા ચાર પ્રકાર છે; તેમાં વળી એકના ગુણ દોષ વડે બીજાને ખરેખરા ગુણ દોષ લાગે તે તથા એકના ગુણ દોષ વડે બીજો તેના ગુણ દોષ માની લે એવા ભેદ ૮ છે.

### ૧. એકના ગુણ વડે બીજાને ખરો ગુણ

દોહરો

હોય કદી જો એકને બાગ ભલો ઘર પાસ
તો તેના પાડોશિયો પામે સદા સુવાસ. ૪૧૧

### ૨. એકના ગુણથી બીજાએ માનેલો ગુણ

'જમવા આવે સંત તો મુજ ઘર પાવન થાય,'
અંબરીષ એવી ધરે નિજ ઉરમાં ઇચ્છાય. ૪૧૨

**ટીકા**—એમાં સંત જમવા આવ્યાથી ગુણ થયો હોત તો ખરો ગુણ કહેવાય, પણ આ તો એવી ઇચ્છા કરી કે સંત જમવા આવે તો મારું ઘર પાવન થાય; માટે સંતના ગુણથી પોતાને માની લીધો તે 'ગુણ' કહેવાય.

### ૩. એકના દોષથી બીજાને ખરો દોષ

ઉપજાતિ વૃત્ત

પોલા છતાં વાંસ કઠોર દીસે,
ઘસાય અન્યોન્ય વળી અતિશે;
એથી ઊઠ્યો પાવક; એમ કીધું:
વાંસો બળ્યા ને વન બાળી દીધું. ૪૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ૪. પોતાના દોષથી બીજાનો માની લીધેલો દોષ

દોહરા

નકટે દર્પણ નીરખિયું, કુરૂપ દીઠું ત્યાંય;
દોષ ગણી દર્પણ તણો મૂક્યું પૃથવીમાંય.                                   ૪૧૪

### ૫. એકના ગુણથી બીજાને ખરો દોષ

દોહરો

શુકજીની કવિતા સરસ સુણે સઉ ધરી કાન,
પણ તેથી કુકવિ તણું ઘટે મુલકમાં માન.                                   ૪૧૫

### ૬. એકના ગુણથી બીજાનો માનેલો દોષ

દોહરો

હોય મહા વિદ્વાન જન, સદ્ગુણ બીજા અથાગ,
પણ ધન ન મળે તેહને, ધનનું એ જ અભાગ્ય.                                   ૪૧૬

ટીકા—એમાં વિદ્વાન ગુણીજનને ધન મળ્યું નહિ, તેથી ધનને કાંઈ અવગુણ થયેલો જણાતો નથી, પણ કવિએ માની લીધેલો અવગુણ છે.

### ૭. એકના દોષથી બીજાને ખરો ગુણ

ઉપજાતિ વૃત્ત

વિશેષ છે વાનર જાતિ જેહ દોડે કૂદે છે બળવાન તેહ,
તથાપિ બુદ્ધિ નથી રે જણાતી, તેથી કરે રાજ્ય મનુષ્ય જાતિ. ૪૧૭

### ૮. એકના દોષથી બીજાએ માની લીધેલો ગુણ

દોહરો

ચોરે લૂટ્યા વણિકને જ્યાં વન હતું ઉજાડ,
પણ નહિ લીધા પ્રાણ તે પૂરો માનિયો પાડ.                                   ૪૧૮

## ૭૦. અવજ્ઞા અલંકાર

દોહરો

એક તણા ગુણ-દોષથી નહિ પરને ગુણ દોષ,
કહે 'અવજ્ઞા' એહને સજ્જન ધરી સંતોષ.                                   ૪૧૯

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

### ગુણું વડે ગુણ નહિ તે

ઉપજાતિ વૃત્ત

અહો પધર્યા ગુણવંત સંત,
જેમાં ખરું જ્ઞાન દીસે અનંત;
તેનો થયો જોગ જહાં સ્વદેશ,
પાપી જને જ્ઞાન લીધું ન લેશ. ૪૨૦

### દોષ વડે દોષ નહિ તે

ઇંદ્રવજ્રા વૃત્ત

સત્સંગી સંસાર વિશે હરે છે; સંસારનાં કામ બધાં કરે છે;
સંસારમાં દુર્ગુણ છે વિશેષ, સત્સંગીને તે વળગે ન લેશ. ૪૨૧

## ૭૧. અનુજ્ઞા અલંકાર

દોહરા

દોષ વિશે ગુણ દેખીને માગે દોષ સદાય,
નામ 'અનુજ્ઞા' એહનું કહે મહા કવિરાય. ૪૨૨
મહીપતિના મનમાં સદા ઊપજે ફિકર અપાર,
ગરીબ ભક્તો મને સદા કરજે જગકર્ત્તાર. ૪૨૩

## ૭૨. લેશ અલંકાર

દોહરો

દોષ વિશે ગુણકલ્પના, ગુણમાં દોષવિચાર,
અલંકારવિદ જન કહે તે 'લેશાલંકાર.' ૪૨૪

### દોષમાં ગુણ કથન

દોહરો

માતા ગુણ સુતના ગણે, અંધ મૂક સુન તોય,
મા જાણે 'જીવો ઘણું, વંઝા ન કહે કોય.' ૪૨૫

### ગુણમાં દોષકથન

કવિત

બોલે ઘણું તો કહેશે, બકવા કરે છે બહુ;
ન બોલે તો કહે, એ અપંડિત શું ઉચ્ચરે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષમા ધરે તો કહેશે, એ તો છે અશક્તિમાન;
શૌર્ય ધરે તો કહેશે, દિલે ન દયા ધરે;
ઉદારપણું ધરે તો કહેશે, ઉડાઉ એ છે;
કસર કરે તો કહે, કંજૂસ શું વાવરે ?
ગુણીજન તણા ગુણ વિશે ગુણ ગણે નહિ,
દ્વેષી જન તો સદૈવ દોષકલ્પના કરે. ૪૨૬

## ૭૩. મુદ્રા અલંકાર

દોહરો

પ્રસ્તુત પદથી સૂચવે સૂચવવાનો અર્થ,
તે 'મુદ્રાલંકાર' છે, સમજે બુદ્ધિ સમર્થ. ૪૨૭

ચામર વૃત્ત

રોજ રોજ રાખી પાંચને જ થિર કીજિયે,
ચામર ક્ષિતીશ એ જ ચિત્તમાં ધરીજિયે;
છંદનું સુછત્ર એ જ કૃષ્ણ-કીર્તિ ગાઇયે,
અન્ય રાજ-ચિહ્નથી અતિ નહિ ફુલાઇયે. ૪૨૮

ટીકા—એમાં એક રાજાને ઉપદેશ કર્યો કે 'પ્રતિ દિવસે પાંચ ઇંદ્રિયોને રાખીને સ્થિર કરિયે અને હે રાજા એ જ ખરું ચામર એટલે રાજચિહ્ન છે, એમ મનમાં ધારવું અને ભગવાનની કીર્તિ ગાઇયે એ જ છંદનું કહેતાં સ્વભાવનું સારું છત્ર છે; તે વિના બીજાં ચિહ્નથી અતિશે ફુલાઇયે નહિ.' એમાં ચામર છંદનું લક્ષણ ઉદાહરણ ને નામ પણ કહ્યું તે એ રીતે કે પહેલા પાંચ અક્ષરમાં ર ગણ જ ગણ વળી ર ગણ જ ગણ અને ર ગણ એવા પાંચ ગણ સ્થિર મૂકિયે તેનું નામ 'ચામર છંદ' છે.

પુનઃ દોહરો

કિયા ખાચરે ખૂબ તો સેવ્યા શ્રી ઘનસ્યામ ?
જો ન સમજ તો ઘેર જા, દાદો ક્હેશે નામ. ૪૨૯

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

## ૭૪. રત્નાવળી અલંકાર

દોહરા

અનુક્રમે કે ક્રમ વિના આવે અવર્ણ્ય નામ,
વર્ણન તો તેમાં જુદું, 'રત્નાવળી' તે ઠામ. ૪૩૦

સત્સંગી હરિચંદ છે, મંગળ નિજ ચાહનાર,
તેણે બુધ મુનિ ગુરુ કર્યાં ઊર્ધ્વશુક્ર શનિચાર. ૪૩૧

ટીકા—હરિચંદ નામે વણિક સત્સંગી છે તે પોતાનું મંગળ કહેતાં કલ્યાણ ઇચ્છનાર છે, તેણે બુધ કહેતાં વિદ્વાન મુનિને ગુરુ કર્યા, તે એવા કે 'ઊર્ધ્વશુક્ર' કહેતાં ઊર્ધ્વરેતા અને 'શનિચાર' કહેતાં હળવે હળવે ચાલનારા પણ ઉન્મત્તની પડે વેગે ચાલે નહિ એવા; એમાં હરિચંદ નામના સત્સંગી વિશે તથા તેના ગુરુ વિશેનું વર્ણન છે, પણ તેમાં અનુક્રમે સાત વારનાં નામ આવ્યાં, જેમકે 'હરિ' કહેતાં રવિ, 'ચંદ્ર' કહેતાં ચંદ્રવાર, 'મંગળ બુધ ગુરુ શુક્ર અને શનિ,' માટે 'રત્નાવળી' અલંકાર છે. જેમ મોતીના હારમાં હીરા પરોવ્યા હોય તેમ દેખાય માટે 'રત્નાવળી' અલંકાર છે. 'શ્લેષાલંકાર'માં અને આમાં એટલો ફેર છે કે 'શ્લેષાલંકાર'માં જુદા જુદા બે અર્થ સ્પષ્ટ હોય અને આમાં એક અર્થ બરાબર નીકળ્યો અને બીજા અર્થવાળાં નામ માત્ર છે; જેમકે આમાં હરિભક્ત વિશે બરાબર અર્થ છે, પણ સાત વાર પછી આવજો કે સાત વાર સારા છે ઇત્યાદિક કોઇ વાક્ય પૂરું થતું નથી, માટે 'રત્નાવળી' છે; તેમજ 'મુદ્રાલંકાર'માં અને 'રત્નાવળી'માં પણ એ જ પ્રકારનો ફેર છે.

### અનુક્રમ રહિતનું ઉદાહરણ

કવિત

પામીને પ્રવરતાલ દાંડે ઘોળે રામે લીધો,
ગઢ પૂરેપૂરો અતિ જૂનો ગઢ જેહ છે,
ભુજ વિશે ભેદાયા, સમૂળી વંશ-વેલી ગઇ,
અધોઇ કે પાશેર ન પાણી પામ્યો તેહ છે;
પામ્યો નહિ જય, તળપૂરે પૃથિવી ન પામ્યો,
શ્રીપુરી તો વિભીષણ અંતે પામ્યો એહ છે;



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પામ્યો વડો દરબાર કનકના કુંભ રુચે,
સુર-તરુ રામ તહાં તરુ ગેહ ગેહ છે. ૪૩૨

ટીકા—એમાં કહ્યું કે 'પ્રવર' એટલે ઉત્તમ તાલ (જોગ) પામીને રામચંદ્રજીએ ઘોળે દહાડે જે જૂનો ગઢ તે પૂરેપૂરો લીધો. રામે ગઢ લીધો તે તો લંકાગઢ છે, એમ લક્ષણાથી સમજાય છે; જેમકે બીજો કોઈ ગઢ રામે લીધાની વાત પ્રસિદ્ધ નથી. રાવણના વિશે હાથ કપાયા અને મૂળ સહિત વંશવેલી ગઈ; વીસ હાથ છેદાયા છે તે પ્રસિદ્ધ છે, માટે અધ્યાહારથી સમજાય છે. અને મરતી વખતે અઘોળ કે પાશેર પાણી પામ્યો નહિ, મતલબ કે તિલોદક અંજળિ આપનાર કોઈ રહ્યું નહિ; એ જય પામ્યો નહિ અને તલપૂર પૃથ્વી પણ પામ્યો નહિ. અને લક્ષ્મી અને નગરી તો વિભીષણ પામ્યો અને જ્યાં ઘેર ઘેર સુરતરુ એટલે કલ્પવૃક્ષ છે અને કનકને મોઢે એવા સોનાના કળશવાળો મોટો દરબાર પણ તે પામ્યો; એમાં વરતાલ ઘોળેરા આદિક નામ અનુક્રમ વગર આવ્યાં તોપણ 'રત્નાવળી' અલંકાર છે.

## ૬૫. તદ્ગુણ અલંકાર

દોહરા

તજીને ગુણ પોતા તણો પરનો ધર્યો જણાય,
તો તેને 'તદ્ગુણ' કહે અલંકાર કવિરાય. ૪૩૩
શ્વેત પુષ્પ શણગાર સજી નખથી શિખા સમેત,
જો, શ્રીઘનશ્યામે ધર્યો પુષ્પ તણો ગુણ શ્વેત. ૪૩૪

ટીકા—શ્રીજીનું સ્વરૂપ ઘનશ્યામ છે, તેમણે નખથી શિખા સુધી શ્વેત પુષ્પના શણગાર ધર્યાથી પુષ્પનો શ્વેત ગુણ પોતે ધારણ કર્યો જણાય છે. આ ઠેકાણે 'ગુણ' શબ્દે કરીને 'રંગ' જાણવો.

## ૬૬. પૂર્વરૂપ અલંકાર

દોહરો

નિજ ગુણ તજી પર-ગુણ ધરે, ફરીને સ્વગુણ પમાય,
અલંકાર એ તો ભલો 'પૂર્વરૂપ' કહેવાય. ૪૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્રગ્ધરા વૃત્ત

ધોળે વેશે જનો જે રહી નિજ ધરમાં સેવતા શ્રીહરિને,
પૂરો વૈરાગ્ય પામી ઘર તજી ભગવો વેશ લીધો ધરીને,
એવા સંતોની અર્ચા કરી અતિ ઊજળી ધોતી ઓઢાડી અંગે,
પૂર્વાવસ્થા પ્રમાણે સકળ મુનિસભા શોભિતે શ્વેત રંગે. ૪૩૬

પુનઃ ટીકા—રાજકોટમાં મિસ્ત્રી લક્ષ્મણદાસે સાધુઓને જગન્નાથીની ચાદરો ઓઢાડી તે સમે એક કવિયે કહેલો દોહરો :

ધોળાને ભગવા કરે આચારજ મહારાજ,
ભગવાને ધોળા કર્યા લક્ષ્મણદાસે આજ. ૪૩૭

પૂર્વાલંકાર; ભેદ બીજો

દોહરા

એક વસ્તુ વહી જાય પણ શોભા તેની તેહ,
'પૂર્વરૂપ' તે પણ કહે જાણુમેદુ જન જેહ. ૪૩૮
શ્રીજી થયા અદર્શ પણ અવધ્યને રઘુવીર
શોભાવે સતસંગને ધર્મધુરંધર ધીર. ૪૩૯

## ૭૭. તદ્ગુણ અલંકાર

દોહરા

ગુણ સંગતિનો ન ગ્રહે. રહે તેમ ને તેમ,
એહ 'અતદ્ગુણ' જાણજે, ઊચરે કવિવર એમ. ૪૪૦
વરતી સદા વરતાલમાં કર્યો સંતનો સંગ,
તોય ન લાગ્યો તેહને તેહ સંગનો રંગ. ૪૪૧

ટીકા—'ઉલ્લાસ અલંકાર'માં એકના ગુણ દોષ વડે બીજાને ગુણ દોષ કહ્યા અને 'અવજ્ઞા અલંકાર'માં એથી વિરુદ્ધ એટલે એકના ગુણ દોષ બીજાને લાગે નહિ; 'તદ્ગુણ અલંકાર'માં પોતાનો ગુણ તજીને પારકો ગુણ ગ્રહણ કરે એમ કહ્યું તે તો 'ઉલ્લાસ અલંકાર'ના જેવું થયું અને 'અતદ્ગુણ અલંકાર' ને 'અવજ્ઞા અલંકાર'નું મળતાપણું આવ્યું. હવે તેમાં ફેર એટલો છે કે 'ઉલ્લાસ' ને 'અવજ્ઞા' એ બેમાં સાધારણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુણ જેમકે ક્રોધ ને અક્રોધ પવિત્ર ને અપવિત્ર ઇત્યાદિક ગુણ સમજવા. અને 'તદ્ગુણ' ને 'અતદ્ગુણ અલંકાર'માં રાતા પીળા આદિક રંગ સમજવા. વળી બીજો ભેદ એ છે કે 'ઉલ્લાસ' ને 'અવજ્ઞા'માં પારકો ગુણ બીજાને પ્રાપ્ત અને અપ્રાપ્ત થાય અને 'તદ્ગુણ' અને 'અતદ્ગુણ'-માં પારકા ગુણ વડે બીજા રંગાય અને ન રંગાય એટલો ભેદ છે. 'વિશેષોક્તિ'માં કહ્યું છે કે પુષ્કળ કારણ છતાં કાર્ય ઊપજે નહિ અને 'અતદ્ગુણ અલંકાર'માં કહ્યું કે મળેલાનો ગુણ ગ્રહણ કરે નહિ; પછી 'અવજ્ઞા અલંકાર'માં કહ્યું કે એકના ગુણુ કે દોષ વડે બીજાને ગુણ કે દોષ ન થાય એ બે અલંકારનું લક્ષણ વિશેષોક્તિમાં મળી જાય છે; તેમાં ફેર એટલો છે કે 'ઉલ્લાસ અલંકાર'થી ઊલટો 'અવજ્ઞા અલંકાર' છે, અને 'તદ્ગુણ અલંકાર'થી ઊલટો 'અતદ્ગુણ અલંકાર' છે એટલો ભેદ છે.

## ૭૮. અનુગુણ અલંકાર

દોહરા

અન્ય વસ્તુના જોગથી સ્વગુણોત્કર્ષ જણાય,
અલંકાર 'અનુગુણ' ભલો તો તેને કહેવાય. ૪૪૨
કુળાભિમાની દ્વિજ હતો, વળી થયો વિદ્વાન,
માન મળ્યું મહીપતિ તણું, અધિક વધ્યું અભિમાન. ૪૪૩

## ૭૯. મીલિત અલંકાર

દોહરો

જુદું કાંઈ જણાય નહિ સદર્શ વસ્તુમાંય,
તે 'મીલિતાલંકાર' છે, તેમ સમજવું ત્યાંય. ૪૪૪

તિલક કર્યું કસ્તૂરીનું શ્રીધનસ્યામે ભાલ,
જુદું લેશ જણાય નહિ કસ્તૂરી ને કપાળ. ૪૪૫

પુનઃ

ગાય તણું ને થોરનું દૂધ મળેલું હોય,
કિયું ગાયનું થોરનું કળી શકે નહિ કોય. ૪૪૬

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

## ૮૦. સામાન્ય અલંકાર

દોહરો

જુદાં બેય જણાય પણ સરખાપણું અપાર,
દીસે ન કાંઈ વિશેષતા 'સામાન્યાલંકાર.' ૪૪૭

ઇંદ્રવજ્રા વૃત્ત

વ્યાસાદિ મોટા મુનિનો સમાજ
આવ્યો પ્રભુ પાસ પ્રણામ કાજ,
સંત-સ્વરૂપે મળી સંતમાંય
બેઠા સઉ તે, ન જુદા જણાય. ૪૪૮

## ૮૧. ઉન્મીલિત અલંકાર

દોહરા

ભાસે તેનો ભેદ પણ બે સાદૃશ્ય જણાય.
'ઉન્મીલિતાલંકાર' તે સમજુને સમજાય. ૪૪૯
નિશિ અંધારી, ઘન ચડ્યો શ્યામે શ્યામ જણાય,
જ્યારે ઝબકે વીજળી ત્યારે ઘન વરતાય. ૪૫૦

પુનઃ ઉપજાતિ વૃત્ત

'ચર્ચ્યું ઘણું કેશર કૃષ્ણ-અંગે
સોનાની માળા મળી તેહ સંગે,
ચાલે હરિ, ચંચળ માળ થાય,
ત્યારે જ તે માળ જુદી જણાય. ૪૫૧

## ૮૨. વિશેષક અલંકાર

દોહરો

સદૃશ જે બે વસ્તુઓ વિશેષથી પરખાય,
'વિશેષકાલંકાર' તે ગુણવંતા કવિ ગાય. ૪૫૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ગ્ધરા વૃત્ત

માતાએ શ્રીહરિને બહુ મણિમયમાં પાલણામાં નિહાળ્યા,
ભ્રાંતિ થૈ તેડી લેતાં પ્રતિ મણિ પ્રભુને જ્યાં જુએ ત્યાં જ ભાળ્યા;
ડાબે ગાલે નિહાળ્યો છબિ પર જમણા ગાત્રનો બિંદુ જાણી,
તેથી સાચા હરિને લઈ નિજ ઉરમાં ચાંપિયા સ્નેહ આણી. ૪૫૩

## ૮૩. ઉત્તર અલંકાર

દોહરો

અભિપ્રાય ઉર કૈં ધરી આપે ઉત્તર ગૂઢ,
એહ 'ઉત્તરાલંકૃતિ,' નહિ સમજે જન મૂઢ. ૪૫૪

ટીકા—કાંઈક ઊંડા અભિપ્રાય સહિત ગુપ્ત ઉત્તર આપે તે 'ઉત્તરાલંકાર' હોય; તેના બે ભેદ છે: પૂછ્યા વગર ઉત્તર આપે તે 'ઉન્નેય પ્રશ્નોત્તર કહેવાય,' પૂછ્યાથી ઉત્તર આપે તે 'નિબદ્ધ પ્રશ્નોત્તર' કહેવાય. કેટલાએક ગ્રંથોમાં એનું નામ 'ગૂઢોત્તરાલંકાર' લખ્યું છે, પણ 'કુવલયાનંદ'માં તેનું નામ 'ઉત્તરાલંકાર' લખ્યું છે; માટે અમે પણ એ જ નામ રાખ્યું છે.

દોહરો

સંતે પંથ જનારને કહ્યું : અહો ગુણવાન,
જળ ઉન્મત્ત નદી તણું પ્રીતિથી કર પાન. ૪૫૫

ટીકા—એમાં પૂછ્યા વગર ઉત્તર આપ્યો તે એવા અભિપ્રાયથી કે જો આ માણસ ઘેલા નદીના જળનું પાન કરે તો તેની બુદ્ધિ પવિત્ર થાય અને પ્રકટ ભગવાનને ઓળખે; માટે તે 'ઉન્નેય પ્રશ્નોત્તર' છે; હવે 'નિબદ્ધ પ્રશ્નોત્તર' કહિયે છૈયે:

દોહરો

પૂછ્યું પવિત્ર માણસે : ક્યાં નિવાસ સુખદાન?
તે સુણીને સંતે કહ્યું : ગઢપુર જા, ગુણવાન. ૪૫૬

ટીકા—એમાં 'ગઢપુર જા' એમ કહેવામાં ઊંડો અભિપ્રાય એ છે કે ત્યાં પ્રકટ ભગવાન બિરાજે છે, અને મોટાં મુક્તનાં મંડળ છે; માટે ત્યાં પરમ સુખ છે.

P. P. Ac. Gunratnasuri M.S.      Jin Gun Aaradhak Trust

પુનઃ દોહરો

સૂક્ષ્મ જનોઈ-તાંતણા ક્યાંલગી ટકશે એહ ?
ખાંડું ટકશે ક્ષત્રિકર, ત્યાંલગી ટકશે તેહ. ૪૫૭

ટીકા—એક ક્ષત્રિય-પુત્રે વિપ્રના પુત્રને પૂછ્યું કે તારી જનોઇના ઝીણા તાંતણા છે તે ક્યાંસુધી ટકશે? ત્યારે વિપ્રે જવાબ દીધો કે જ્યાં-સુધી ક્ષત્રીના હાથમાં તરવાર ટકશે ત્યાંસુધી આ જનોઈના તાંતણા ટકશે. એમાં ગૂઢાર્થ એ છે કે ક્ષત્રીની તરવાર વડે અમારી કોટમાં જનોઇ ટકી રહી છે; માટે ક્ષત્રીના હાથમાંથી તરવાર જશે ત્યારે અમારી જનોઈ જશે.

ચિત્રોત્તરના ભેદ બે

દોહરા

પ્રશ્ન તણું જે વાક્ય તે ઉત્તર પણ એ હોય,
પ્રશ્ન ઘણાનો પણ વળી ઉત્તર એક જ સોય. ૪૫૮
'ચિત્રોત્તર' કોઈ કહે પણ ઉત્તર કહેવાય,
જો બે જુદા પાડિયે, તો સૌથી વધી જાય. ૪૫૯

ટીકા—પ્રશ્નનું જે વાક્ય હોય તે જ વાક્ય ઉત્તરનું હોય, અથવા જુદા જુદા પ્રશ્નનો ઉત્તર એક જ હોય પણ જુદા જુદા ઉત્તર ન હોય તો, તે બેય પ્રકારના 'ચિત્રોત્તર' કહે છે. પણ તે 'ઉત્તરાલંકાર' જ છે. જો ચિત્રોત્તરાલંકાર જુદો માનિયે તો છેવટ કહ્યું છે કે બધા મળીને સો અલંકાર કહ્યા તેમાં બાધ આવે, કેમકે એક અલંકાર વધી જાય.

દોહરો

અભક્તને સંસૃતિ તણી ક્યાંસુધી આ કાશ?
'ઉત્તરમાં સંતે કહ્યું : ક્યાંસુધી આકાશ? ૪૬૦

પુનઃ

કોયલડી ટહુકા કરે, કોડીમાં ફળ થાય,
કાકડી સળગાવાય છે, કોળ શેલડી ખાય. ૪૬૧

ટીકા—કોઇ પ્રતિવાદી શ્રીજીને પ્રશ્ન પૂછવા આવ્યો તેને ઉત્તર આપવા એક સત્સંગી બાળકને બેસાડયો અને આજ્ઞા કરી કે જેમ તે બોલે તેમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ તું પણ બોલજે. પછી વાદીએ પૂછ્યું કે કોય લડી ટહુકા કરે, મતલબ કે 'કોય માણસ લડીને ટહુકા કરે.' ત્યારે ઉત્તર દીધો કે 'કોયલડી એટલે કોયલ ટહુકા કરે.' વળી પૂછ્યું કે 'કોઠીમાં ફળ થાય.' મતલબ કે 'માટીની કે લોઢાની કોઠી હોય તેમાં ફળ થાય' ત્યારે બાળકે પણ એ જ વાક્ય કહ્યું કે 'કોઠીમાં ફળ થાય.' મતલબ એવી નીકળી કે 'કોઠીના ઝાડમાં ફળ થાય.' વળી વાદીએ પૂછ્યું કે 'કાકડી સળગાવાય છે' મતલબ કે 'ચીભડાની કાકડી સળગાવાય છે;' ત્યારે બાળકે કહ્યું કે 'કાકડી સળગાવાય છે;' મતલબ કે 'ચીથરાની કાકડી સળગાવાય છે.' વળી પૂછ્યું કે 'કોળ શેલડી ખાય?' મતલબ કે 'મોટા ઉંદર અથવા ધૂરા શેલડી ખાય.' ત્યારે બાળકે કહ્યું કે 'કોળ શેલડી ખાય;' મતલબ કે 'શેલડી પીલવાનો કોળ શેલડી ખાય.'

### ચિત્રોત્તરનો બીજો ભેદ

દોહરો

કણબી ઘોડો ખાટલો નિશાળિયો સરદાર,
શોભે કેવા હોય તે? ઉત્તર : 'પાટીદાર'                    ૪૬૨

ટીકા—એક પંડિતને પાંચ વિદ્યાર્થીઓએ પાંચ પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર ભિન્ન ભિન્ન ન આપતાં અભિન્ન એટલે એક જ ઉત્તર આપ્યો કે 'પાટીદાર' તેથી પાંચેના ઉત્તર થયા. જેમકે એકે પૂછ્યું કે 'કણબી કેવો હોય તે શોભે?' ત્યારે કહ્યું કે 'પાટીદાર' એટલે 'જમીનદાર હોય તે શોભે.' 'ઘોડો પાટી કાઢે છે એવો હોય તે શોભે;' 'ખાટલો પાટી-વાળો શોભે.' 'નિશાળિયો લાકડાની કે પથ્થરની પાટીવાળો શોભે' અને 'સરદારની સાથે સિપાઇની પાટી હોય તે શોભે.' અનેક પ્રશ્નનો એક જ ઉત્તર થાય એવા અનેક પ્રકાર છે; જેમકે

દોહરો

નામ કહો શોભા તણું, કહો ભોજનું નામ,
કૌરવ પાંડવ શું કર્યું? ઉત્તર : ભારત કામ.                 ૪૬૩

ટીકા—એકે પૂછ્યું કે શોભાનું બીજું નામ કહો; ત્યારે બીજે પૂછ્યું કે ભોજનું બીજું નામ કહો; ત્યારે ત્રીજે પૂછ્યું કે કૌરવ ને પાંડવે મળીને

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

શું કર્યું ? તે ત્રણેયને ઉત્તર એક જ આપ્યો કે 'ભારત;' એટલે શોભાનું બીજું નામ 'ભા' અને બોજનું બીજું નામ 'ભાર' અને કૌરવ પાંડવે મળીને કર્યું તે 'ભારત' ઇત્યાદિ. જેમ 'અતિશયોક્તિ'ના ઘણા ભેદ છે પણ તે બધા મળીને 'અતિશયોક્તિ અલંકાર' એક જ ગણાય છે, તેમજ 'ગૂઢોત્તર' અને 'ચિત્રોત્તર' મળીને 'ઉત્તરાલંકાર' ગણાય છે.

### ૮૪. સૂક્ષ્મ અલંકાર

દોહરો

પર-મન-ઇચ્છા જાણીને જણાવવા સ્વવિચાર
સાભિપ્રાય ક્રિયા કરે તે 'સૂક્ષ્માલંકાર.' ૪૬૪

**ટીકા**—કોઇ માણસ પારકા મનની ઇચ્છા જાણીને તેને પોતાનો વિચાર જણાવવા વાસ્તે મર્મભરેલી કાંઈ ક્રિયા કરે તે 'સૂક્ષ્માલંકાર' કહેવાય.

ઉપજાતિ વૃત્ત

શ્રીજી કરે જ્ઞાન ભરી સભાને,
વર્ણી ઊભા ભોજન પૂછવાને,
તે શ્રીજીએ આશય જાણી લીધો,
લૈ પુષ્પગોટો કર ઊર્ધ્વ કીધો. ૪૬૫

**ટીકા**—શ્રીજીમહારાજ સભામાં જ્ઞાનવાર્ત્તા કરતા હતા ત્યાં મુકુંદાનંદ બ્રહ્મચારી રસોઇ તૈયાર કરીને શ્રીજીને બોલાવવા આવ્યા તે વેગળે ઊભા રહ્યા અને કાંઇ બોલી શક્યા નહિ, ત્યારે શ્રીજીમહારાજે તેનો અભિપ્રાય જાણીને ફૂલનો ગોટો લઇને ઊંચો હાથ કરીને સમજાવ્યા જે આટલે સૂર્ય આવશે ત્યારે જમવા આવશું.

### ૮૫. પિહિત અલંકાર

દોહરો

ગુપ્ત કામ કૃત કોઇયે તે સમજી લેનાર,
ચેષ્ટા માર્મિક જો કરે તે 'પિહિતાલંકાર.' ૪૬૬

**ટીકા**—કોઇયે કાંઈ છાનું કામ કર્યું હોય તે વાત જાણી લેનાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજું માણસ એવી ચેષ્ટા કરે કે જેથી એમ જણાય કે 'તે વાત મેં જાણી છે,' તે 'પિહિતાલંકાર' છે. 'સૂક્ષ્માલંકાર' માં ભવિષ્યકાળે કામ થવાની સૂચના છે 'પિહિતાલંકાર' માં થયેલી વાત મેં જાણી છે, એવી સૂચના છે, એટલો ફેર છે.

ઇંદ્રવજા વૃત્ત

એકાદશીની કરવા કથાય
છાના જમી વ્યાસ ગયા જ જ્યાંય,
તે જાણનારે મુખવાસ દીધો,
તે જોઈ વ્યાસે લવ હાસ કીધો. ૪૬૭

**ટીકા**—એક વ્યાસ એકાદશીની કથા કરવા છાના જમીને ગયા તે વાત એક શ્રોતાએ જાણીને વ્યાસને મુખવાસ આપવા માંડયો, તે એટલા સારુ કે તમે જમીને આવ્યા છો તે વાત મેં જાણી છે. વ્યાસે તે જોઈ લગાર હાસ કર્યો.

## ૮૬. વ્યાજોક્તિ અલંકાર

દોહરા

જે આકાર થયા તણું કારણ અન્ય કહે જ,
સાચી વાત છુપાવી દે, 'વ્યાજોક્તિ' છે એ જ. ૪૬૮

સૌને પ્રભુ દેખાય પણ નડે નાક નાપાક,
તેથી નાકકટો કહે, અમે કપાવ્યું નાક. ૪૬૯

**ટીકા**—એક પુરુષે ગુનો કરવાથી રાજાએ તેનું નાક કાપ્યું; પછી તે પરદેશમાં જઈને લોકોને એવો ઉત્તર દેવા લાગ્યો કે પરમેશ્વર સૌ માણસની પાછળ ફરે છે, પણ તેને જોતાં અપવિત્ર નાક આડું આવે છે, તેથી અમે નાક કપાવ્યું, એટલે હવે પરમેશ્વર દેખાય છે; એવું સાંભળીને કોઈ બીજાએ નાક કપાવ્યું ત્યારે તેને કહ્યું કે તું કહેજે કે હવે મને પરમેશ્વર દેખાય છે, એટલે આપણી નાકકટાની નાત વધશે; નહિ તો આપણને નાકકટા કહીને લોકો ફજેત કરશે. 'છેકાપહ્નુતિ' માં બોલેલું વચન ફેરવાય છે અને 'વ્યાજોક્તિ'માં હેતુ ફેરવાય છે એટલો ફેર છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

## ૮૭. ગૂઢોક્તિ અલંકાર

દોહરો

સમજાવા જન એકને કહે બીજાને વાત,
શ્લેષ-ઉક્તિ જ્યાં ઉચ્ચરે ' ગૂઢોક્તિ ' સાક્ષાત. ૪૭૦

**ટીકા**—કોઇ એકને સંભળાવવા સારૂ બીજા પ્રત્યે શ્લેષાર્થમાં બોલવું. તે ' ગૂઢોક્તિ અલંકાર ' છે. ' પ્રસ્તુતાંકુરાલંકાર ' માં એકનું વર્ણન કરવામાં બીજા પ્રસ્તુતનું વર્ણન થાય છે, પણ તેમાં શ્લેષાર્થ ન હોય અને આમાં શ્લેષાર્થ જરૂર જોઇયે, એટલો ફેર છે.

દોહરો

રામ સોની કહે : ' વિપ્રનું ચોરું નહિ કો કામ, '
' સૌ સરખા ' ડોસે કહ્યું : ' તારે તો, હે રામ. ' ૪૭૧

**ટીકા**—એક સોનીનો પુત્ર રામો બ્રાહ્મણનું ઘરાણું ઘડતો હતો તેને બ્રાહ્મણે કરગરીને કહ્યું કે ' ભાઇ, મારું સોનું બગાડીશ નહિ. ' ત્યારે તે રામે કહ્યું કે બ્રાહ્મણનું, ભગિયાનું, દેવનું કે કોઈનું સોનું અમે ચોરિયે નહિ. ત્યારે તેનો બાપ માંદો ખાટલામાં સૂતો હતો તેણે જાણ્યું કે ' રખે છોકરો બોલે છે એમ જ કરે નહિ, ' તેથી તે છોકરાને સંભળાવવા શ્રીરામચંદ્રજીની સ્તુતિ કરવા લાગ્યો : ' અરે રામ, તારે તો સૌ સરખા. ' એમાં ' રામ ' શબ્દના બે અર્થ થાય છે એટલો શ્લેષ છે.

## ૮૮. વિવૃતોક્તિ અલંકાર

દોહરો

કોઈ કહે દ્વિઅર્થમાં ગુપ્ત કોઈની પાસ,
' વિવૃતોક્તિ ' તે જાણિયે, જો કવિ કરે પ્રકાશ. ૪૭૨

**ટીકા**—કોઇને છાની વાત કહેવી હોય તે દ્વિઅર્થમાં કવિ કહે તે ' વિવૃતોક્તિ ' અલંકાર કહેવાય. ' ગૂઢોક્તિ ' અલંકારમાં અને આમાં એટલો ફેર છે કે ' ગૂઢોક્તિ ' અલંકારમાં એકને સંભળાવવા બીજાને કહેવું. જેમકે સોનીએ પોતાના દીકરાને સંભળાવવા સારૂ શ્રીરામચંદ્રજીની સ્તુતિ કરી, અને આમાં જેને સમજાવવું હોય તેને પંડને જ શ્લેષાર્થમાં કહેવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત

લૂટ્યા મુનિને ન સુણ્યું દીવાને,
સાંજે સુણાવ્યું નરનાથ–કાને;
દીવા નથી આ દરબારમાંય,
અંધારું તો ઘોર ઘણું જણાય. ૪૭૩

ટીકા—એમાં સાધુઓનાં પુસ્તક લૂટનારે લૂટી લીધાં તે સંતે રાજાના દીવાન પાસે તે વાત સંભળાવી, પણ દીવાને કાંઇ સાંભળ્યું નહિ; ત્યારે સાંજની વખતે રાજા પાસે જઈને તે ચતુર સાધુએ દીવાનજીને દુઃખ લાગશે એવી શંકાથી દ્વિઅર્થમાં સંભળાવ્યું કે દરબારમાં દીવા કર્યા નથી તેથી અંધારું ઘણું જણાય છે. એમાંથી બીજો અર્થ એવો થયો કે 'આ દરબારમાં દીવાનજીથી ઘણું અંધારું જણાય છે એવો દીવાન છે.'

## ૮૯. યુક્તિ અલંકાર

દોહરો

મર્મ ઢાંકવા કારણે ક્રિયા વડે જે કામ
પરને ઠગવાનું કરે, 'યુક્તિ' તેનું નામ. ૪૭૪

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

પાડ્યો પાત્રક પાત્રમાં દ્વિજ જને ગાંજો પીવા કારણે,
આવ્યો અન્ય પવિત્ર વિપ્ર જન તે બોલ્યો રહી બારણે;
તેણે તેણ મળ્યાં પરસ્પર તણાં ત્યાં લાજ લાગી ખરી,
લાગ્યો વિપ્ર સુવૈશ્વદેવ કરવા ભાસે વિભૂતિ ધરી. ૪૭૫

## ૯૦. લોકોક્તિ અલંકાર

દોહરો

લોકરૂક્તિની રીતથી કહે વાક્ય જો કોય,
અલંકાર 'લોકોક્તિ' તે અણમીલિતારથ હોય. ૪૭૬

ટીકા—લોકની બોલવાની રૂઢિ પ્રમાણે વાક્યમાં ખરેખરો અર્થ મળતો ન આવે એવો શબ્દ મેળવીને બોલવું તે 'લોકોક્તિ' અલંકાર છે; જેમકે

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

દોહરો

નિજનાં છૈયાં છોકરાં ઉપર ધરીને હેત
પરણાવ્યાં પરટાવિયાં શોભા કીર્તિ સમેત. ૪૭૭

**ટીકા**—તેમાં છૈયાં અને છોકરાં એમ લોકની બોલવાની રૂઢિ છે, પણ તે બે શબ્દમાંથી ખરેખરા જુદા અર્થ નીકળતા નથી, તેમજ છોકરાંને પરણાવે છે પણ પરટાવવું કોઈ નથી, એ તો બોલવાની રૂઢિ છે, વળી 'આંખો મીંચીને દુઃખ સહન કરવું' એમ બોલાય છે, પણ સહન કરવામાં આંખ મીંચવાનું કારણ નથી. 'તે લડવા સારુ દોડ્યો આવતો હતો પણ ઝખ મારીને ઊભો રહ્યો' એમાં 'ઝખ મારી' એટલે શું તેનો અર્થ કંઇ મળતો આવતો નથી. ભાવાર્થ એવો નીકળે કે 'હારીને ઊભો રહ્યો,' તેમજ રોટલો ઓટલો થાળી બાળી ઇત્યાદિ બોલવાની રૂઢિ છે, પણ તેમાં ખરેખરો શબ્દાર્થ નથી.

## ૯૨. છેકોક્તિ અલંકાર

દોહરો

જો કાંઈ લોકોક્તિમાં અર્થ બીજો પણ હોય,
છે તે તો 'છેકોક્તિ' શુભ, કડે કવિ સૌ કોય. ૪૭૮

શાલિની વૃત્ત

ડોસો બેઠો બોલ બોલે નઠારા,
તેને ભેટ્યા શીખ દેનાર સારા :
રે તું ભાઈ, આ રીતે શું લવે છે ?
છેલ્લે ક્યારે પાણી પૂગ્યું હવે છે. ૪૭૯

**ટીકા**—ઘરડો ડોસો બકવા કરતો હતો તેને કોઇયે કહ્યું કે હવે છેલ્લે ક્યારે પાણી પહોચ્યું છે તોપણ એમ શું બકે છે? 'છેલ્લે ક્યારે પાણી પહોચ્યું છે' એમ બોલવાની રૂઢિ છે તેમાં ઊંડો અર્થ એ છે કે 'હવે મોત આડી તો થોડી ઘડી છે.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૯૨. વક્રોક્તિ અલંકાર

દોહરો

વક્રોક્તિ વાંકું વદે અન્ય કલ્પીને અર્થ,
કે માર્મિક ભાવે કરે અર્થ જ તણો અનર્થ. ૪૮૦

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

માતા, હું ઘનસ્યામ; તો વન વિશે, જૈ સારી વૃષ્ટિ કરો;
માતા, હું નીલકંઠ; તો ગિરિ ચડી ઊંચે સ્વરે ઉચ્ચરો;
માતા, હું હરિકૃષ્ણ; સિંહ કદિયે કાળો ન ભાળ્યો અમે;
માતા, હું વૃષ-પુત્ર; ધુર્ વૃષની તો ધારો જઈ ને તમે. ૪૮૧

હું છું ધર્મ-તનૂજ; પુત્ર ન હતો તે ભીમના ભાઈ ને;
માતા, હું હરિ છું; વસો અમરમાં તો ચિત્તમાં ચાહીને;
હું છું ભક્તિ-તનૂજ; ભક્તિ-સુત તો વૈરાગ્ય ને જ્ઞાન છે.
'વક્રોક્તિ' સુણી સ્નેહ-યુક્ત હૃદયે રીઝયા કૃપાવાન છે. ૪૮૨

**ટીકા**—શ્રીજીમહારાજ અયોધ્યામાં રાત્રિયે કથા સાંભળીને મોડા ઘેર આવતા હતા ત્યારે માતાએ કહ્યું કે મોડા આવશો તો બારણું નહિ ઉઘાડું, તોપણ મોડા આવીને બારણાં ખખડાવ્યાં, ત્યારે માતાએ કહ્યું કે કોણ છે એ? ત્યારે શ્રીજીએ કહ્યું કે હે 'માતાજી, હું ઘનશ્યામ છું:' ત્યારે માતાએ કહ્યું કે 'કાળા મેઘ હો તો વનમાં જઈને સારી વૃષ્ટિ કરો.' પછે શ્રીજી બોલ્યા કે 'માતા, હું નીલકંઠ છું;' ત્યારે માતાજી બોલ્યાં કે 'નીલકંઠ તો મોર કહેવાય, માટે જો મયૂર હો તો પર્વત ઉપર ચડીને ટૌકા કરો.' પછે શ્રીજી બોલ્યા કે 'માતા, હું હરિકૃષ્ણ;' એટલે માતાએ કહ્યું કે 'હરિકૃષ્ણ તો કાળો સિંહ કહેવાય, તે કાળો સિંહ તો અમે ક્યાંયે ભાળ્યો નથી.' પછે શ્રીજી બોલ્યા કે 'હે માતાજી, હું વૃષ એટલે ધર્મનો પુત્ર છું;' તે સાંભળીને માતાજી કહે: 'તમે વૃષપુત્ર હો તો વૃષ કહેતાં ધર્મની ધુરને ધારણ કરો.' બીજા શ્લોકનો અર્થ: 'હે માતા, હું ધર્મનો પુત્ર છું;' ત્યારે માતા બોલ્યાં કે 'ધર્મ તો યુધિષ્ઠિર ભીમનો ભાઇ તેને તો પુત્ર નહોતો.' 'હે માતા, હું હરિ છું;'

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

ત્યારે કહ્યું કે 'હરિ તો ઇંદ્રનું નામ છે, માટે તે હો તો દેવતાઓના જથામાં રહો.' ત્યારે બોલ્યા કે 'હું ભક્તિનો પુત્ર છું'; ત્યારે માતાએ કહ્યું કે 'ભક્તિના પુત્ર તો જ્ઞાન ને વૈરાગ્ય છે.' માતાજીની એવી વક્રોક્તિ સાંભળીને દયાળુ એવા જે શ્રીજી તે પ્રસન્ન થયા.

પુનઃ દોહરો

કહે જાનકી : 'ક્યાં હવે મળશે દશરથલાલ ?'
'રાતા રથ દશ શું કરીશ? એક અપાવું હાલ.' ૪૮૩

**ટીકા**—સીતાજીએ કહ્યું કે 'મને દશરથના લાલ ક્યાં મળશે?' ત્યારે રાક્ષસીએ કહ્યું કે 'લાલ એટલે રાતા રથ દશને શું કરીશ? એક રથ જોઇતો હોય તો હમણાં અપાવું.' એમાં 'અવિકૃત શબ્દશ્લેષ વક્રોક્તિ' કહી. આખા શબ્દનો શ્લેષાર્થ ન હોય પણ શબ્દમાં ફેરફાર કરીને કે શબ્દને તોડીને શ્લેષાર્થ કરે તે 'વિકૃતશ્લેષ વક્રોક્તિ' કહેવાય; જેમકે એક મુસલમાન અમલદારના ગાડીવાને કોઈ પાસેથી લાંચ લીધી તે વાત તે મુસલમાન અમલદારે જાણી ત્યારે ગાડીવાનને ઠપકો દીધો કે

દોહરો

સબે ખાન લુચ્ચેઇ હે ગાડીવાન દરવાન,
'સુણી ગાડીવાને કહ્યું : સાચું એ મે'રબાન. ૪૮૪

**ટીકા**—અમલદારે કહ્યું કે 'જેટલા ખાન કહેવાય છે તે બધા લુચ્ચા છે;' ત્યારે ગાડીવાને વિકૃત વક્રોક્તિમાં કહ્યું કે 'આપ સાચું કહો છો, મહેરબાન.' મતલબ કે આપ પણ 'ખાન' કહેવાઓ છો. તે પણ 'શબ્દ-શ્લેષ વક્રોક્તિ' કહેવાય.

**અર્થશ્લેષ વક્રોક્તિ**

દોહરો

ક્યાં છે તારો પશુપતિ ? ક્યાં ભિક્ષુક ભર્તાર ?
મધુવનમાં પશુ પાળવા, ભિક્ષુક બળિને દ્વાર. ૪૮૫

**ટીકા**—લક્ષ્મીજિયે પારવતીજીને પૂછ્યું કે 'તારો પશુપતિ ક્યાં છે અને તારો ભિખારી ભરતાર ક્યાં છે?' ત્યારે પારવતીએ વક્રોક્તિમાં કહ્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે 'પશુપતિ વૃંદાવનમાં પશુ પાળવા ગયો છે અને ભિક્ષુક બળિ રાજાને બારણે માગવા ગયો છે.' મતલબ કે 'તારો પતિ પશુ પશુને પાળનાર અને ભિક્ષાનો માગનારો છે.'

### કાકુ વક્રોક્તિનું ઉદાહરણ

દોહરો

તે તપ ખરો ગણાય જે પનઘટ પર તપ થાય,
તે સુણીને બીજે કહ્યું: તે તપ ખરો ગણાય. ૪૮૬

ટીકા—એમાં 'ગણાય' એ શબ્દ ઉપર ભાર મૂકીને 'તપ ખરો ગણાય નહિ' એમ કહ્યું માટે 'કાકુ વક્રોક્તિ' કહેવાય.

## ૯૩. સ્વભાવોક્તિ અલંકાર

દોહરો

જાતિ સ્વભાવ વર્ણવે જાત્યાદિકનો જેહ,
'સ્વભાવોક્તિ' શુભ નામનો અલંકાર છે એહ. ૪૮૭

ટીકા—રામચંદ્રજી વનમાં જતાં વસ્તીનાં લોકોએ પાદર જતાં રોક્યા અને કહ્યું કે દશરથ રાજા દેહ મૂકશે ને ભરત રાજ કરશે જ નહિ, માટે અમારો રાજા કોણ તે ઠરાવીને પછી જાઓ. ત્યારે રામે કહ્યું કે રાજા થવાને કોણ ના પાડશે? આ બાળકો રમે છે તેમાંથી ગમે તેને પૂછો. તોપણ રાજા થવાની ના પાડશે નહિ. પછી તેમાંથી એક વાળંદનો છોકરો હાથમાં આવ્યો તેને પૂછ્યું કે તને રાજગાદી મળે તો તું કેવી રીતે રાજ કરે, ત્યારે તે બાળકે પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઉત્તર આપ્યો તેનું કવિત:

### વાળંદનો જાતિ-સ્વભાવ

કવિત

સોનાનો સજાયો ને શલાડીએ સોનાની કરું,
ચાંદીનો તો ચીપિયો કરાવીને વત્તાં કરું;
નરેણિયે લટકાવું લૂમખા હીરા મોતીના,
ખોટું નહિ વચન આ કહું છું ખરેખરું;

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

કાતર ને કાંગરા કરાવું ઊંચા કુંદનનો,
કોથળા તો કિનખાબની વિશેષ વાવરું;
મળે રાજમાદી તો આ ખાદીનો રૂમાલ ખોઈ
ઉમદા એકાદી શાલ પાથરણે પાથરું. ૪૮૮

**ટીકા**—એમાં વાળંદની જાતિસ્વભાવની વાણીનું વર્ણન કર્યું.

### ક્રિયા જાતિ-સ્વભાવ

ઉપજાતિ વૃત્ત

સુમાર્ગ નીચી નજરે નિહાળે,
પ્રલંબ માળા કરમાંહીં ઝાલે,
જુઓ, રૂડો સંત-સમૂહ જાય,
રસ્તે જતાં કીર્તન તેહ ગાય. ૪૮૯

**ટીકા**—એમાં સંતની જાતિસ્વભાવની ક્રિયાનું વર્ણન કર્યું.

## ૯૪. ભાવિક અલંકાર

દોહરો

વર્ણન ભૂત ભવિષ્યનું કરિયે સાક્ષાત્કાર,
'ભાવિક' નામે તે ભણો અલંકાર ભણનાર. ૪૯૦

**ટીકા**—એક ઠાકોરે ચારણને ઘોડી આપી તે ઘરડી છે એમ જાણીને તે ચારણે ઘોડીના મોઢા આગળ કાન ધર્યો અને કહ્યું કે 'મને ઘોડી કાંઈક કહે છે;' ત્યારે ઠાકોરે પૂછયું કે 'શું કહે છે?' ત્યારે તે ગઢવિયે કહેલું ભૂતાર્થ-સાક્ષાત્કાર વર્ણન :

કવિત

ઘોડી કહે છે જે મને ઘણા ઘણા જુગ થયા,
કૌરવને પાંડવ તો કાલે થઈ ગયા છે;
રામને રાવણ લડયા તે મારી નજરે તરે,
થંભમાંથી નરસિંહ હમણાં જ થયા છે;



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુર ને અસુર મળી સાગર વલોવ્યો તેના
ધમકારા ઘણા મારે કાને વાગી રહ્યા છે;
લાવ્ય ગાડું જોડાવી તો આવું તારી સાથે આજ,
પાળજે મને જો તારા દિલમાંહી દયા છે. ૪૯૧

ટીકા—એમાં ઘોડીનું ઘરડાપણું જણાવ્યું. ભાવ્યર્થ–સાક્ષાત્કાર વર્ણન :

કવિત

મંદોદરી રાવણને કહે : સુણો મારા નાથ,
લીધી લંકા રામે એવું નજરે નિહાળું છું;
પુત્ર પરિવાર સોત આવિયું તમારું મોત,
ભડભડ મોટી ચિતા સળગતી ભાળું છું;
ચાંદલા ને ચોટલો ને ચૂડો તે તો જાણે હું તો
વિધવા થઈ ને મારા તનમાંથી ટાળું છું;
વિભીષણે લીધું રાજ, તમારું થયું અકાજ,
એવું એવું દેખી આંસુ આંખમાંથી ઢાળું છું. ૪૯૨

## ૯૫. ઉદાત્ત અલંકાર

દોહરા

અદ્દભુત કામ થયું હતું, એથી આ પ્રખ્યાત
સ્થળ વખાણિયે એમ કહી, એનું નામ 'ઉદાત્ત.' ૪૯૩

ઉદા૦—હિંડોળે હીંચ્યા હરિ, મુગટ ધર્યો'તો શિર,
કર મુરલી લીધી હતી, તે આ તળાવતીર. ૪૯૪

પુનઃ

અહો હરિભક્તો, જુઓ ભલું ભેટિયા ગામ,
કૃત્યાને કૃત્યારિએ હણી હતા આ ઠામ. ૪૯૫

ઉદાત્તાલંકાર બીજો

દોલતનો દઈ દાખલો, વર્ણન કરિયે વાત,
અદ્દભુતતા એમાં દીસે એ પણ 'અન્ય ઉદાત્ત,' ૪૯૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોહિનૂર (હીરો) ધન કોટિનો ગયો વિલાયત દેશ,
તે પંજાબ નૃપાળની લક્ષ્મી કેરો લેશ. ૪૯૭

### ૯૬. અત્યુક્તિ અલંકાર

દોહરા

ઉદારતા શૂરવીરતા ઇત્યાદિક ગુણ જેહ,
અદ્ભુત અસત્ય વર્ણવે, 'અત્યુક્તિ' છે એહ. ૪૯૮

ચક્રવર્તી કવિને કર્યા, રીઝ્યો ભોજ ભૂપાળ,
તે રાજાના ત્રાસથી ડરે સાત પાતાળ. ૪૯૯

પુનઃ એકત્રીસો સવૈયો

જેમન વરતાળો જોરાવર ધંધ મચાવે, પાડે ધાડ,
જેનાં પગલાંના પડધાથી કલકત્તે દેવાય કમાડ;
જેપુરમાં પણ જેના નામે બહુ રોતું છાનું રહે બાળ,
જેના ભયથી રાતે જાગે કાશીનો કંપે ભૂપાળ. ૫૦૦

ટીકા—અદ્ભુત ને જૂઠું શૂરવીરપણું કે ઉદારતા આદિક વર્ણવે તે 'અત્યુક્તિ અલંકાર' છે અને હવેલી ને ચંદ્રમંડળનો યોગ થાય જ નહિ તેને યોગ થયો કલ્પે તે 'સંબંધાતિશયોક્તિ,' અને જેને યોગ થવાનો સંભવ હોય, જેમ કે કલ્પવૃક્ષનો આદર કરવાનો સંભવ છે તેમ છતાં અમે કલ્પવૃક્ષને આદરતા નથી, એવો અયોગ કલ્પે તે 'અસંબંધાતિશયોક્તિ' અલંકાર છે.

### ૯૭. નિરુક્તિ અલંકાર

દોહરા

અર્થ કલ્પિયે નામનો જોગે જુદી રીત,
અલંકાર એ તો કહો 'નિરુક્તિ' નામ ખચીત. ૫૦૧

અદાલતે જડજે કર્યો અણસમજે અન્યાય,
જોતાં તે તો જડ જ (=મૂર્ખ જ) છે એવું નામ જણાય. ૫૦૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૯૮. પ્રતિષેધ અલંકાર

દોહરા

હોય પ્રસિદ્ધ નિષેધ, પણ વદિયે વળી નિષેધ,
'પ્રતિષેધાલંકાર' તે સમજે પુરુષ સુમેધ. ૫૦૩

કહ્યુ ક્ષત્રિયે વિપ્રને : સજવો આ સંગ્રામ,
તે તો લઈને લાડવા જમવાનું નથી કામ. ૫૦૪

## ૯૯. વિધિ અલંકાર

દોહરા

સિદ્ધ થવાનો વિધિ કહે, હોય વસ્તુ તો સિદ્ધ,
અલંકાર 'વિધિ' નામ છે, સમજે પુરુષ પ્રસિદ્ધ. ૫૦૫

રણમાં માથાં રડવડે, અસ્ત્રશસ્ત્ર અથડાય,
ક્ષત્રીસુત એ અવસરે ખરો ક્ષત્રી દેખાય. ૫૦૬

## ૧૦૦. હેતુ અલંકાર

દોહરો

કારણ કારજ સાથ જ્યાં વર્ણન કરે વિચારી. ૫૦૭
હોય 'હેતુ' એ નામનો અલંકાર સુખકારી.
પ્રભુ પધાર્યાં લોજ (=લોએજ ગામ)માં, સંત વસે જે ઠામ,
ઉદ્ધવમત–ઉત્કૃષ્ટતા કરવાને તે કામ, ૫૦૮

**ટીકા**--એમાં કારણ અને કાર્યનું સાથે વર્ણન કર્યું. વળી જણાવનાર અને જાણવું તે બેનું જ્યાં સાથે વર્ણન હોય તે પણ પેલા પ્રકારનો જ 'હેતુ અલંકાર' છે; જેમકે

દોહરો

દેવાલયના ઘંટનો ઘોષ થયો પરભાત,
સમય સુ ઈશ્વર–સ્મરણનો થવાની જાણી વાત. ૫૦૯

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

### હેતુ અલંકાર બીજો

કારણ ને કારજ મળી એક જ કહિયે એહ,
' હેતુ અલંકૃતિ 'નો કહો ભેદ બીજો તો તેહ. ૫૧૦

કામાદિકને કળિ વિશે જીત્યા જનો અનેક,
તે તો શ્રીહરિની કૃપા એ જ સમજવી એક. ૫૧૧

#### હરિગીત છંદ

પ્રાચીન અર્વાચીન જનના મત તપાસી અખંડિતે
શત આ અલંકારો લખ્યા છે **અપય દીક્ષિત પંડિતે;**
અનુસાર એનો લઇ **વિહારીલાલ આચાર્યે** સહી
કૃત **અલંકારાદર્શ** ગ્રંથ; ન શબ્દ નિર્લજ રજ કહી. ૫૧૨

इति अर्थालंकारशतनिरूपणं नाम प्रथमं **प्रकरणम्** ॥ १ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રસવદાદિ પ્રકરણ

## નવ રસનાં નામ

દોહરો

રસ શૃંગાર[1] ને હાસ્યરસ[2] કરુણા[3] રૌદ્ર[4] સુ વીર[5]
ભય[6] બીભત્સ[7] અદ્‌ભુત[8] અને શાંત[9] સુ નવ રસ ધીર. ૧

ટીકા—'રતિ' એટલે પ્રીતિમાંથી શૃંગાર રસ ઊપજે છે. કહ્યું છે કે विषयतो विरतिश्च हरौ रतिः; મતલબ કે પરમેશ્વરમાં પ્રીતિ હોય તેનું નામ પણ રતિ કહેવાય; પણ આપણા દેશના કવિયો સ્ત્રી પુરુષની પ્રીતિને જ શૃંગારરસ કહેવા લાગ્યા તેથી રસની નવની સંખ્યાનો નિયમ રહ્યો નહિ; સંખ્યાવાચક શબ્દોમાં વસુ ૮ આઠ, સંગીત સ્વર ૭ સાત, કાવ્યના રસ નવ કહ્યા છે, અને વાત્સલ્યરસ આદિ નવા રસો કલ્પવા પડ્યા અને અતિશે નિર્લજ્જ વર્ણનને રસ કહેવા લાગ્યા; સત્પુરુષો એવા નિર્લજ્જ વર્ણનને શૃંગારરસ કહેતા નથી, પણ અનીતિનું વર્ણન કહે છે. સુંદરદાસે, બ્રહ્માનંદ સ્વામિયે તથા મુક્તાનંદ સ્વામી આદિકે કહ્યું છે કે

દોહરો

रसिकप्रिया रसमंजरी इन आदिक रसग्रंथ
मुक्त कहे मतिमंदकुं सबहि नरकके पंथ. २

પિતા પાસ પણ વાંચતાં કન્યા લાજે હોય,
જરૂર કવિતા જાણવી અનીતિની એ હોય. ૩

રામ સીતાના સ્નેહનું વર્ણન રસ શૃંગાર,
ફાગ ફટાણાં રસ નહિ, વળી રસ નહિ વ્યભિચાર. ૪

ટીકા—નિર્લજ્જ ગ્રંથો ઘણા થવાથી આપણા દેશમાં સ્ત્રિયોને ભણાવવાનો ચાલ બંધ કરવો પડ્યો હોય એમ જણાય છે; માટે વિદ્વાનોએ એવા ગ્રંથોનો નાશ કરીને નવ-રસમય નીતિના ગ્રંથો પ્રવર્તાવવા જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સ્થાયી ભાવ

### દોહરા

જે ગુણમાં તે રસ રહે, સ્થાયી ભાવ છે નામ,
તે નવ ગુણ તમને કહું, સુણજો સુજન તમામ. ૫
રતિ હાંસી ને શોક રીસ હિંમત ભય નિંદા ય
અદ્ભુતતા શાંતિ વળી સ્થાયી ભાવ ગણાય. ૬

## આલંબન ઉદ્દીપનાદિ વિભાવ

**ટીકા**--પરમેશ્વરની મૂર્તિને જોઈને ભક્તને રતિ ઊપજે, કામીને સ્ત્રી પુરુષને જોઈને રતિ ઊપજે, લોભીને ધન જોઈને ને કોઇને પુત્રાદિકને જોઇને અતિશે રતિ કહેતાં પ્રીતિ ઊપજે, તે શૃંગારરસનું આલંબન કહેવાય. કોઈનું ભોળાપણું અથવા ભૂલથી અવળી ક્રિયા કરતાં જોઇને મનમાં હસવું આવે તે હાસ્યરસ અને જેને જોયાથી હસવું આવે તે હાસ્યરસનું આલંબન કહેવાય. કોઈનું દુઃખ કે દિલગીરી જોઈને કે સાંભળીને દયા ઊપજે તે કરુણ રસ. કોઇના ક્રોધનું વર્ણન તે રૌદ્રરસ ને કોઈના ઉત્સાહનું એટલે હિંમતનું વર્ણન તે વીરરસ. ભયનું વર્ણન કે દેખાવ જોઈને મનમાં જે રસ ઊપજે તે ભયાનક રસ, અને કોઈની નિંદા કે કરોભાનું વર્ણન કે દેખાવથી મનમાં જે રસ ઊપજે તે બીભત્સ. આશ્ચર્ય ઊપજે તે અદ્ભુતરસ, એટલે આશ્ચર્ય તે અદ્ભુતરસનો સ્થાયી ભાવ અને જેનાથી તે ઊપજે તે રસનું આલંબન જાણવું. જે જોઈને કે સાંભળીને મનમાં શાંતિ ઊપજે અને કામ ક્રોધ લોભ મોહ આદિક દુર્ગુણ રહે નહિ તે શાંતરસ કહેવાય. રસ એટલે સ્વાદનું નામ છે, માટે સજ્જનને જેમાં સ્વાદ ઊપજે નહિ તે રસ કહેવાય નહિ. પણ શ્વાન સૂકર જેવા પામર જીવના રસ જુદા છે; જેમકે ખરને સાકરમાં સ્વાદ લાગે નહિ. જેના જોગથી રસની પુષ્ટિ થાય તેને રસનું "ઉદ્દીપન" કહેવાય; જેમકે ઉત્સવ થતો હોય ને પ્રભુના મહિમાનાં કીર્ત્તન ગવાતાં હોય ત્યારે પ્રભુમાં પ્રીતિની પુષ્ટિ થાય છે, અને વેશ્યાઓ ગાતી હોય ને મધુપાન થતું હોય ત્યારે વિષયી જીવને વિષયરસની પુષ્ટિ થાય. મેઘ-ગર્જના વસંતઋતુ ને બાગ ઇત્યાદિક જોઈને ભક્તને પ્રભુ સાંભરે છે અને વિષયીને સ્ત્રી પુરુષ સાંભરે છે અથવા રસની પુષ્ટિ થાય છે, માટે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૃંગારરસનું 'ઉદ્દીપન' છે. હાસ્યરસમાં બધા હસી રહ્યા પછી બીજો હસવા લાગે તો બધાને ફરીથી વધારે હસવું આવે તે હાસ્યરસનું 'ઉદ્દીપન' છે. રણસંગ્રામ વીરરસનું 'આલંબન' છે. લડાઈનાં વાજાં વાગે, સિંધુડા રાગ ગવાય તે વીરરસનું 'ઉદ્દીપન' છે. એ રીતે નવે રસનું જાણી લેવું. એ આલંબન ને ઉદ્દીપનનું નામ જ "વિભાવ" છે, કેમકે મનમાં રહેલા રતિ આદિક સ્થાયી ભાવ તેને વિશેષે પ્રકટ કરે, માટે તેનું નામ "વિભાવ" અને તે પછી આંખમાં આંસુ આવે રોમાંચ થાય ઇત્યાદિક ચિહ્ન જણાય તે "અનુભાવ" ગણાય. તે અનુભાવને પણ સહાયતા એટલે પુષ્ટિ કરે તે "વ્યભિચારી ભાવ" કહ્યા છે. તેની સંખ્યા તેત્રીસ છે.

## વ્યભિચારી ભાવનાં તેત્રીશ નામ

"નિર્વેદ" એટલે વૈરાગ્ય. શૃંગારરસ કે વીરરસ આદિક કોઈ રસ ઊપજે ત્યારે બીજી સર્વે વસ્તુમાંથી રાગ ઊઠી જાય એવી ચેષ્ટા જણાય તે. ૧

"ગ્લાનિ" એટલે વહાલાના વિયોગથી મોઢું ઝાંખું પડી જાય તે. ૨

"શંકા" એટલે મનમાં શંકા થાય કે મારા શા દોષથી પ્રભુ મને મળતા નહિ હોય તે. ૩

"અસૂયા" એટલે કોઈ ઉપર ઈર્ષ્યા ઊપજે કે મને મળવા આવતાં પ્રભુને બીજા ભક્તે રોકયા હશે, પછી તેના ગુણમાં દોષ કલ્પે તે. ૪

'મદ' એટલે શૃંગારરસથી કે વીરરસથી મનમાં મદ ચડે તે. ૫

"શ્રમ" એટલે પ્રભુને મળવા મહેનત કરે તે. ૬

"આલસ્ય" એટલે વિયોગથી કાંઈ કામ સૂઝે નહિ અને આળસ થાય તે. ૭

'દીનતા' એટલે ઘણા પ્રેમથી પ્રભુ આગળ દીનતા દેખાડે તે. ૮

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

'ચિંતા' એટલે વિયોગથી ચિંતા થાય તે. ૯

'મોહ' એટલે મનમાં મૂંઝવણ થાય, યોગ્ય અયોગ્યનું ભાન રહે નહિ તે. ૧૦

'સ્મૃતિ' એટલે વારે વારે પ્રભુ સાંભરે તે. ૧૧

'ધૃતિ' એટલે પ્રભુમાં વિશ્વાસથી ધીરજ રાખે તે. ૧૨

'લજ્જા' એટલે વિયોગથી રોવાઈ જવાય, પણ લોકની લાજ આવે તે. ૧૩

'ચપળતા' એટલે પ્રેમને વશ થઈને આમથી આમ દોડે તે. ૧૪

વીરરસમાં ચપળતા હોય, કરુણારસમાં પણ તેનું દુઃખ મટાડવા દોડે ને ક્રોધમાં પણ દોડાય, ઈત્યાદિ કેટલાએક ભાવ ઘણા રસમાં પ્રવર્તે છે તે માટે આ વ્યભિચારી કહ્યા છે.

'હર્ષ' એટલે આનંદ ઊપજે તે. ૧૫

'આવેગ' એટલે ઉતાવળે કાંઈ કરવાનો વેગ મનમાં આવે તે. ૧૬

'જડતા' એટલે રસમાં લીન થઈ જવાય તે. ૧૭

'ગર્વ' એટલે મનમાં અભિમાન આવે તે. ૧૮

'વિષાદ' એટલે મનમાં ખેદ ઊપજે તે. ૧૯

'ઉત્સાહ' એટલે મનમાં હિંમત આવે તે. ૨૦

'નિદ્રા' એટલે ઊંઘ આવે તે. ૨૧

'અપસ્માર (મૂર્છા)' એટલે શરીરનું ભાન વીસરી જાય તે. ૨૨

'સ્વપ્ન' એટલે સ્વપ્નમાં પ્રભુ દેખાય તે. ૨૩

'વિબોધ' એટલે એકદમ જાગી ઊઠવું તે. ૨૪

'અમર્ષ' એટલે ક્રોધ ચડાવવો તે. ૨૫

'અવહિત્થ' એટલે લાજે કરીને શરીરનો વિકાર ઢાંકવો તે. ૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'ઉગ્રતા' એટલે બિવરામણું રૂપ કરવું તે. ૨૭
'મતિ' એટલે બુદ્ધિ. ૨૮
'વ્યાધિ' એટલે વિયોગથી મંદવાડ આવવો તે. ૨૯
'ઉન્માદ' એટલે ગાંડા જેવું થઈ જવું તે. ૩૦
'ત્રાસ' એટલે ભય પામવું તે. ૩૧
'વિતર્ક' એટલે મનમાં ઉપરાઉપરી વિચાર થવા તે. ૩૨
'મરણ' એટલે વિયોગના દુઃખ થકી અથવા અતિશે અદ્ભુત રસ ઊપજવાથી મરણાવસ્થા જેવું થાય તે. ૩૩

## ૧. રસવત્ અલંકાર

દોહરો

સ્થાયી ભાવ જ્યાં અંગી છે, અંગ હોય રસ એક,
તે 'રસવદલંકાર' છે, જાણે જન સવિવેક. ૭

ટીકા—રતિ હાંસી આદિક જે નવ સ્થાયી ભાવ છે તેમાંનો કોઈ ભાવ તે અંગી હોય અને નવ રસમાંનો કોઇ રસ અંગ હોય તે 'રસવદલંકાર' છે. 'રતિ' સ્થાયી ભાવનો શૃંગારરસ સજાતીય છે અને 'શોક' સ્થાયી ભાવનો કરુણારસ સજાતીય છે. એ રીતે બે સજાતીય મળ્યા હોય તોપણ 'રસવદલંકાર' થાય; જેમકે

દોહરો

અતિ રતિ કરીને હું નમું ભક્તિ–ધર્મકુમાર,
રોમકૂપમાં જેહના છે બ્રહ્માંડ અપાર. ૮

ટીકા—એમાં ભક્તની અતિ પ્રીતિ તે સ્થાયી ભાવ છે ને અંગી છે, અને રોમકૂપમાં અનેક બ્રહ્માંડ કહ્યાં તે અદ્ભુતરસ છે તે અંગ છે; એ રીતે રતિ સ્થાયી ભાવને અદ્ભુતરસ મળ્યો તે 'રસવત્ અલંકાર' કહેવાય. એમાં રતિ અને અદ્ભુતરસ એ બે વિજાતીય છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

### રસવત્ અલંકારનો બીજો ભેદ

દોહરા

વર્ણન કરિયે એક રસ, થાય બીજાનું અંગ,
તે 'રસવદલંકાર' છે, મળેલ રસ બે સંગ. ૯

ઉપજાતિ વૃત્ત

શ્રીરામચંદ્રે અતિ રીસ આણી ઉત્સાહથી એક જ તીર તાણી
છેદ્યાં રિપુનાં દશ સર્વ શિર, એવા રઘુનંદન શૂરવીર. ૧૦

ટીકા—એમાં રઘુનાથજીની શૂરવીરતાનું વર્ણન કર્યું તે વીરરસ છે; પણ પ્રથમ કહ્યું કે રીસ ચડાવીને તીર તાણ્યો તે રૌદ્રરસ છે, પણ તે અવાંતર છે માટે તે વીરરસનું અંગ છે અને વીરરસ અંગી છે. અંગ એટલે શરીર ને અંગી એટલે જીવ, માટે જે રસ પ્રધાન હોય તે જીવ કહેવાય. એ રીતે રૌદ્ર ને વીર એ બે રસ મળવાથી 'રસવત્ અલંકાર' થયો.

## ૨. પ્રેયસ્ અલંકાર

દોહરો

ભાવ કહ્યા તેત્રીશ છે એકે અંગ થનાર,
અંગી એકે રસ જહાં તે 'પ્રેયોલંકાર.' ૧૧

ઉપજાતિ વૃત્ત

અહો થયા અંતર્ધાન શ્રીજી,
કાયા અમારી હજી તો રહીજી.
ધિક્ જીવવું આ જગમાં અમારું;
જરૂર આ ભાગ્ય દર્યું નઠારું. ૧૨

ટીકા—એમાં શ્રીજી ઉપરનો અતિ પ્રેમ અને તેના વિયોગરૂપી વિપ્રલંભ શૃંગારરસનું વર્ણન કર્યું તે અંગી છે અને 'હવે જીવવું ધિક્ છે' એમ કહ્યું તે નિર્વેદ એટલે વૈરાગ્ય તે તેનું અંગ છે; માટે 'પ્રેયોલંકાર' છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### પ્રેયસ અલંકાર બીજો

દોહરો

ભાવ અંગ જ્યાં હોય વળી ભાવ અંગી પણ હોય,
તે 'પ્રેયોલંકાર' છે, કહે એમ કવિ કોય.　　　　૧૩

ઉપજાતિ વૃત્ત

ભીતિ સહુને યમદૂત કેરી, વિચારણા એવી થઈ ઘણેરી,
ત્યાં કાળને ત્રાસ પમાડનાર શ્રીજી સ્મર્યા, બંધ પડયા વિચાર. ૧૪

ટીકા—એમાં યમદૂતનો ભય કહ્યો તે અંગ છે અને કાળને ભય પમાડનાર શ્રીજી તેના ભયનું વર્ણન કર્યું તે ભય અંગી છે; એ રીતે અંગ ને અંગી બેય ભય ભાવ છે, માટે તે 'પ્રેયોલંકાર' છે.

### રસાભાસ તથા ભાવાભાસ

દોહરો

રસ કે ભાવ અયોગ્ય જ્યાં 'રસાભાસ' તે નામ,
તેમજ 'ભાવાભાસ' તે સમજે સજ્જન આમ.　　　　૧૫

ટીકા—રસ અથવા ભાવ પૂરો ન હોય અથવા અયોગ્ય હોય તે 'રસાભાસ' ને 'ભાવાભાસ' કહેવાય.

### ૩. ઊર્જસ્વિત્ અલંકાર

દોહરો

અંગી ભાવ મણાય જ્યાં 'રસાભાસ' તે અંગ,
ઊર્જસ્વિત્ એને કહે, મળે એમ બે સંગ.　　　　૧૬

ઉપજાતિ વૃત્ત

શિયાગ્નરાવે રતિ ભાવ આણી,
પૂજ્યા પ્રભુને નિજ ઇષ્ટ જાણી,
દૂપી દીવાને (વિઠુબા દીવાને) પણ હાથ જોડી
પ્રીતિ જણાવી વચનેથી થોડી.　　　　૧૭

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ટીકા—એમાં રિયાજીરાવને પ્રેમરૂપ રતિ ભાવ પૂરો છે તેનું અંગ દીવાનજીનો રતિરૂપ 'રસાભાસ' છે, માટે 'ઊર્જસ્વિત્ અલંકાર' છે.

ઊર્જસ્વિત્ અલંકાર બીજો

દોહરો

ભાવ અંગી જ્યાં હોય તે 'ભાવાભાસ' જ અંગ,
એ પણ 'ઊર્જસ્વિત્' છે અલંકાર ઉત્તંગ. ૧૮.

ઇંદ્રવજ્રા વૃત્ત

જો તું નિહાળી પ્રિય મિત્ર એહ,
વૈરાગીની ટોળી જણાય જેહ;
વૈરાગ્ય તેને તન વેશ માત્ર,
ટોપી શિરે છે, કર તુંબીપાત્ર. ૧૯

ટીકા—એમાં કહ્યું કે 'હે પ્રિય મિત્ર' એમાં પ્રીતિનો ભાવ છે તે અંગી છે, તે મિત્રને વૈરાગીની ટોળી દેખાડી તેને શરીરે વેશ માત્ર વૈરાગ્ય હતો, માટે તે 'ભાવાભાસ' છે; માટે તે 'ઊર્જસ્વિત્' અલંકાર' છે.

ઊર્જસ્વિત્ અલંકાર ત્રીજો

દોહરો

દીસે 'ભાવાભાસ' તે રસ કેરું જ્યાં અંગ,
'ઊર્જસ્વિત્ ત્રીજો' કહે કવિજન ધરી ઉમંગ. ૨૦

ઉપજાતિ વૃત્ત

પિમેક બોલ્યો: બહુ કોણ માત્ર?
તપસ્વી છે, નિર્બળ છેક ગાત્ર.
જીતીશ હું હિંમત આણી એને,
જવા નહિ દેઉં જરૂર તેને. ૨૧

ટીકા—એમાં પ્રભુની અયોગ્ય નિંદા કરી માટે તે નિંદા 'ભાવાભાસ' છે, અને પોતાની બહાદુરી બતાવી તે વીરરસ છે તે અંગે છે; માટે ત્રીજા પ્રકારનો 'ઊર્જસ્વિત્ અલંકાર' છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઊર્જસ્વિત્ અલંકાર ચોથો

દોહરો

રસ પૂરો તે અંગી છે, રસાભાસ તે અંગ,
'ચોથો ઊર્જસ્વિત્' તે અલંકાર અણભંગ. ૨૨

ઉપજાતિ વૃત્ત

ગરીબને પીડ પમાડવામાં છે શૂરવીરો બહુ આ સમામાં;
સંગ્રામ દેખી ડરી નાસી જાય, શસ્ત્રો ધરી ફોગટ તે ફુલાય. ૨૩

ટીકા—એમાં બીભત્સ રસનું વર્ણન છે તે અંગી છે અને ગરીબને પીડા કરવામાં શૂરવીર કહ્યા તે વીરરસાભાસ છે તે અંગ છે; માટે તે ચોથા પ્રકારનો 'ઊર્જસ્વિત્ અલંકાર' થયો.

### ૪. સમાહિત અલંકાર

દોહરો

કરે ભાવની શાંતતા 'ભાવશાંતિ' કહેવાય,
તે છે રસનું અંગ જ્યાં 'સમાહિત' ત્યાં થાય. ૨૪

ઉપજાતિ વૃત્ત

દુષ્ટે પ્રભુ ઉપર ધૂળ નાંખી,
ચડી ખરી રીસ દબાવી રાખી.
ક્ષમા–રૂપી ખડ્ગ સ્વીકારી લીધું,
ઉત્સાહ આણી જગ વશ્ય કીધું. ૨૫

ટીકા—એમાં રીસ ચડી પણ દબાવી રાખી તે 'ભાવશાંતિ' છે તે અંગ છે, જગત વશ્ય કીધું તે વીરરસ છે તે અંગી છે, માટે 'સમાહિત અલંકાર' છે.

### ૫. ભાવોદય અલંકાર

દોહરો

એકે રસનું અંગ જ્યાં ભાવ ઉદય થાનાર,
'ભાવોદય' એ નામનો અલંકાર નિરધાર. ૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત

ઉત્સાહથી અર્જુન જીદ્ધ કાજ
જતો હતો જ્યાં લઈ સર્વ સાજ,
ભાળ્યા સગા પૂજ્ય ભલા અભેદ,
ખરેખરો ત્યાં ઊપજ્યો જ ખેદ. ૨૭

ટીકા—એમાં વીરરસ અંગી છે અને ખેદરૂપી ભાવ ઉપજ્યો તે અંગ છે; માટે 'ભાવોદય અલંકાર' છે.

## ૬. ભાવસંધિ અલંકાર

દોહરો

ભાવ તણું કે રસ તણું અંગ વિરુદ્ધ બે ભાવ,
'ભાવસંધિ' તેને કહે અલંકાર કવિરાવ. ૨૮

ટીકા—એક એકથી વિરુદ્ધ એવા બે ભાવનો જોગ તે અંગ હોય અને રસ કે ભાવ અંગી હોય તે 'ભાવસંધિ અલંકાર.'

ઉપજાતિ વૃત્ત

શ્રીરામજીમાં નિજ માત કેરો,
જેવે સમે પ્રેમ વધ્યો ઘણેરો;
'વને જવું' એમ પિતા ઉચારે,
ઉત્સાહ શંકા થઈ તેહ વારે. ૨૯

ટીકા—એમાં કૌશલ્યા માતાનો પ્રેમરૂપી ભાવ તે અંગી છે અને પિતાનું વચન પાળવા જવાનો ઉત્સાહ તથા માને રોતાં મૂકીને કેમ જવાય એ શંકા તે બે ભાવ એકબીજાથી વિરુદ્ધ થયા તે અંગ છે, માટે 'ભાવસંધિ અલંકાર' છે. ઉત્સાહથી વનમાં જાય તોપણ વિયોગે પ્રેમ વધે માટે પ્રેમને પુષ્ટિકર્તા છે અને શંકાથી જો ઘેર રહે તોપણ માતાજીની પ્રીતિને તે શંકા પુષ્ટિ કરે એવી છે, એ રીતે જવું અને શંકા એ બે ભાવ પરસ્પર વિરોધી છે, પણ તે બેય માતાના પ્રેમને પુષ્ટિ કરે એવા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૭. ભાવશબલતા અલંકાર

દોહરો

કાર્ઇક રસનું અંગ જ્યાં ઘણા ભાવ કહેવાય,
અલંકારનું નામ તે 'ભાવશબલતા' (ઘણાપણું) થાય. ૩૦

શિખરિણી વૃત્ત

વિયોગે શ્રીજીને દુખભર મુનિ સચ્ચિદ કહે :
મળે ક્યારે સ્વામી? જન–સુખદ છેટે નહિ રહે,
દીવાનો થૈ ડોલું, ઘડીક કરું નિશ્ચે વિવિધિના,
દીઠા સ્વપ્ને, જાગ્યો, અધિક ભય લાગ્યો પ્રભુ વિના. ૩૧

ટીકા—શ્રીજીના વિયોગથી સચ્ચિદાનંદ સ્વામીને દુઃખ થયું તે, વિપ્રલંભ શૃંગારરસ છે તે અંગી છે અને તે બોલ્યા કે મને સ્વામી ક્યારે મળશે તે 'ચિંતા' ભાવ; વળી કહ્યું કે તે પ્રભુ સ્વજનને સુખદાતા છે તે છેટે રહેશે નહિ તે 'ધૃતિ' ભાવ, દીવાનો થૈ ડોલું એ 'ઉન્માદ' ભાવ, ઘડીકમાં નાના પ્રકારના સંશયનો નિશ્ચય એટલે નિર્ણય કરું એમ કહ્યું તે 'મતિ' ભાવ, દીઠા સ્વપ્ને તે 'સ્વપ્ન' ભાવ, જાગ્યો તે 'પ્રબોધ' ભાવ, પ્રભુ વિના સૂનું દેખીને ભય ઊપજ્યો તે 'ભય' ભાવ; એ રીતે સાત ભાવ ઊપજ્યા તે શૃંગારરસનું અંગ છે; માટે 'ભાવશબલતા અલંકાર' થયો.

## ૮. પ્રત્યક્ષ–પ્રમાણ અલંકાર

દોહરો

શબ્દ સ્પર્શ સુરૂપ રસ ગંધ વડે જે જાણ
વસ્તુ પરખે મન વડે, તે 'પ્રત્યક્ષપ્રમાણ.' ૩૨

ટીકા—કોયલ છે કે કાગડો છે તે તેના શબ્દ ઉપરથી મેં જાણ્યું; પથ્થર છે કે કપાસ છે તે સ્પર્શ ઉપરથી જાણ્યું; કસૂંબાનો રંગ છે કે કેસૂડાનો છે તે મેં નજરે જોઈને જાણ્યું; મરચાંનો ગોળો છે કે દ્રાક્ષ છે તે તેના સ્વાદ ઉપરથી જાણ્યું; કસ્તૂરી છે કે બકરાંની લીંડી છે તે તેની ગંધ ઉપરથી જાણ્યું; મારા જીવમાં અત્યારે શાંતિ છે કે વિક્ષેપ છે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારા મનના અનુભવ ઉપરથી મેં જાણ્યું; એ રીતે પ્રત્યક્ષ પ્રમાણના છ પ્રકાર છે. આઠે પ્રકારના પ્રમાણાલંકારમાં કોઇના સંશય ઉપરથી પ્રમાણ બતાવે તે 'સંશયપૂર્વક પ્રમાણાલંકાર' છે ને કોઈએ સંશય કર્યા વિના પોતાની મેળે તેનું પ્રમાણ કરે તે 'સાધારણ-પ્રમાણાલંકાર' આઠે પ્રકારના છે.

કવિત

એક કહે: શ્રીજી તણી વાણી અદ્દભુત જાણી,
તેથી મેં તો જાણ્યા જે આ શ્રીહરિ સાક્ષાત છે;
બીજો કહે: પ્રભુપદસ્પર્શ મેં અપૂર્વ જાણ્યો;
ત્રીજો કહે: રૂપ જોઈ જાણ્યા જગતાત છે;
ચોથો કહે: ચાખી મેં પ્રસાદી તેથી થયું જ્ઞાન;
પાંચમો કહે: પ્રસાદી પુષ્પ સૂંઘ્યાં, ભ્રાત, છે;
છઠ્ઠો કહે: અંતરમાં અનુભવ એવો થયો,
તેથી જાણ્યા પ્રભુ પુરુષોત્તમ પ્રખ્યાત છે. ૩૩

**ટીકા**—શ્રીજી મહારાજની વાણી સાંભળતાં પશુ પક્ષી પણ સ્થિર થઈ જાય તેથી મેં જાણ્યું કે આ સાક્ષાત્ શ્રીહરિ છે. બીજો કહે: શ્રીજીના સ્પર્શથી સમાધિમાં ગયેલા પણ જાગ્રત થાય. ત્રીજો કહે: અદ્દભુત રૂપ જોઈને પ્રાણીની નાડિયો ને પ્રાણ ખેંચાઈ જાય; ચોથો કહે: તેની પ્રસાદી ખાવાથી અંતઃકરણ શુદ્ધ થાય અને આત્મા પરમાત્માનું જ્ઞાન થાય. પાંચમો કહે: પ્રસાદીનાં પુષ્પ સૂંઘવાથી મનમાંથી કામ ક્રોધાદિક જતા રહે. છઠ્ઠો કહે: અનુભવમાં તપાસ કરતાં મારું મન કબૂલ કરે છે કે આ પુરુષોત્તમ ભગવાન છે. એ રીતે છ પ્રકારના પ્રત્યક્ષ પ્રમાણથી કેટલાએક શ્રીજી મહારાજનો નિશ્ચય કર્યો. કહેલા અર્થને દઢ કરવો તે 'કાવ્યલિંગ અલંકાર' કહેવાય. પણ આઠ પ્રકારનાં પ્રમાણમાંથી કોઈ પ્રકારના પ્રમાણે કરીને અર્થ દઢ કરવો તે 'પ્રમાણાલંકાર' કહ્યો છે.

## ૯. અનુમાન-પ્રમાણ અલંકાર

દોહરો

'ધૂમ હોય ત્યાં વહ્નિ છે' એવું જે અનુમાન
તે 'અનુમાન પ્રમાણ' છે; સમજે સૌ વિદ્દ્વાન. ૩૪



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો

ચિહ્નો સોળે ચરણમાં, છાતીમાં શ્રી વત્સ,
એ અનુમાને જાણિયા શ્રીપુરુષોત્તમ સ્વચ્છ (નિરંજન). ૩૫

## ૧૦. ઉપમાન–પ્રમાણ અલંકાર

દોહરો

જ્યાં ઉપમાન વડે વળી સિદ્ધ કહ્યું તે થાય,
છે 'ઉપમાનપ્રમાણ' તે અલંકાર કહેવાય. ૩૬

**ટીકા**––મળતે મળતી ઉપમા બતાવીને વાત સિદ્ધ કરિયે તે 'ઉપમાન-પ્રમાણાલંકાર' કહેવાય; જેમકે

દોહરો

ગુલાબ રાતા પદ્મસમ જાણ્યું જનો સુજાણ,
જાણ્યું પુષ્પ ગુલાબનું એ 'ઉપમાન પ્રમાણ.' ૩૭

ઉપજાતિ વૃત્ત

જિતેંદ્રી છે શ્રીનર ભ્રાત જેવા
જિતેંદ્રી સર્વેશ્વર હોય એવા,
જિતેંદ્રી એવા હરિને નિહાળ્યા,
જાણ્યા પ્રભુ, સંશય સર્વ ટાળ્યા. ૩૮

## ૧૧. શબ્દ–પ્રમાણ અલંકાર

દોહરો

કથન સિદ્ધ કરવા જહાં દઇયે વચન પ્રમાણ,
તે તો 'શબ્દ–પ્રમાણ' છે અલંકાર, નર જાણ. ૩૯

**ટીકા**––શ્રુતિ સ્મૃતિ પુરાણ તથા લોકની કહેવત લોકાચાર તથા આત્મતુષ્ટિ આદિકનું પ્રમાણ આપિયે તે 'શબ્દ-પ્રમાણાલંકાર' છે.

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

### શ્રુતિ-પ્રમાણુ

દોહરો

પુરુષસૂક્તમાં પ્રભુ તણું 'પુરુષ' કહ્યું છે નામ,
તેથી 'પુરુષાકાર મેં ઈશ્વર' જાણ્યા આમ. ૪૦

### સ્મૃતિ-પ્રમાણુ

ખરો અહિંસા-ધર્મ છે, હિંસા મહા-અધર્મ,
એમ મનુસ્મૃતિમાં કહ્યું; મનમાં સમજો મર્મ. ૪૧

### પુરાણુ-વચન-પ્રમાણુ

જુગ જુગમાં જનમે હરિ ધર્મ થાપવા કાજ,
પુરાણુમાં પ્રખ્યાત છે જે બોલ્યા વ્રજરાજ. ૪૨

### લોકાચાર-પ્રમાણુ

મોટા જનને માન તો દૈયે સ્નેહ સહિત,
ઉત્તમ જનની એહ છે પરંપરાની રીત. ૪૩

### આત્મતુષ્ટિ-પ્રમાણુ

ઉભય પક્ષ જ્યાં ઊચરે શ્રુતિ કે સ્મૃતિ પુરાણુ,
તેમાં આત્માને ગમે કરવું તેહ પ્રમાણુ. ૪૪
વર્ષ પાંચમે સાતમે કરવો વિદ્યાભ્યાસ,
પક્ષ જેહ મનમાં ગમે તે જ પ્રમાણુ પ્રકાશ. ૪૫

ટીકા—શાસ્ત્રમાં કહ્યું છે કે પુત્રને પાંચમે અથવા સાતમે વર્ષે વિદ્યાનો આરંભ કરાવવો, તે બે પક્ષમાંથી પોતાને ગમે તે પક્ષ પ્રમાણુ કરવો તેનું નામ 'આત્મતુષ્ટિપ્રમાણુ' છે.

## ૧૨. અર્થાપત્તિ-પ્રમાણુ અલંકાર

દોહરા

પ્રકારાંતરે અર્થની સિદ્ધિ જહાં કરાય,
તે 'અર્થાપત્તિ' કહે પ્રમાણુ પંડિતરાય. ૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જનનું નિજ જીવતાં જપે લાખ જણ નામ,
ઈશ્વર વિના બને નહિ એવું અદ્‌ભુત કામ. ૪૭

પુનઃ

બ્રાહ્મણને ધરવાં ઘટે કંઠી તિલક નિદાન,
વિષ્ણુરૂપ કહી વિપ્રને દે છે જન સૌ દાન. ૪૮

ટીકા—બ્રાહ્મણને કાંઇ દાન આપતાં એમ કહે છે કે 'विष्णुरूपाय ब्राह्मणाय संप्रददे' એના અર્થ ઉપરથી જણાય છે કે બ્રાહ્મણે તો વિષ્ણુરૂપ જે તુળસીની કંઠી ને ઊર્ધ્વપુંડ્ર તિલકાદિ ધારણ કરવાં પણ ત્રિપુંડ્ર કે વિભૂતિ કરી હોય અને રુદ્રાક્ષની માળા ધારી હોય ત્યારે વિષ્ણુરૂપ કેમ કહેવાય ? એ 'અર્થાપત્તિ-પ્રમાણાલંકાર' છે.

પુનઃ દોહરો

દૂધાધારી આ, જુઓ, કરે નહિ આહાર.
અર્થ થકી સમજાય છે, જીવે દૂધ-આધાર. ૪૯

૧૩. અનુપલબ્ધિ-પ્રમાણ અલંકાર

દોહરા

નથી દીઠું, નથી સાંભળ્યું, નથીનું એ જ પ્રમાણ,
'અનુપલબ્ધિ' એ તો કહે અલંકાર નર જાણ. ૫૦
ઉત્તમ નરપતિનો અયશ નથી જ એવું ધાર,
પ્રમાણ તેનું એહ છે, સુણ્યો ન કોઈ ઠાર. ૫૧

પુનઃ

કૌસ્તુભ મણિ બીજો નથી. તેનું કહું પ્રમાણ;
બીજો નથી દીઠો સુણ્યો, એ ઉપરથી જાણ. ૫૨

પુનઃ કવિત

એક સતસંગી તણો તાત જાત્રા જવા ચાલ્યો,
જુદા જુદા મિત્રે જુદી વસ્તુઓ મગાવી છે;
અષ્ટ અંગ નારી તજે, પૈસાનો પ્રસંગ તજે,
એવા સંત લાવો; વાણી સુપુત્રે સુણાવી છે;

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

તાતે સર્વ તીર્થ જોયાં, ત્યાં જઈ તપાસ કર્યો,
પુત્ર પાસે બધી વાત આવીને બતાવી છે;
સ્વામિનારાયણુ તણા સંપ્રદાય વિના ક્યાંય
એવી સંત તણી રીત નજરે ન આવી છે. ૫૩

## ૧૪. સંભવ–પ્રમાણુ અલંકાર

દોહરા

સંભવ કહિયે તેહનો જેવું વર્ણન થાય,
'સભવ–પ્રમાણ' નામનો અલંકાર કવિ ગાય. ૫૪

મહાપાપી જનનો કદી થાય ખરો ઉદ્ધાર,
સુજનો, તે પણુ સંભવે હરિ–ઇચ્છા–આધાર. ૫૫

પુનઃ

અજામેલ જે ઉદ્ધર્યો, એમાં નથી નવાઈ,
શ્રીહરિ કેરા સ્મરણથી ઉદ્ધરે જ, હે ભાઈ. ૫૬

## ૧૫. ઐતિહ્ય–પ્રમાણુ અલંકાર

સવૈયા

કોઈ તણું નહિ વચન, પણુ અફવા વચન પ્રમાણુ,
એ 'ઐતિહ્ય–પ્રમાણુ' છે, જાણો જનો સુજાણ. ૫૭

ટીકા—જે વચનનો કહેનાર કોઈ નક્કી નહિ પણ લોકમાં ચાલતી વાત હોય તે અફવા કહેવાય, તેનું પ્રમાણ આપવું તે 'ઐતિહ્ય–પ્રમાણાલંકાર.'

દોહરો

ઈંડાં મીંડાં જેહને, કાન તેહને થાન,
તે કહેવત છે લોકની, પ્રમાણુ એહ નિદાન. ૫૮

ટીકા—જે પ્રાણીને કાનને ઠેકાણે મીંડાં છે તેઓ ઇંડાં મૂકે છે અને જેને કાન છે તેને ધવરાવવાને થાન એટલે સ્તન છે એ વચન કોઈ શાસ્ત્રનું નથી કે કોઈ પ્રસિદ્ધ માણસનું નથી, માટે 'ઐતિહ્ય–પ્રમાણાલંકાર' છે.

इति रसवदादि–पंचदशालंकार–निरूपणं द्वितीयं प्रकरणम् ॥ २ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સંસૃષ્ટિ-સંકર અલંકારો

### ૧. સંસૃષ્ટિ અલંકાર

દોહરો

શબ્દાલંકૃતિ બે મળે, બે અર્થાલંકાર,
શબ્દ અર્થ એ બે મળે તે છે ત્રણે પ્રકાર. ૧
મોતી પરવાળાં મળે, પણ તે જુદાં જણાય,
એક એકની ગરજ નહિ, 'સંસૃષ્ટિ' કહેવાય. ૨

### સંસૃષ્ટિ પ્રકાર પહેલો

દોહરો

ધર્માનુજ-પ્રિય ધર્મ-સુત ધર્મ-પ્રવર્ત્તનકાર,
પ્રભુ પરમેશ્વર પૂજ્ય પતિ વંદું વિશ્વાધાર. ૩

ટીકા—એમાં ધર્મ જે યુધિષ્ઠિર, તેના નાના ભાઈ અર્જુન, તેને પ્રિય તે જ પ્રભુ ધર્મદેવના પુત્ર અને એકાંતિક ધર્મ પ્રવર્તાવનારા, એ રીતે 'ધર્મ' શબ્દના ત્રણ અર્થ જુદા થાય માટે 'યમકાલંકાર' છે. અને 'પ્ર પ પૂ પ' એવા અક્ષરો આવ્યા તે 'અનુપ્રાસાલંકાર' છે તેનાં લક્ષણ આગળ કહેવાશે. એ શબ્દાલંકાર મળ્યા તે એવા કે એમાં યમકાલંકાર ન હોત અને એકલા અનુપ્રાસ હોત કે અનુપ્રાસ ન હોત ને યમકાલંકાર હોત તોપણ ખામી જણાત નહિ અને તે બંને અલંકાર સ્પષ્ટ દેખાય છે, કોઇ કોઈનાં અંગ કે અંગી નથી; માટે 'સંસૃષ્ટિ અલંકાર' છે.

### બીજા પ્રકારનો સંસૃષ્ટિ

દોહરો

નીરદ જેવી શ્યામ છબિ તે હરિની સંભાર
ચરણ કમળ-રૂપી ભલાં, કર મન-અલી આગાર. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટીકા—એમાં મેઘ જેવી શ્યામ છબી શ્રીહરિની કહી તે 'ઉપમાલંકાર' છે અને ચરણને કમળરૂપી કહ્યાં તથા મનરૂપી ભમરાને કહ્યું તે 'રૂપકાલંકાર' છે તે બે અલંકાર સ્પષ્ટ દેખાય છે, પણ એકબીજાને સંબંધ નથી; માટે 'સંસૃષ્ટિ અલંકાર' છે.

### ત્રીજા પ્રકારનો સંસૃષ્ટિ

વેતાલીય છંદ

ભમવા ભગવાનને ભજ, અઘકારી અઘકામને તજ;
ભજને ભવ રોગ તો ટળે, સુખપ્રાપ્તિ અતિ જીવને મળે. ૫

ટીકા—એમાં અરધા શ્લોકમાં 'યમક' છે અને અરધામાં 'રૂપકાલંકાર' છે તે બે જુદા જુદા જણાય છે, માટે 'સંસૃષ્ટિ અલંકાર' છે. તે સંકરાલંકારનો પહેલો ભેદ છે.

## ૨. સંકર અલંકાર

દોહરો

જેમ પાણિને પય મળે જુદાં નહિ જણાય,
તેમ અલંકૃતિ બે મળે, 'સંકર' તે કહેવાય. ૬

### અંગાંગીભાવ સંકર

દોહરા

એક અલંકૃતિ અંગ જ્યાં, બીજી અંગી હોય,
તે 'અંગાંગીભાવ' છે, કહે કવિ સૌ કોય. ૭

ઉપકારક તે અંગ છે, અંગી તે ઉપકાર્ય,
અંગી તે તો મુખ્ય છે, અંગ ગૌણ છે ધાર્ય. ૮

જુઓ, મેઘનો નાદ શુભ શંખ થકી ઊપજાય,
રૂપક-અતિશય-ઉક્તિ તે વિભાવના પણ થાય. ૯

ટીકા—એમાં શ્રીજીના કંઠરૂપી શંખમાંથી મેઘના જેવો નાદ થાય છે એ રીતે 'રૂપકાતિશયોક્તિ' અલંકાર છે તે 'વિભાવના'નું અંગ છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને મેઘના જેવો નાદ થવાનું કારણ શંખ નથી માટે ચોથા પ્રકારની 'વિભાવના' થઇ તે અંગી છે; એ રીતે બે અલંકાર મળ્યા તે 'અંગાંગીભાવ સંકરાલંકાર' થયો. એમાં 'રૂપકાતિશયોક્તિ' માંથી 'વિભાવના' થાય છે, માટે તે અંગ-અંગીભાવ છે.

## સમપ્રાધાન્ય સંકરાલંકાર

### દોહરા

બેય અલંકૃતિ મુખ્ય જ્યાં ઉપકારક અન્યોન્ય,
તે તો 'સમપ્રાધાન્ય' છે, જાણો તે જન ધન્ય. ૧૦

ઇંદ્રપ્રસ્થ અવલોકીને ઊપજે અતિ અચંભ,
જેમાં પારસમણિ તણા થળ થળ દીસે થંભ. ૧૧

ટીકા—એમાં જો કવિનો ભાવ સાચેસાચી એવી રિદ્ધિ વખાણવાનો હોય તો 'ઉદાત્તાલંકાર' છે અને જેમ આ હવેલીનાં અગ્ર ચંદ્રમંડળને અડે છે' એવી રીતે પારસમણિના થંભ હોય નહિ, પણ 'અતિશયોક્તિ'-થી વખાણવાનો કવિનો ભાવ હોય તો 'સંબંધાતિશયોક્તિ' છે. એ રીતે, બે અલંકાર મુખ્ય જણાય છે માટે 'સમપ્રાધાન્ય સંકર' છે જ્યારે 'સંબંધાતિશયોક્તિ' કરિયે ત્યારે જ સમૃદ્ધિનું અતિશે વખાણ થાય અને તેમાંથી 'ઉદાત્તાલંકાર' થાય. અને જ્યારે સમૃદ્ધિનું અતિશે વખાણ કરિયે ત્યારે 'ઉદાત્તાલંકાર' થાય અને તેમાંથી 'સંબંધાતિશયોક્તિ' થાય, માટે તે બે અલંકાર એક એકના અંગી છે ને બે સમપ્રાધાન્ય છે. 'લાખ રૂપૈયે શેર તો પારોરનું કેટલું મૂલ?' એ પ્રશ્નમાં પૂછનારનો અભિપ્રાય અમૂલ્ય હીરાકણી વિશે હોય તો તેનો બીજો અર્થ થાય અને બોરડીની કે પીપરની લાખ વિશે પૂછવાનો અભિપ્રાય હોય તો જુદો અર્થ થાય, તેમજ 'ચોથી વિભાવના' ને 'રૂપકાતિશયોક્તિ' એ બેમાં તથા 'ઉદાત્તાલંકાર' ને 'સંબંધાતિશયોક્તિ' માં કવિના મનનો જેવો ભાવ તેવો અલંકાર થાય.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

### સંદેહ-સંકર-અલંકાર

દોહરા

જુદા તે સમજાય નહિ 'એક હશે કે એક,'
એવા જ્યાં સંશય રહે તે 'સંકર-સંદેહ.' ૧૨

વૃષ્ટિ સદા વિજ્ઞાનની કરે પ્રભુ ઘનશ્યામ,
'પરિકર' કે 'પરિકરાંકુર' કિયો હશે આ ઠામ? ૧૩

**ટીકા**—એમાં 'વર્ષાદ જેવા શ્યામ પ્રભુ' કહેતાં પરમેશ્વર એવો અર્થ કરિયે તો 'પરિકરાલંકાર' થાય અને 'પ્રભુ' કહેતાં 'સમર્થ' એવા અને ઘનશ્યામ છે નામ જેનું' એવો અર્થ કરિયે તો 'પરિકરાંકુરાલંકાર' થાય, માટે એમાં 'પરિકરાલંકાર' હશે કે 'પરિકરાંકુરાલંકાર' હશે એવો સંશય રહે છે, માટે 'સંદેહસંકર અલંકાર' છે.

### એક-વાચકાનુપ્રવેશ સંકર-અલંકાર

દોહરો

દીસે વાચક એકમાં બેનો અનુપ્રવેશ,
અલંકાર એ નામનો જાણો એક પ્રદેશ. ૧૪

**ટીકા**—વાચક શબ્દ એકમાં બે અલંકારનો અનુપ્રવેશ થાય કહેતાં એક અલંકારનો પ્રવેશ થયા પછી બીજા અલંકારનો પ્રવેશ થાય તે 'એક-વાચકાનુપ્રવેશ સંકર અલંકાર' કહેવાય.

દોહરો

શેલું વાદળિયું ધર્યું જો શ્રીહરિયે સ્યામ,
એમાં છે 'પૂર્ણોપમા' 'વાચકલુપ્તા' નામ. ૧૫

**ટીકા**—જેમ 'કાકતાલીયં' એ પદ બે ઉપમાનું વાચક છે તેમજ વાદળિયું એ પદ પૂર્ણોપમાનું અને લુપ્તોપમાનું વાચક છે તેમાં તે બે અલંકાર દૂધ-પાણીની રીતે મળીને રહ્યા છે તેમજ શબ્દાલંકાર અને કોઇ અર્થાલંકાર એક જ પદમાં દૂધ-પાણીની પેઠે મળીને રહ્યા હોય તે પણ વાચકાનુપ્રવેશ અલંકાર છે અને જો શબ્દાલંકાર ને અર્થાલંકાર જુદા જુદા પદમાં હોય તો 'સંસૃષ્ટિ અલંકાર' થાય. એકવાચકાનુ-પ્રવેશનું ઉદાહરણ :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈતાલીય છંદ

ખડમાં ખડમાંકડી યથા પદ થાપી પદ ઊર્ધ્વ લે તથા,
તન દિવ્ય અદિવ્યને ભજે, તન આ ત્યું જન તે પછી તજે. ૧૬

ટીકા—એમાં 'શબ્દ અલંકાર' અને 'ઉપમા અલંકાર' દૂધ-પાણીની પેઠે મળી ગયેલા છે. માટે 'એકવાચકાનુપ્રવેશ સંકરાલંકાર' છે.

## વિચિત્ર સંકર-અલંકાર

દોહરો

સંસૃષ્ટિ[1] આદિક જહાં સંકર મળે ઘણાય,
'વિચિત્ર સંકર' નામનો અલંકાર તે થાય. ૧૭

દુમિલિયા છંદ

ઘનસ્યામ ચડયો, ઘનસ્યામ પ્રભુ,
કરુણામય દૃષ્ટિની વૃષ્ટિ કરો.

ટીકા—એમાં 'યમકાલંકાર' તથા 'અનુપ્રાસાલંકાર' છે, માટે 'સંસૃષ્ટિ સંકર' છે. અને 'ઘનશ્યામ' તે સાભિપ્રાય વિશેષણ ધારિયે તો 'પરિકરાલંકાર' છે અને સાભિપ્રાય નામ ધારિયે તો 'પરિકરાંકુરાલંકાર' છે તે બે 'સંદેહ સંકર' છે.

શુભ શંખ થકી ધ્વન નાદ કરો,
વળી વાદળિયું પટ અંગ ધરો.

ટીકા—શંખરૂપી કંઠથી ધ્વનનો નાદ કરો કહ્યું તેમાં 'રૂપકાતિશયોક્તિ' તથા 'ચોથી વિભાવના' તે અંગાંગી ભાવ સંકર છે. 'વાદળિયું પટ ધરો' કહ્યું તેમાં 'વાચકધર્મલુપ્તા' તથા 'કેવળધર્મલુપ્તા અલંકાર' 'એકવાચકાનુપ્રવેશ સંકર' છે.

મણિ માણિક લૂણ ઉતારું મહાપ્રભુ,
પ્રેમ ધરી મનમાંહી ખરો.

૧. આશાધરે 'સંસૃષ્ટિ' પણ એમાં ગણ્યો છે, પણ 'કુવલયાનંદ' માં ગણ્યો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ટીકા**—મણિ માણિક તમારા ઉપર લૂણ ઉતારીને નાંખી દઉં, એમાં 'ઉદાત્તાલંકાર' તથા 'સંબંધાતિશયોક્તિ સમપ્રાધાન્ય સંકર' છે.

ક્ષણ માત્ર છબી નીરખ્યાથી,
અલૌકિક આનંદ થાય ઉરે ઊભરો. ૧૮

**ટીકા**—ક્ષણ માત્ર છબી જોવાથી ચૌદ લોકમાં ન મળે એવો અક્ષરધામના જેવો આનંદનો ઊભરો છાતીમાં થાય છે, એમાં ત્રીજા પ્રકારનો 'વિશેષાલંકાર' તથા નેત્રે જોવાથી છાતીમાં ઊભરો થાય તે 'અસંગતિ અલંકાર' છે; વળી દૂધપાક આદિકના ઊભરાની સ્ફૂર્તિ થાય છે, માટે 'સમાસોક્તિ અલંકાર' છે એ 'અંગાંગીભાવ સંકર' છે. એ રીતે આ છંદમાં ઘણા સંકર અલંકાર છે; માટે 'વિચિત્ર–સંકરાલંકાર' આશાધર ભટ્ટે કહ્યો છે. એમાં નવાં ઉદાહરણ મૂકવાથી ટીકા લાંબી કરવી પડે અને સમજાવવું કઠણ પડે માટે આવી ગયેલાં ઉદાહરણો મૂક્યાં છે.

इति श्रीविहारीलालाचार्यविरचिते अलंकारादर्शे संकरालंकारनिरूपणं नाम तृतीयं प्रकरणम् ॥ ३ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અનુપ્રાસાદિ શબ્દાલંકાર--નિરૂપણ

દોહરા

હીરા મોતીના ભર્યા છે અર્થાલંકાર,
સમજો તેમ સુવર્ણના[1] છે શબ્દાલંકાર. ૧

છે ચિત્રાલંકાર તો રૂપાના રમણીક,
જો તે રચતાં આવડે, અલંકાર છે ઠીક. ૨

ઉત્તમ મધ્યમ ને ત્રીજો કનિષ્ઠ કહિયે તેહ.
થાય ઘણો કિલષ્ટાર્થ તો અધમ જાણવો એહ. ૩

શબ્દયુક્તિમાં ચિત્રમાં રસમય કવિતા હોય,
નહિ કિલષ્ટારથ હોય તો સર્વોપરિ શુભ સોય. ૪

### શબ્દાલંકાર

ગ્રંથોમાંહીં અનેકધા છે શબ્દાલંકાર,
મુખ્ય મુખ્ય તેમાં કહું, છે જે છએ પ્રકાર. ૫

### ૧. સ્ફુટાનુપ્રાસ

દોહરા

પદ-આવૃત્તિ ચરણમાં આદિ મધ્ય કે અંત,
વ્યંજન કે સ્વર-ભેદથી સ્ફુટાવૃત્તિ કહી સંત. ૬

શ્યામ-નામ સુખધામના ચરણ કરણ-ભવ-પાર
ભજ મન, તજ તું વિષયસુખ, અધિક વાર ધરી પ્યાર. ૭

ટીકા—એને ગુજરાતી ભાષામાં 'ઝડ' કહે છે. છેકાનુપ્રાસ આદિક 'કાવ્યપ્રકાશ'માં કહ્યા પ્રમાણે રાખ્યા છે.

### ૨. છેકાનુપ્રાસ

દોહરો

વ્યંજન એક અનેકની એકાવૃત્તિ થાય,
તે 'છેકાનુપ્રાસ' છે, ગુણવંતા કવિ ગાય. ૮

---

૧. સોનાના અથવા સારા અક્ષરોના.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ટીકા**—જેમાં વ્યંજનની આવૃત્તિ હોય તે એવી રીતે કે એક વાર જે વ્યંજનની આવૃત્તિ થઈ ગઇ એ જ વ્યંજનની બીજી વાર આવૃત્તિ ન થાય પણ તેથી જુદા વ્યંજનની થાય, એવી રીતે જુદાં જુદાં ઘણાં વ્યંજનની આવૃત્તિ થાય, તેમાં સ્વર પણ જુદા જુદા હોય તે 'છેકાનુપ્રાસ' છે.

હરિ હીરા બાંધે ખુધો, શુભ શોભે તન તેનું,
તે 'છેકાનુપ્રાસ' છે, અધિક મૂલ્ય છે એનું. ૯

**ટીકા**—એમાં હકાર બે વાર આવ્યો પણ તેમાં સ્વર જુદા છે તેમજ રકારમાં પણ જુદા સ્વર છે તે બે વ્યંજનની એકવાર આવૃત્તિ થઇ તેની બીજી આવૃત્તિ થાય નહિ, એ રીતે એક પછી એક બીજા વ્યંજનોની આવૃત્તિ થાય તે 'છેકાનુપ્રાસ' છે. ભાષામાં તેને 'અક્ષર-સગાઈ' કહે છે.

### ૩. વૃત્ત્યનુપ્રાસ

દોહરા

એક વ્યંજનાવૃત્તિ કે બહુ કેરી બહુ વાર,
'વૃત્ત્યનુપ્રાસ' કહે કવિ, એના ભેદ અપાર. ૧૦

ધારાધર પ્રેર્યો ખરો, હર્યો સુરેશ્વર ક્રૂર;
હરિવર કર ધાર્યો ગિરિ, ડર્યો પુરંદર ઉર. ૧૧

કેમ કરે કુળજન કદી કુકર્મ કેરું કામ ?
દૂર રહે દિલ દોષથી દેખી દુઃખનું ધામ. ૧૨

**ટીકા**—પહેલા દોહરામાં 'ર' વ્યંજન ઘણીવાર આવે છે અને બીજા અર્ધા દોહરામાં 'ક' ઘણી વાર આવે છે અને અર્ધામાં 'દ' વ્યંજન બહુ આવે છે, માટે તે બધાં 'વૃત્ત્યનુપ્રાસ'નાં ઉદાહરણ છે. દેશી ભાષાને મતે 'છેકાનુપ્રાસ' તથા 'વૃત્ત્યનુપ્રાસ'માં 'અક્ષર-સગાઇ' છે; એના બીજા ભેદ ઘણા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ૪. લાટાનુપ્રાસ

દોહરા

શબ્દ તણી આવૃત્તિમાં અર્થ એક જ્યાં હોય,
છે ' લાટાનુપ્રાસ ' તે, કહે કવિ સૌ કોય. ૧૩
કમળ ચરણ ને કમળ કર કમળ વદન કહેવાય,
એવા શ્રીહરિકૃષ્ણનું ધ્યાન ધરે મુનિરાય. ૧૪

( આને ભાષામાં ' યમક ' પણ કહે છે. )

## ૫. અંત્યાનુપ્રાસ

ચરણ–અંત અનુપ્રાસ તે છે ' અંત્યાનુપ્રાસ; '
' ભારતીભૂષણ ' આદિમાં પ્રસિદ્ધ છે જ પ્રકાશ. ૧૫

ટીકા—લખનારમાં છપાયેલા શ્રીગિરિધરદાસ-કૃત ' ભારતીભૂષણ ' ગ્રંથમાં તથા હરિચરણદાસકૃત ' ચમત્કારચંદ્રિકા ' માં આ અનુપ્રાસ લખેલો છે, તેની પ્રવૃત્તિ સંસ્કૃત કાવ્યમાં થોડી છે પણ ભરતખંડના દેશોની ભાષામાં તો તે વિના ચાલે જ નહિ.

માલતી છંદ

સદા ઘનશ્યામ જપો શુભ નામ,
મહા સુખકાર કરે ભવ પાર. ૧૬

ટીકા—વેદ ઉત્તમ ગણાય છે પણ તેની ભાષા તથા તેના લઘુ ગુરુ અક્ષરના નિયમ વગરના ત્રિપદાદિક છંદોના નિયમ પ્રમાણે આજ કોઇ સંસ્કૃત કવિ કવિતા કરે તો તે પ્રમાણ થાય નહિ, કેમકે વેદના છંદોના નિયમ ને સંસ્કૃત છંદોના નિયમ જુદા છે. વેદના છંદોમાં લઘુ ગુરુનો નિયમ નથી તેથી કિયા અક્ષર ઉપર ભાર મૂકવો તેને વાસ્તે સ્વરની નિશાનિયો કરવી પડે છે, એમ જ સંસ્કૃત છંદો કરતાં ભાષાના કેટલાએક છંદો જુદા છે તથા ભાષાની કવિતાના કેટલાએક નિયમ પણ જુદા છે. ભાષામાં ચરણને છેડે અનુપ્રાસ ન હોય તો પીતના રોગવાળાનાં આંગળાં ખરી પડયાં હોય એવી તે કવિતા લાગે. કહ્યું છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપજાતિ વૃત્ત

પાદાંતના પ્રાસ વિનાની મીઠી,
કદાપિ દેશી કવિતા ન દીઠી.
શું પાવ તારા પતથી સડયા છે?
પાદાંતના પ્રાસ ખરી પડયા છે? ૧૭

૬. યમક

દોહરો

શબ્દ તણી આવૃત્તિમાં જુદા અર્થ જણાય,
તે શબ્દાલંકારમાં 'યમક' નામ કહેવાય. ૧૮

ટીકા--એક ભગવાં લૂગડાંવાળો બાવો ઘરબારી થવા ચહાતો હતો તેને એક ખરા સંતે ઉપદેશ કર્યો કે

દોહરો

ભગવા, ભજ ભગવાનને, વિષસમ વિષય વિસાર;
ભવન કર્યાથી નહિ મળે ભવસાગરનો પાર. ૧૯

ટીકા--એમાં 'ભગવા' 'ભગવા' 'વિષ' વિષ' 'ભવ' 'ભવ' એવા શબ્દો બબ્બે વાર આવ્યા તેના અર્થ જુદા જુદા થાય છે માટે 'યમકાલંકાર' છે. વળી 'સવ્યપેત યમક' 'અવ્યપેત યમક' તથા 'મહાયમક' આદિક 'યમક'ના પણ અનેક ભેદ 'કવિપ્રિયા'માં તથા 'કાવ્યપ્રકાશાદિક'માં છે તે ગ્રંથ મોટો થઈ જાય માટે અમે લખતા નથી.

इति श्रीशब्दालंकारप्रकरणम ॥ ४ ॥

## ચિત્રાલંકાર

દોહરો

કમળ-પ્રબંધાદિક બહુ તથા ગતાગત થાય,
ઇત્યાદિક બહુ ભેદ છે, વળી નવા કલ્પાય. ૨૦

### બહુદળ-કમળ-પ્રબંધ

દોહરા

વાર વાર ઉર ધાર નર, સુરનર ડર હરનાર,
તારનાર પર પ્યાર કર, પરહર પર પર પ્યાર. ૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ દોહરો 'અશ્વગતિમાં' 'ગોમૂત્રિકા'માં તથા 'કપાટ-પ્રબંધ'માં પણ વંચાય છે.[2]

* * * * *

[ નોંધઃ—અહીં ૨૨મી કડીથી ૨૮મી સુધીની કડીઓનું પાનું છાપેલી પુસ્તિકામાં નષ્ટ થયું છે. બીજે તપાસ કરતાં નકલ મળી શકી નથી, તેથી આટલું ખંડિત થાય છે. —સંપાદક ].

* * * * *

ભૂલ ચૂક ભાળો કહીં, હૃદય ન ધરશો રોષ;
સાક્ષર જનો સુધારજો ક્ષમા કરી મુજ દોષ. ૨૯
ઉદ્દવ-મત-આચાર્ય જે ભગવત્પ્રસાદ-બાળ,
જય શ્રીસહજાનંદની વદે વિહારીલાલ. ૩૦

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ધામી અક્ષર ધામના પ્રભુ બહુનામી કૃપાવાન છે,
જેનું શંકર શેષ આદિ સુર સૌ ધારે સદા ધ્યાન છે;
કીધાં પ્રૌઢ પરાક્રમો કળિ વિશે માનુષ્ય-કાયા ધરી,
તે સર્વે સતસંગીને સુખ તથા શાંતિ કરો, હે હરિ. ૩૧

इति श्रीविहारीलालाचार्यविरचितः अलंकारादर्शग्रंथः समाप्तः ॥

ગીતિ

તપાસી ત્ર્યંબક-તનુજે ભારત-કવિતા ગણાધિપે જેમ,
**ત્ર્યંબક-સુત શાસ્ત્રીએ બદરીનાથે**[2] તપાસી આ તેમ. ૧

---

૧. ગાયકવાડ સરકારના મુખ્ય શાસ્ત્રી

૨. અહીં મૂળ ગ્રંથમાં કમળ-પ્રબંધ, અશ્વગતિ, ગોમૂત્રિકા, કપાટ-પ્રબંધ વગેરેમાં આ દોહરાને ગોઠવી બતાવવામાં આવ્યો છે. હવે એ રચનાનું કોઈ મહત્ત્વ નથી, એટલે અહીં આકાર આપ્યા નથી. જોવાની ઇચ્છાવાળાએ 'દલપતકાવ્ય ભાગ ૧-૨'માં ત્યાં ત્યાં આવતાં આવા ચિત્રબંધ જોઈ જવા વિનંતિ છે. —સંપાદક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust